પ્રકાશક : ▼ પ્રાપ્તિસ્થળ :

ડૉ. ઉમરશી પુનશી દેઢીઆ
એમ. બી. બી. એસ.
C/o શ્રી વાસુપૂજ્યસ્વામી જિનાલય,
અંજાર (કચ્છ).



 **અધ્યાપકોને** 

"અધ્યયન પદ્ધતિ" વિષે પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજ સાહેબે લખેલ માહિતીપૂર્ણ નિબંધ પ્રકાશકને પત્ર લખવાથી ફ્રી મોકલવામાં આવશે. આ પુસ્તકનું અધ્યયન સરળતાથી કરાવી શકાય તેની સુંદર સમજણ તેમાં આપવામાં આવી છે.



પ્રથમાવૃત્તિ : નકલ ૧૦,૦૦૦
કારતક શુદ ૫, શુક્રવાર વીર સંવત ૨૪૯૧ : વિક્રમ સંવત ૨૦૨૧



આ પુસ્તક દરેક જૈન પુસ્તક વિક્રેતાને ત્યાં પણ મળી શકશે.



: મુદ્રક :
૧ થી ૧૨૮ પાના મયૂર આર્ટ પ્રિન્ટરી, ડીસા અને બાકીના
[illegible] પ્રિન્ટિંગ પ્રેસ, ડીસા (બનાસકાંઠા)



સુખપૃષ્ટ ચિત્ર પરિચય

ડગલે અને પગલે આપણી સામે એકજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે : "આપણે દુખમાંથી મુકિત મેળવી જલ્દી સુખી કેમ થઇએ ?"

સાધનસંપન્ન ધનિકથી માંડી સાધનહીન ગરીબ, તથા નાનાથી કરી મોટાને, કોઇ ને કોઈ પ્રકારનું **દુઃખ** સતાવીજ રહ્યું છે પરંતુ એ દુઃખ આવ્યુ કયાંથી અને એમાથી મુકત થવાય કેમ ? એની **જીવને** ખબર નથી જેથી પોતેજ કલ્પેલા સુખ-પ્રાપ્તિના માર્ગે દોડી અંતે પરિણામમાં "**નિરાશા**" જ મેળવે છે કારણ .. ..? માર્ગ **ખોટો** છે

શ્રી વીતરાગ પરમાત્માએ પોતાના કરૂણાભરપુર હૃદયમાથી અમૃત જેવી મધુરી વાણી વડે સ્પષ્ટ રીતે જ શાશ્વત્ સુખનો માર્ગ બતાવેલ છે. એમણે ઉપદેશેલા નવ તત્ત્વોના અધ્યયન – મનન વડે સાચા સુખનો **રાજમાર્ગ** મળી જાય છે.

બંદીખાનાના સળીઆ જેવા ચાર ચાર તત્ત્વો "**જીવ**" ને બંધનમાં "પકડી" રાખે છે, (૧) **અજીવ** (પરિગ્રહ આદિ), (૨) **પાપ**. (૩) **આશ્રવ** અને (૪) **બંધ**. મોક્ષમાર્ગના ભોમીઆ જેવું **પુણ્ય** તત્ત્વ એ સોનાની બેડી જેવું તો ખરૂં જ, પણ એ આખરે તો બંધનરૂપજ છે, અને એનો અંત ક્ષય કરવોજ પડે છે અમૃતના બે બિંદુ સમાન **સંવર** અને **નિર્જરા** આ બે તત્ત્વો વડે જીવને મોક્ષ રૂપી શાશ્વત્ સુખની પ્રાપ્તિ થાય છે

માટે પ્રત્યેક ઉત્સાહપૂર્વક આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી એને ક્રિયામા મુકવા [illegible]

સંસાર અટવી !

દુઃખમય અને ભયાનક સંસાર અટવીને સહેલાઈથી પાર કરવા માટે—

વિનય રૂપી દીપક,

નમ્રતા રૂપી ઢાલ અને

વિવેક રૂપી લાકડી

વડે સજ્જ થઈ જાવ. આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એ માટે તમને ખૂબ જ સહાયક થઈ પડશે. ધીરજ અને ખંતથી અભ્યાસ શરૂ કરો.







સર્વ ચિંતાઓનો સરળ ઉપાય !

આધિ, વ્યાધિ, અને ઉપાધિનું પોટલું એટલું બધું ભારે છે કે પગ પણ નમી જાય છે !

એમાંથી મુક્ત થવાનો કંઈ ઉપાય ?

હા. ...પોટલું દૂર કરો અને દેવ, ગુરૂ, ધર્મના ત્રિવેણી સંગમ જેવા શ્રી સિદ્ધચક્ર ભગવાનને શરણે આવી જાઓ એટલે બસ.

ઓળખાણ

આપવાની શક્તિ જેનામાં છે નહિ તે પદાર્થોની પૂજા કરવી કે પ્રશંસા કરવી અથવા પ્રાપ્ત કરવા મિથ્યા પ્રયત્ન કરવો તે રત્નત્રયીની વિરાધનાનો જ એક પ્રકાર છે.

કુટિલ કર્મસત્તાએ જેના ઉપર કબજો જમાવ્યો છે તે આત્મધનને, આપણે આપણું કઇ રીતે બનાવી શકીએ તેનો સચોટ ઉપાય **"તત્ત્વજ્ઞાન પ્રવેશિકા"** નામે આ ગ્રન્થ આપણને બતાવે છે. સાચા કલ્યાણમિત્ર શા આ ગ્રન્થ ઉપર ગંભીરતાપૂર્વક ચિંતન કરવાથી આપણને આપણા સાચા સ્વરૂપને જાણવાનો તેમ જ તે સિદ્ધ કરવાનો રાજમાર્ગ જરૂર જડશે તેમ જ સુખ-શાન્તિ માટે બહાર ફાંફા મારવાની અવિદ્યાજન્ય વૃત્તિ ઉપર અવશ્ય અંકુશ સ્થપાશે.

અનાદિકાલીન અવિદ્યાને વશ થઇને, સુખ-શાન્તિ માટે પર પદાર્થોમાં લપટાવું તેમ જ બહિર્મુખતા વધારવી તે શું પ્રગતિવાંચ્છુ પ્રજાનું લક્ષણ ગણાય ? હરગીઝ નહિ.

કૂદકે ને ભૂસકે આગળ વધી રહેલા વિજ્ઞાનના ચરણ ચૂમવાથી પણ, સુખ-શાન્તિ આપણા નહિ બને. "આપણા એટલે આપણા પોતાના જ અંગભૂત." જેવી રીતે આપણા શરીરના ભિન્ન ભિન્ન અવયવોને આપણે આપણા કહીએ અને વાસ્તવમા પણ જે આપણા અંગભૂત છે તે જ રીતે સાચું સુખ તેમ જ શાન્તિ આપણા અંગભૂત ન બને ત્યાં સુધી આપણે 'સુખી' ન બની શકીએ.

આજે આપણે જ્યારે છાપામાં વાંચીએ છીએ કે અમેરિકા તથા રશિયાના વૈજ્ઞાનિકો ચન્દ્ર ઉપર ઉતરાણ કરવાની દિશામાં ખૂબ જ આગળ વધી ગયા છે ત્યારે ઘણાખરા માણસો આશ્ચર્યચકિત બની જાય છે; પરંતુ તેમા ખરેખર આશ્ચર્યચકિત થવા જેવું છે ખરૂં કે ? **અવકાશ** ઉપર વિજય મેળવવો ચઢેલો છે કે **મન** ઉપર વિજય મેળવી, કર્મ-મળ દૂર કરી, શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવું તે ચઢેલ છે ? અવકાશ ઉપરના વિજયથી આપણા આત્માને કોઈ લાભ ખરો કે ? એનાથી સમય, શક્તિ અને પૈસાની બરબાદી થાય અને અભિમાનની માત્રા વધે તે સિવાય બીજું કાંઈ સાધી શકાય ખરૂ કે ?

ખરૂં પરાક્રમ મનને જીતવામાં છે. આત્માના ઢંકાઇ ગએલા ગુણોને પ્રગટાવવામા છે ચાર ગતિના ચક્રને ભેદવામા છે.

આવું ક્યારે બને ?

[illegible] સમ્યગ્ દર્શન [illegible] થાય. આપણામાં સાચો નમસ્કાર-[illegible] અને [illegible] પણ [illegible]. તેમ જ [illegible] શક્તિનો ઉપયોગ વધતો જ રહે ત્યારે જ....

[illegible]

ધર્મની રુચિવાળા જૈનેતર ભાઇ-બહેનોને કેવળી પ્રણીત ધર્મના ઉપકારક રહસ્યો સમજવા-સમજાવવામાં આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થઇ પડશે. ઘણા જૈનેતરોને જૈનધર્મ પ્રત્યે આકર્ષણ થતા એના વિષે જાણવાની ઉત્કંઠા થાય છે. આપણે આ પુસ્તક એમના હાથમાં મૂકીશું તો એના અભ્યાસથી એમની ઉત્કંઠા સંતોષાશે એટલુ જ નહિ, પરંતુ જૈનદર્શનમાં કેટલી બધી સ્પષ્ટતા, સૂક્ષ્મતા અને સંપૂર્ણતા છે તેની તેમને ખાત્રી થયા વિના નહિ રહે.

પાંચસો-પાંચસો સમર્થ શિષ્યોના ગુરૂ ઇન્દ્રભૂતિ ગૌતમ, વાયુભૂતિ ગૌતમ અને અગ્નિભૂતિ ગૌતમ મહાન વિદ્વાન બ્રાહ્મણ હતા અને યજ્ઞાદિ ક્રિયાકાંડમાં સદા તત્પર રહેતા હતા. તેમ છતાં જ્યારે પરમ તારક શ્રી મહાવીર પ્રભુજીએ એમના મનમાના સંદેહો સર્વથા દૂર કર્યા ત્યારે તેઓએ ઉલ્લાસપૂર્વક શ્રી મહાવીર પ્રભુજી પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને તેમાય શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમ તો શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીજીના પ્રથમ ગણધર બન્યા કહો ! તત્ત્વજ્ઞાનના તેજે એ બાંધવોના જીવનમાં કેવું અજબ અજવાળું ફેલાવી દીધું ? એ તત્ત્વજ્ઞાનના પાનની પ્રબળ પ્રેરણા હૈયામા પ્રગટાવવા માટે આ પુસ્તક એક અજોડ ઔષધની ગરજ સારશે.

અંજાર શ્રી સંઘના પુણ્યોદયે, કચ્છ વાગડ દેશોદ્ધારક સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકસૂરિજી મ. સાહેબના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિનુ વિ. સં. ૨૦૨૩નુ ચાતુર્માસ નક્કી થતા શ્રી સંઘમા ખૂબ જ આનંદ વર્તાઈ રહ્યો : તેઓશ્રીનો પ્રવેશ જેઠ સુદ દશમના શુભ દિવસે થયો, વળી સોનામા સુગંધ ભળે, દૂધમાં સાકર ભળે એવુ જ કઈક, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજ સાહેબના શિષ્ય, પૂજ્ય મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજે, જેઠ સુદ પુનમને ગુરૂવારના માંગલિક દિવસથી પૂ. આચાર્ય મ.ની પ્રેરણાથી તત્ત્વજ્ઞાનનો વર્ગ શરૂ કરતા બની ગયુ.

જૈનધર્માનુયાયી હોવા છતા અમોને નવતત્ત્વોના અભ્યાસની તક જીવનમા મળી નહોતી, તે આ વર્ગમા જોડાતા મળી અને જેમ જેમ અભ્યાસ આગળ ચાલતો ગયો તેમ તેમ દિવ્ય આનંદ, સમજો કે અમૃત જેવો કંઈક આસ્વાદ અનુભવવા લાગ્યા અને થયુ કે આ જ્ઞાનનો લાભ અન્ય ભાઈ-બહેનોને મળે તો તેઓને પણ અપૂર્વ આનંદ થાય

પૂજ્ય શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજશ્રીની સમજાવવાની કળા પણ અનોખી હતી [illegible] વર્ગમાં પહેલ વિદ્યાર્થીઓ [illegible] નો પ્રથમ, પૂજ્યશ્રીએ આપેલ પાઠ [illegible] વિદ્યાર્થી [illegible] હતો અને પછી વારાફરતી સાથે [illegible] વિદ્યાર્થીઓ પાઠ મુખપાઠ કરતા અને બીજા બધાય સાંભળતા. એમ

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વિદ્યાર્થીઓને તત્ત્વનું જ્ઞાન આપતી વખતે આ ચિત્રો ખરેખર ખૂબ જ સહાયક નીવડશે તેમ જ તત્ત્વની વાત વિદ્યાર્થીઓના હૃદયમાં ઉતારવાની સરળતા અધ્યાપક બંધુઓને મળી જશે. અધ્યાપકો અધ્યયન કરાવતી વખતે તત્ત્વજ્ઞાનના વિષયોનુ વર્ણન. આપણા જૈનકથા સાહિત્યમાંથી દૃષ્ટાન્ત સહિત વર્ણન કરશે તો બાળકો ઉપર વિશેષ પ્રભાવ પડશે. અને એ છાપ દૃષ્ટાન્તના બળ વડે એમની સ્મૃતિમાં કાયમી સ્થિર બની રહી, પ્રેરણાત્મક કામ કરશે. દા. ત. સુપાત્રે દાનથી થતો લાભ-શાલિભદ્રજીના દૃષ્ટાન્તથી, મોહનીય કર્મની વિચિત્રતા ઇલાચીકુમારના દૃષ્ટાન્તથી ઇત્યાદિ.

નાના-નાના ગામડાઓમાં કે જ્યાં પાઠશાળાનો જોગ ન હોય ત્યા સુશિક્ષિત ભાઈઓ તેમ જ પૂજ્ય સાધુ ભગવંતો અને સાધ્વીજી મહારાજો પોતાની સ્થિરતા દરમ્યાન નાના-મોટા અનેક પાત્ર આત્માઓમા સ્વપર શ્રેયસ્કર આ તત્ત્વજ્ઞાનનો દિવ્ય પ્રકાશ ફેલાવી શકશે અને ઉત્કૃષ્ટ પ્રકારની એ પ્રવૃત્તિ દ્વારા શ્રી જૈનશાસનની ગૌરવગાથાને જીવંત રાખવામા સહાયક બની શકશે.

આપણને કોઇ કહે છે કે અમુક ઠેકાણે કિંમતી રત્નોની ખાણ છે તો તે સાંભળીને આપણે તરત જ તેને મેળવવા માટે પ્રયત્નશીલ બનીએ છીએ, ભૂખ-ઉજાગરા તેમ જ શ્રમને પણ ભૂલી જઈએ છીએ તેમ દશ દૃષ્ટાન્તે દુર્લભ મનુષ્ય જીવનના મર્યાદિત કાળમા જો આત્માને ખરેખર સુખી તેમ જ સમૃદ્ધ બનાવવો હોય તો શ્રી વીતરાગ પરમાત્માએ પ્રકાશેલા તત્ત્વજ્ઞાનનો જે અણમોલ ખજાનો આગમોરૂપી તિજોરીમાં સંગ્રહાયેલો છે તેને ખોલનારી ચાવી આપણે મેળવવી જ પડે. આ પુસ્તક તે ચાવીરૂપ છે ચાવી મળ્યા પછી તેના ઉપયોગની કળામાં આપણે કુશળતા હાંસલ કરી શકીશું તો આગમોમાંના અણમોલ ખજાનાને આપણે સ્વાધીન બનાવી શકીશું.


મન્ત્ર, મણિ ને ઔષધના બાહ્ય કદ પ્રાયઃ નાના હોય છે, તેમ મોટા મહાલયોની ચાવીઓ પણ નાની હોય છે તેમ આ પુસ્તક નાનુ (દેખાવમા) હોવા છતા પણ તત્ત્વજ્ઞાનથી ભરેલા આગમોના રહસ્યોને ખોલવા માટેના અજોડ સાધનરૂપ છે તેના અભ્યાસ તેમ જ મનનથી ભાગ્યશાળીઓને શ્રી વીતરાગદેવ પ્રરૂપિત જીવનની ખરી લગની લાગશે અને વિષય-કષાયરૂપ સંસારમાં મળેલા ભવ તે અસાર નરકરૂપ પ્રતીત થશે માટે વહાલા ધર્માનુરાગીઓને પ્રાર્થના કરીએ છીએ કે નાના મોટા પણ સૌ કોઈ આ પુસ્તકના પદાર્થોને કંઠસ્થ કરવા ઉદ્યમી બને અને એ મુજબનું આચરણ શરૂ કરી જેને માટે દેવો પણ સદાય ઝંખના કરતા હોય છે તેવા અપૂર્વ સુઅવસરે મળેલ મોંઘેરા મનુષ્યભવ સફળ કરીએ.

આ પુસ્તકના પ્રકાશનમાં નવાડીસાના ભાઇશ્રી મફતલાલ અમુલખ સંઘવીનો સહકાર પણ અમને ખૂબ જ સહાયકર્તા નીવડ્યો છે. અન્ય અનેક પુણ્યાત્માઓએ પણ પુસ્તકના દેહઘડતર દરમ્યાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાય કરી છે તેમનો પણ આભાર અહિં માનીએ છીએ. પુસ્તકના પ્રકાશનનો અમારો આ પ્રથમ જ પ્રયત્ન છે. એટલે જે જે ક્ષતિઓ દેખાય તે માટે વાંચકો ઉદારભાવે ક્ષમા કરે.

સુંદર બ્લોકો કરી આપવા બદલ રવિ પ્રોસેસ સ્ટુડીઓવાળા શ્રી રમણભાઇ-અમદાવાદનો પણ ખૂબ આભારી છું. સુંદર ચિત્રો માટે અંજારના શ્રી મોસીનભાઇ તથા લેદા માસ્તર સાહેબનો પણ આભાર માનુ છું.

અંજાર-કચ્છ.
અશાડ સુદ ૧૧, સંવત ૨૦૨૫
શુક્રવાર,
તા. ૨૫-૭-૬૯

લી૦
ડૉ. ઉમરશી પુનશી દેઢીઆ
શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ.



卐 अनुक्रमणिका 卐

પરિશિષ્ટ

ચિત્રોની યાદી



કેટલા હોર્સ પાવર ?

૧૨ શૂરવીર યોદ્ધાનુ બળ=૧ આખલામા.
૧૦ આખલાનુ બળ=૧ ઘોડાનુ બળ.
૧૨ ઘોડાનુ બળ=૧ પાડાનુ બળ
૫૦ પાડાનુ બળ=૧ હાથીનુ બળ.
૫૦૦ હાથીનુ બળ=૧ સિંહનુ બળ.
૨૦૦૦ સિંહનુ બળ=૧ અષ્ટાપદનુ બળ.
(એક પ્રકારનુ આઠ પગવાળું પ્રાણી)
૧૦,૦૦૦૦૦ અષ્ટાપદનુ બળ=૧ બળદેવમાં બળ હોય.
૨ બળદેવનુ બળ=૧ વાસુદેવમા બળ હોય
૨ વાસુદેવનુ બળ=૧ ચક્રવર્તીમાં બળ હોય.
૧,૦૦૦૦૦ ચક્રીનુ બળ=૧ નાગલોકના અધિપતિમાં=ધરણેન્દ્રમા.
૧ ક્રોડ નાગાધિપતિનુ બળ=૧ ઇંદ્રમા (વૈમાનિકના)
અનંત ઇંદ્રનુ બળ=શ્રી તીર્થંકર ભગવાનની એક અંગુલીમા હોય છે.
(કલ્પસૂત્ર, બાલાવબોધ પાનુ ૮૧)

શ્રી તીર્થંકર ભગવાનની એક અગુલી માત્રમા આટલુ બળ હોય તો સર્વાંગની બળગણત્રી "કેટલા હોર્સ પાવર" હશે તેની ગણત્રી આજનો વિજ્ઞાની કરી શકશે ખરો ?

શ્રી તીર્થંકર ભગવંતનું અદ્ભુત રૂપ

સામાન્ય રાજાથી અધિકરૂપ મંડલિક રાજામા.
તેથી „ બળદેવમા
તેથી „ વાસુદેવમા.
તેથી „ ચક્રવર્તીમા.
તેથી „ વ્યંતર દેવનુ.
તેથી „ ભવનપતિના દેવનુ.
તેથી „ જ્યોતિષી દેવનુ.
તેથી „ વૈમાનિક દેવલોક ૧નુ
તેથી „ „ „ ૨નુ
એમ ક્રમશઃ ૩થી ૧૨ સુધી ઉત્તરોત્તર અધિક સમજવુ
તેથી અધિક રૂપ ગ્રૈવેયક નવ ઉત્તરોત્તર અધિક.
તેથી „ અનુત્તર દેવોનુ.
અનુત્તર દેવોથી અધિક રૂપ આહારક શરીરનુ.
તેથી અધિક રૂપ ગણધર ભગવંતનુ.
તેથી અધિક રૂપ શ્રી તીર્થંકર ભગવાનનું.

—શ્રી. લલિતવિસ્તરા.

આ પુસ્તકનું વાંચન શરૂ કરો તે પહેલાં

[illegible]

પૃષ્ઠ નં.	પંક્તિ નં.	અશુદ્ધ	શુદ્ધ કરીને ઉમેરો
૨૪	૧૩	"અન્ન ઉપર રાગ પણ હોય અને"	"અન્ન ઉપર રાગ પણ ન હોય અને"....
૨૫	૧૦	સમકિતની પ્રાપ્તિ ન થવા દે	એના પછી ઉમેરો "યા પ્રાપ્તનો નાશ કરે".
૨૭	જ્યાં જ્યાં	અપ્રત્યાખ્યા નિય— પ્રત્યાખ્યા નિય	ત્યા ત્યાં અપ્રત્યાખ્યા **નીય**-પ્રત્યાખ્યા **નીય**
૨૯	૩	ત્રસ દસક	ત્રસ દશક
,,	૪	સ્થાવર દસક	સ્થાવર દશક
,,	છેલ્લેથી ૪	લેવા-મૂકવાની શકિત	લેવા-મૂકવાની ક્રિયા
,,	છેલ્લેથી ૨	ત્રણે જગતમાં પુજ્ય બને છે	પૂજ્ય તીર્થંકર બને છે.
૩૦	૧૩	(૭) સુભગ-"ઉપર ઉપકાર ન કરતો"	"ઉપર ઉપકાર કરતો યા ન કરતો"
,,	૧૯	સ્થાવરઃ-"સ્થાવરપણું-હાલી ચાલી ન શકે"	સ્થાવરપણુ-સ્વેચ્છાએ હાલીચાલી ન શકે...."
૩૧	૧	(૪)સાધારણ: અનંતા જીવો રહે	અનતા જીવોની સાથે રહેવાનુ મળે.
૩૨	૧૩	બંધન : વ્યાખ્યામાં (લોખંડની જેમ)	ત્યા વાંચો, "જેમ લાખ બે કાષ્ટનો સંબંધ કરે તેમ."
૩૩	૩	શરીર-"પાચ પ્રકારના શરીરોની પ્રાપ્તિ થાય તે શરીર"	ત્યાં વાંચો, "પાંચમાના કોઇ પ્રકારના શરીરની પ્રાપ્તિ થાય તે શરીર"
,,	૧૦	તૈજસ્ :-"જીવ સાથે રહેલ તૈજસ્..."	"જીવ સાથે ચાલી આવતો નવા નવા તૈજસ દ્રવ્યોનો સમૂહ ..."
,,	૧૪	કાર્મણ-વ્યાખ્યામા ઉમેરો ...	મૃત્યુ બાદ તૈજસ્ અને કાર્મણ શરીર સહીત જીવ પરભવે જાય છે.
૩૪	૧	સંઘાતન-વ્યાખ્યામા ઉમેરો....	પુદ્ગલને તેના તેના વર્ગમા જે એકઠા કરે તે.
,,	૧૫ અને ૧૭	છેવટ્ઠું	છેવટ્ઠુ
૩૫	૧	કુબ્જ સંસ્થાનઃ ઉમેરો	પેટ, માથું, છાતી વિગેરે સારા, બાકીના અશુભ અંગો મળે.
,,	૨	વામન સંસ્થાન ઉમેરો	હાથ, પગ વિ. સારા. બાકીના માથું. છાતી વિ. અશુભ મળે

પૃષ્ઠ નં.	પંક્તિ નં.	અશુદ્ધ	શુદ્ધ કરીને ઉમેરો
૬૦	પ્રશ્ન ૨	પ્રકૃતિઓ	પ્રવૃત્તિઓ
,,	,, ૮	અલેચક	અચેલક
,,	,, ૧૧	પરિહાર વિશુદ્ધ	પરિહાર વિશુદ્ધિ
૬૩	૧	તપ વ્યાખ્યામાં વાંચો	ઇચ્છા નિરોધ એજ તપ.
,,	૨	△અનશન . શરૂમાં ઉમેરો	શાસ્ત્રની આજ્ઞા મુજબ આહારનો
,,	૪	ઉણોદરી : છેલ્લે ઉમેરો	અને કષાય ઓછા કરવા તે ભાવ ઉણોદરી.
,,	છેલ્લી	સંલીનતા છેલ્લે ઉમેરો	કષાય રોકવા તે ભાવ સંલીનતા.
૬૫	૨	જીવન પર ખડકાતા	.. ખડકાયેલા
,,	૨૦	"અનુક્રમે સામર્થ્ય સાધકમાં" પછી	વાંચો અનુક્રમે. નીચેની લીટીમાં "અનુક્રમે" છેકી નાખો.
,,	૨૧	ત્યારે કાયાનો સર્વથા	ત્યારે કાયયોગનો સર્વથા
૬૬	છેલ્લેથી ૫	જે સ્વાભાવ તે	જે સ્વભાવ નક્કી થવો તે.
,,	છેલ્લી	ટકવાનો જે કાળ તે	ટકવાનો જે કાળ નક્કી થવો તે.
૬૭	૧	રસબંધ કર્મના રસની	કર્મના ફળના રસની
૬૮	૬	શરીરની પણ અંદર રહેલા	શરીરની અંદર રહેલા જીવ સાથે પણ
,,	૨૬	અનુભાગબંધ. કાળમર્યાદા સુધી	કાળમર્યાદા પાકવાથી પોતાના
૬૯	છેલ્લેથી ૬	મિત્રો ! સંસાર જીવનની	મિત્રો ! સંસારી જીવનની
,,	,, ૨	કાલે નહિ, આજે જ	કાલે નહિ પણ આજે જ
૭૧ ચિત્રપરિચય	૩	સંકાશ	સકાશ
,,	૧૦	કારણ કે તે એક પદવાળું	કારણ કે તે વ્યુત્પત્તિયુક્ત એકપદવાળું
,,	૧૫	સત્પદપ્રરૂપણા છેલ્લે ઉમેરો	ડિત્થ-ડવિત્થ જો એક પદ છે પણ વ્યુત્પત્તિશૂન્ય હોવાથી નિરર્થક છે.
૭૨	૨૧	[૮] ભાવ પ્રકારના "છે "જીવ નામ'	જીવન્ત હોય છે.
૭૩	૨૨	[illegible] આસ્વાદન,	[illegible]

પૃષ્ઠ નં.	પંક્તિ નં.	અશુદ્ધ	શુદ્ધ કરીને ઉમેરો
૯૮	૬	પ્રત્યેક વનસ્પતિકાય, અવગાહના....	એક હજાર યોજનથી અધિક
૧૦૦	પ્રશ્ન ૬ અ	અને તે કઇ કઇ રીતે છે?	અને તે કઇ રીતે છે?
૧૦૪	૫	નીચે ઉમેરો....	સંમૂર્છિમ મનુષ્યની સ્વકાય સ્થિતિ ૭ ભવ
૧૦૮	૩	(૩) નિધત્ત અને નિકાચિત	(૩) નિધત્ત અને (૪) નિકાચિત
૧૦૯	૧૭	(૩) નિઘત્ત કર્મબંધ :-	(૩) નિધત્ત કર્મબંધ :-
”	૧૯	“નિઘત્ત”	“નિધત્ત”
૧૧૦	૨	ગભિણી	ગર્ભિણી
”	૮	“ક્ષાયિક સમ્કૃત્વ” તીર્થંકર	“ક્ષાયિક સમ્કૃત્વ” અને તીર્થંકર
૧૧૧	૭	જ્ઞાન અને તેના સાધનોનો વિનાશ કરવો, તેમના પ્રત્યે પ્રદ્વેષ ધારણ કરવો,	તેમના પ્રત્યે પ્રદ્વેષ ધારણ કરવો, જ્ઞાન અને તેના સાધનોનો વિનાશ કરવો,

તુચ્છ વિચારોના કચરા વડે
જીવનરૂપી ખેતરને અશુદ્ધ ન કરશો !

શુદ્ધ જીવનના આરાધક બનો !

પવિત્ર જીવનના પ્રશંસક અને
પક્ષકાર બનો !

પાઠ ૨

જ્ઞેયાદિનું સ્વરૂપ

નામ	વ્યાખ્યા	તત્ત્વ	ભેદ
જ્ઞેય	જાણવા યોગ્ય	જીવ–અજીવ ૧૪ ૧૪	૨૮
ઉપાદેય	આદરવા યોગ્ય	પુણ્ય, સંવર, નિર્જરા, મોક્ષ	૧૨૦
હેય	તજવા યોગ્ય	પાપ આશ્રવ બંધ	૧૨૮
			કુલ ૨૭૬


નવતત્વનું સંક્ષેપ:–

જગતમાં મુખ્ય તત્ત્વ બે:– જીવ (ચેતન) અને અજીવ (જડ).

જીવ અને અજીવ આ બે તત્ત્વોમાં બીજા સાતે તત્ત્વોનો સમાવેશ થઇ જાય છે.

૧/જીવ :-	જીવ, સંવર, નિર્જરા, મોક્ષ	૯૨ ભેદ
૨/અજીવ :-	અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ	૧૯૪ ,,

નોંધ – સંવર અને નિર્જરા તત્ત્વ શુભ અધ્યવસાય રૂપ હોવાથી જીવ સ્વરૂપ છે, તેથી જીવ તત્ત્વમા આ બે તત્ત્વોનો સમાવેશ થયો છે.



અજીવના ભેદોમાં આવતા સ્કંધ, દેશ, પ્રદેશ, પરમાણુના વર્ણનની સમજ આ ચિત્રથી સમજવી.

પાનું–૯ પાઠ–૭


પાઠ ૪

જીવના ૧૪ ભેદ

જીવના લક્ષણ :– જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય, ઉપયોગ એ જીવના લક્ષણ છે.

જીવ			ભેદ
એકેન્દ્રિય	....	૨	સૂક્ષ્મ[૧] અને બાદર[૨].
બેઇન્દ્રિય	....	૧	બાદર
તેઇન્દ્રિય	....	૧	,,
ચઉરિન્દ્રિય	...	૧	,,
પચેન્દ્રિય	....	૨	સંજ્ઞી[૫] અને અસંજ્ઞી[૬]

કુલ.... ૭   ૭ પર્યાપ્તા[૩], + ૭ અપર્યાપ્તા[૪] = ૧૪ ભેદ[કુલ]



ઉપરના ચિત્રમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવો છે.

૧. સૂક્ષ્મ.– બાહ્ય ચક્ષુથી જે (દેખાય નહિ) ગ્રાહ્ય ન હોય, તેમજ છેદન–ભેદનને જે યોગ્ય ન હોય એવા એક અથવા અનેક જીવોનો જે સમુદાય તે.... સૂક્ષ્મ જીવો.

૨ બાદર.– બાહ્ય ચક્ષુથી જે ગ્રાહ્ય હોય, છેદન–ભેદનને જે યોગ્ય હોય એવા એક અથવા અનેક જીવોનો જે જથ્થો તે ... બાદર જીવો.

૩ પર્યાપ્તા – જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરીને મરે તે...

૪ અપર્યાપ્તા જે જીવો પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના મરે તે ...

૫ સંજ્ઞી – જેને મન હોય તે .

૬ અસંજ્ઞી – જેને મન ન હોય તે .

પાઠ ૬ કયા જીવને કેટલી ઇન્દ્રિય, કેટલા પ્રાણ અને કેટલી પર્યાપ્તિ

જીવ	ઇન્દ્રિય	પ્રાણ	પર્યાપ્તિ
એકેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૧)	સ્પર્શેન્દ્રિય (૪) કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	આહાર (૪) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ
બેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૬) રસનેન્દ્રિય વચન બળ કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	આહાર (૫) શરીર, ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ ભાષા
તેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૩) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૭) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
ચઉરિન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૪) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૮) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
પંચેન્દ્રિય (અસંજ્ઞી)	સ્પર્શેન્દ્રિય (૫) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય શ્રોતેન્દ્રિય	પાંચ ઇન્દ્રિય (૯) વચનબળ કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
પંચેન્દ્રિય (સંજ્ઞી)	પાંચ ઇન્દ્રિય (૫)	પાંચ ઇન્દ્રિય (૧૦) મનબળ વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	આહાર (૬) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ ભાષા, મન

પાઠ ૬ કયા જીવને કેટલી ઇન્દ્રિય, કેટલા પ્રાણ અને કેટલી પર્યાપ્તિ

જીવ	ઇન્દ્રિય	પ્રાણ	પર્યાપ્તિ
એકેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૧)	સ્પર્શેન્દ્રિય (૪) કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	આહાર (૪) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ
બેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૨) રસનેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૬) રસનેન્દ્રિય વચન બળ કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	આહાર (૫) શરીર, ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ ભાષા
તેઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૩) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૭) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
ચઉરિન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૪) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય	સ્પર્શેન્દ્રિય (૮) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ, આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
પંચેન્દ્રિય (અસંજ્ઞી)	સ્પર્શેન્દ્રિય (૫) રસનેન્દ્રિય ઘ્રાણેન્દ્રિય ચક્ષુઇન્દ્રિય શ્રોતેન્દ્રિય	પાંચ ઇન્દ્રિય (૯) વચનબળ કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	(૫) ઉપર પ્રમાણે
પંચેન્દ્રિય (સંજ્ઞી)	પાંચ ઇન્દ્રિય (૫)	પાંચ ઇન્દ્રિય (૧૦) મનબળ વચનબળ, કાયબળ શ્વાસોચ્છવાસ આયુષ્ય	આહાર (૬) શરીર ઇન્દ્રિય શ્વાસોચ્છવાસ ભાષા, મન

શુભાશુભ કર્મને લઈને જીવોમાં ભિન્નતા દેખાય છે. તે ભિન્નતાના કારણે જ જીવના બે-ત્રણ-ચાર-પાંચ-છ-ચૌદ અને વિસ્તારથી ૫૬૩ ભેદો પણ થઈ શકે છે. જીવ પ્રાણ વિના જીવી શકતો નથી. ભાવ પ્રાણ એ જીવના જ્ઞાનાદિ સ્વગુણો જ છે તે સિદ્ધ ભગવંતોને પૂર્ણપણે પ્રગટેલા હોય છે. અને સંસારી જીવોમા અપૂર્ણ-ન્યૂનાધિક હોય છે. સંસારી જીવોને જીવન જીવવામા દ્રવ્ય પ્રાણોની સહાયની અપેક્ષાએ રહે છે. તેમજ પર્યાપ્તિઓનો પણ સહારો હોય છે.

આપણે અત્યારે સંજ્ઞી પંચેન્દ્રિય છીએ. જગતના અન્ય જીવ-જંતુ કરતાં આપણે અધિક બળવાન તેમજ પુણ્યવાન છીએ. આપણને ૧૦ પ્રાણ, ૬ પર્યાપ્તિ તેમજ ન્યૂનાધિક ભાવપ્રાણની પણ વિશિષ્ટ શકિતની પ્રાપ્તિ થઈ છે. તે વિશિષ્ટ શકિતનો સ્વ-પર હિતમાં સદુપયોગ કરવા અવશ્ય ઉદ્યમવંત બનવું જોઇએ. વારંવાર આવી વિશિષ્ટ શકિતની પ્રાપ્તિ સુલભ નથી હોતી.

વિશિષ્ટ શકિતના સ્વામી ઓ મહામાનવ...!

પ્રકૃષ્ટ પુણ્યથી મળેલી શકિત, ફોગટ વેડફાઇ ન જાય તેની પૂરતી કાળજી રાખી સ્વ-પરની સાધનામા સદા પ્રયત્નશીલ બની જા.



સ્વાધ્યાય-

૧ તત્વ એટલે શું ? અને તે કેટલા છે ?
૨ જીવતત્વ, પુણ્ય, સંવર અને બંધતત્વની વ્યાખ્યા શું ?
૩ જીવના કેટલા ભેદ ?
૪. પર્યાપ્તા અને અપર્યાપ્તામાં શો ફેર ?
૫ જીવના છ પ્રકાર કઈ રીતે ?
૬. પ્રાણ એટલે શું ? તે કેટલા પ્રકારે ?
૭. સૂક્ષ્મની વ્યાખ્યા શું ?
૮ પર્યાપ્તિ એટલે શું ?
૯. તેઇન્દ્રિય તથા [illegible] જ્ઞી પચેન્દ્રિયને કેટલી ઇન્દ્રિય, કેટલા પ્રાણ અને કેટલી પર્યા[illegible]
૯ સંવર અને [illegible] ત્વમા કેમ સમાવેશ ?
૧૦ ઉપાદેય કે [illegible] ા તત્વો છે ? ભેદ સહિત જણાવો.
૧૧ [illegible]મ.
૧૨. [illegible] કોને

પાઠ ૮

ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ (અજીવ તત્વ)

ધર્માસ્તિકાય:– ગુણ:- ગતિ સહાયકતા.

જીવ અને પુદ્ગલને જે ચાલવામાં (ગતિ કરવામા) સહાય કરે તે ધર્મા૦ દા. ત. માછલાને પાણીમાં તરવાની શકિત છે છતાંપણ તરવાની ક્રિયામાં (કારણ) પાણીની જરૂર રહે છે

અધર્માસ્તિકાય:– ગુણ:- સ્થિર સહાયકતા.

જીવ અને પુદ્ગલને સ્થિર રહેવામાં સહાય કરે તે અધર્મા૦ દા. ત. તડકામાં થાકી ગયેલા મુસાફરને વિશ્રામ કરવામાં વૃક્ષની છાયા કારણ છે તેમ.

આકાશાસ્તિકાય– ગુણ:- અવગાહન

બધા દ્રવ્યોને (જીવ પુદ્ગલાદિ) જે અવકાશ (જગ્યા) આપે તે આકાશા૦ દા. ત દૂધમાં પતાસું.

પુદ્ગલાસ્તિકાય:– ગુણ - પૂરણ ગલન સ્વભાવ.

સડણ (સડવું) પડણ (પડવું) વિધ્વંસણ (નાશ પામવું) જેમા વર્ણ (રૂપ) ગંધ, રસ અને સ્પર્શ હોય તે પુદ્ગલા૦

કાળ – ગુણ વર્તના.

જે પરિવર્તન કરે તે કાળ. નવાને જુનુ કરે તે.
દા. ત. કાનર અને કાપડ.
બાળ, યુવાન વિગેરે અવસ્થા

અજીવ તત્વ

અજીવ એટલે જડ.

(૧) જેમા ચૈતન્ય શકિત નથી એવા જડ પદાર્થોનું સ્વરૂપ જાણવાથી આપણે તે સર્વ જડ પદાર્થોથી ભિન્ન છીએ. એવી સત્ય પ્રતીતિ થાય છે.

જ્ઞાનાદિ ગુણ એ મારો (સ્વ) સ્વભાવ છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ (પર) પુદ્ગલનો સ્વભાવ છે.

આપણી આ બાહ્ય ચર્મ-ચક્ષુથી જે કાંઈપણ પદાર્થ દૃષ્ટિગોચર થાય છે, તે સર્વ પદાર્થો પુદ્ગલ સ્કંધ સ્વરૂપ છે, નાશવંત છે. આપણા આત્માનું મૂળ સ્વરૂપ અરૂપી હોવાથી તે આંખથી દેખાતો નથી અવિનાશી... એવા આત્માનું શું સ્વરૂપ છે એ સ્વાનુભવગમ્ય છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય અને કાળ એ પણ અરૂપી હોવાથી દૃષ્ટિગોચર થતા નથી. પરંતુ આપ્ત પુરૂષો રચિત શાસ્ત્ર વચનો દ્વારા તેની પ્રતીતિ થાય છે

(૨) પ્રદેશ અને પરમાણુ અત્યંત સૂક્ષ્મ પદાર્થ છે. સર્વજ્ઞ ભગવંતની દિવ્ય દૃષ્ટિથી પણ તે અવિભાજ્ય છે વર્તમાનયુગના વિજ્ઞાને સંશોધેલો "અણુ" એ કઈ પરમાણુ નથી. પરંતુ અનંતાનંત પરમાણુઓનો જથ્થો (સ્કંધ) જ છે

(૩) સમયથી પ્રારંભીને પુદ્ગલ પરાવર્તન સુધીના કાળનું સ્વરૂપ સમજવાથી આપણને મળેલી મોંઘેરી આ માનવજીંદગીની સાફલ્યતાનું અમૂલ્ય મૂલ્યાંકન થશે અને ફોગટ વેડફાઈ જતા સમયની અંતરમાં ભારોભાર સંવેદના ઉદ્ભવશે

આપણા આત્માએ અવ્યવહાર રાશિમાં સૂક્ષ્મ નિગોદના ભવોના અનંત પુદ્ગલ-પરાવર્તન કાળ સુધી જે વારંવાર જન્મ-મરણ આદિની અકથ્ય-ભયપ્રદ અનેક યાતનાઓ સહન કરી છે તેનું વર્ણન શાસ્ત્ર દ્વારા જાણીએ તો આપણો આત્મા એકદમ કમકમી ઉઠે શ્રી જિનેશ્વર ભગવંતે નિર્દેશેલે ઉત્તમોત્તમ ધર્મ-માર્ગ મળી ગયો છે. એક સમયનો પણ પ્રમાદ કર્યા વિના ભવની અનંત વેદનાને, દુઃખની પરંપરાને તોડવા ધર્મ માર્ગના સાચા મુસાફર બનવું જોઈએ.

પાઠ ૧૦

વર્ણાદિનુ સ્વરૂપ

[વર્ણ, ગંધ, રસ, સ્પર્શ]

	વર્ણ	અર્થ	કોના જેવો
વર્ણ-૫	કૃષ્ણ	કાળો	કાજળ
	નીલ	વાદળી	આકાશ
	લોહિત	રાતો	મજીઠ
	હારિદ્ર	પીળો	હળદર
	શ્વેત	ધોળો	સફેદ શંખ
રસ-૫	તિક્ત	તીખો	સુંઠ-મરી
	કટુક	કડવો	લીમડો
	કષાય	તૂરો	ત્રિફળાદિક
	આમ્લ	ખાટો	આંબલી
	મધુર	મીઠો	સાકર વિગેરે
સ્પર્શ-૮	શીત	ઠંડો	હિમ-બરફ
	ઉષ્ણ	ગરમ	અગ્નિ
	સ્નિગ્ધ	ચીકણો	તેલ
	રૂક્ષ	લુખો	રાખ
	લઘુ	હલકો	આકંતુલ-રૂ
	ગુરૂ	ભારે	લોખંડ
	મૃદુ	સુંવાળો	માખણ
	કર્કશ	ખરુ	કરવત
ગંધ-૨	સુરભિગંધ	સુગંધ	કસ્તુરી
	દુરભિગંધ	દુર્ગંધ	લસણ

પાઠ ૧૨

કાળનું સ્વરૂપ (ચાલુ)

૩૦ મુહૂર્ત	=	એક અહોરાત્રિ (૧ દિવસ ૧ રાત)
૧૫ અહોરાત્રિ	=	,, પક્ષ (પખવાડીયું)
૨ પક્ષ	=	,, માસ
૨ માસ	=	,, ઋતુ
૬ માસ	=	,, અયન (ઉત્તરાયણ તથા દક્ષિણાયન)
૧૨ માસ	=	,, વર્ષ
૫ વર્ષ	=	,, યુગ
૮૪ લાખ વર્ષ	=	,, પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ	=	,, પૂર્વ
અસંખ્ય વર્ષ	=	,, પલ્યોપમ*

૧૦ કોટા કોટી (કરોડ×કરોડ) = પલ્યોપમ = એક સાગરોપમ

૧૦ કોટાકોટી સાગરોપમ = એક ઉત્સર્પિણી અથવા અવસર્પિણી કાળ

૨૦ કોટા કોટી સાગરોપમ = ,, કાળચક્ર

અનન્ત પુદ્ગલ પરાવર્તન કાળ = ભૂતકાળ


ભૂતકાળ કરતા અનંત પુદ્ગલ પરાવર્તન કાળ = ભવિષ્ય કાળ

એક સમય = વર્તમાનકાળ

ભૂત, ભવિષ્ય, વર્તમાન કાળ = અદ્ધાકાળ

---

* પલ્યે વર્ણન, સંપૂર્ણ પાઠ ૧૩માં છે



છ દ્રવ્યોની ૨૩ દ્વારોથી વિચારણા

(૧) **પરિણામી**-(૨) (જીવ-પુદ્ગલ)
=જેનું પરિવર્તન થાય અથવા અન્ય અવસ્થાને પ્રાપ્ત થાય તે પરિણામી.
જીવઃ- ચાર ગતિમાં ફરે સમય પ્રમાણે બાળ, યુવાન અને વૃદ્ધ થાય
પુદ્ગલઃ- દૂધમાથી દહીં, છાશ, ઘી વિગેરે થાય.

(૨) **અપરિણામી**-(૪)=જેનું પરિવર્તન ન થાય તે.
(ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ)

(૩) **જીવ** (૧) જેમાં ચેતના હોય (જીવાસ્તિકાય)

(૪) **અજીવ**-(૫) જે ચેતના રહિત એટલે કે જડ હોય.
(ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ)

(૫) **મૂર્ત** (રૂપી) (૧) જેમા વર્ણ, ગંધ રસ અને સ્પર્શ હોય. (પુદ્ગલાસ્તિકાય)

(૬) **અમૂર્ત** (અરૂપી) [૫] જેમા વર્ણ, ગંધ અને સ્પર્શ ન હોય.
(ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ)

(૭) ✿ **સપ્રદેશી** (૫) જેમાં પ્રદેશો હોય.
(જીવાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય)

(૮) **અપ્રદેશી** (૧) જેમા પ્રદેશો ન હોય (કાળ)

(૯) **એક** (૩) ધર્મા૦ અધર્મા૦ આકાશાસ્તિકાય

(૧૦) **અનેક** (૩) જીવા૦ પુદ્ગલા૦ કાળ (બાકીના ૧૩ દ્વારો ૧૫મા પાઠમા છે)

✿ જીવા૦ ધર્મા૦ અધર્મા૦ અને લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે.
અલોકાકાશના અનંત પ્રદેશો છે
પુદ્ગલાસ્તિકાયના સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા, અનંતાનંત પ્રદેશો છે.

છ દ્રવ્યોની ૨૩ માર્ગણાથી વિચારણા

(૧૧) ક્ષેત્ર (૧) રાખનાર (આકાશાસ્તિકાય- આકાશ)

(૧૨) ક્ષેત્રી (૫) રહેનાર [જીવા૦ ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ પુદ્ગલા૦]

(૧૩) સક્રિય (૨) ગતિ કરવાને શકિતમાન (જીવા૦ પુદ્ગલા૦)

(૧૪) અક્રિય (૪) ગતિ કરવાને અસમર્થ. (ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ કાળ

(૧૫) નિત્ય (શાશ્વત) (૪) જેનું પરિવર્તન ન થાય એટલે કે હમેશ એક સરખું રહે તે. (ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ કાળ)

(૧૬) અનિત્ય (અશાશ્વત) (૨) જેનું પરિવર્તન થાય એકજ અવસ્થાએ સદા કાળ એક સરખું ન રહે તે (જીવા૦ પુદ્ગલા૦)

(૧૭) કારણ (૫) બીજાને સહાયભૂત બને. (ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ પુદ્ગલા૦ કાળ.)

(૧૮) અકારણ (૧) બીજાને સહાયભૂત ન બને. (જીવાસ્તિકાય)

(૧૯) કર્તા (૧) જે કાર્ય કરવામાં સ્વતંત્ર હોય. (જીવાસ્તિકાય)


(૨૦) અકર્તા (૫) સ્વતંત્ર કાર્યને નહિ કરનાર. (ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ પુદ્ગલા૦ કાળ)

(૨૧) સર્વગત (૧) સર્વવ્યાપક (આકાશાસ્તિકાય)

(૨૨) દેશગત (૫) સર્વ વ્યાપક ન હોય. (ધર્મા૦ અધર્મા૦ પુદ્ગલા૦ જીવા૦ કાળ)

(૨૩) પરસ્પર અપ્રવેશી (૬) એક બીજા દ્રવ્યોમાં જે પ્રવેશ ન કરી શકે. (જીવા૦ ધર્મા૦ અધર્મા૦ પુદ્ગલા૦ આકાશા૦ કાળ)





નવતત્ત્વોના રૂપી–અરૂપી ભેદો
[૨૭૬ ભેદોમાં રૂપી-અરૂપી]

રૂપી :– જે રૂપ-રસ-ગંધ-સ્પર્શ યુક્ત હોય તેને રૂપી કહેવાય.
અરૂપી '– જે રૂપ-રસ-ગંધ-સ્પર્શ રહિત હોય તેને અરૂપી કહેવાય.

તત્ત્વ	રૂપી	અરૂપી
જીવ	૧૪	૦
ઘ અજીવ	૪	૧૦
પુણ્ય	૪૨	૦
પાપ	૮૨	૦
આશ્રવ	૪૨	૦
સંવર	૦	૫૭
નિર્જરા	૦	૧૨
બંધ	૪	૦
મોક્ષ	૦	૯
	૧૮૮ +	૮૮ =૨૭૬ ભેદ

ઘ અજીવ તત્ત્વના ધર્માસ્તિકાય આદિ પાંચમાંથી પુદ્ગલાસ્તિકાય (પુદ્ગલ)ના "સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ" એ રૂપી છે, કારણ તેમાં "વર્ણ-ગંધ-રસ-સ્પર્શ" છે એટલે અજીવ-પુદ્ગલના ચાર ભેદ સ્કંધાદિ રૂપી છે બાકીના ૧૦ ભેદ ધર્મા૦ અધર્મા૦ આકાશા૦ એ દરેકના ત્રણ ત્રણ (સ્કંધ-દેશ-પ્રદેશ) ભેદ અને કાળનો એક ભેદ એમ ૧૦ ભેદ અરૂપી છે

સ્વાધ્યાય

(૧) જગતમા જીવરહિત (જડ) પદાર્થો કેટલા અને કયા કયા ?

(૨) અજીવના ૧૪ ભેદ કઈ રીતે ?

(૩) સ્કંધ, દેશ-પ્રદેશ અને પરમાણુ એટલે શું ?

(૪) ધર્માસ્તિકાયાદિ પાચ અસ્તિકાયનુ સ્વરૂપ શું ?

(૫) આતપ અને ઉદ્યોત એટલે શું ? અને તે કયાં હોય ?

(૬) રસ અને સ્પર્શ કેટલા છે ? અને કયા કયા દ્રવ્યમા હોય છે ?

(૭) એક મુહુર્ત કેટલા પ્રકારે થાય ? અને એક મુહુર્તમા આવલિકાઓ કેટલી ?

(૮) નિગોદીઆનો જીવ એક મુહુર્તમાં કેટલા ભવ કરે ?


(૯) પલ્યોપમ તથા કાળચક્ર કોને કહેવાય ?

(૧૦) અન્તર્મુહુર્તનું જઘન્ય, મધ્યમ તથા ઉત્કૃષ્ટ સ્વરૂપ શું ?

(૧૧) પરિણામી. સપ્રદેશી, અક્રિય. અકર્તા, સર્વગત એટલે શું અને તેને છ દ્રવ્યોમાં ઘટાવો !

(૧૨) પુણ્ય, આશ્રવ, નિર્જરા, બંધ અને મોક્ષના ભેદો રૂપી કે અરૂપી ?

(૧૩) અધર્માસ્તિકાય તથા પુદ્દગલાસ્તિકાયના પ્રદેશો કેટલા ?



કર્મ ધોકો

પાત્રમાં પડેલ દૂધને દેખી ઉતાવળો દૂધ પીવા દોડતી બિલાડીને ઉપરથી ધોકાનો માર પડવાનો છે, તેનો ખ્યાલ નથી આવતો. તો શુ વિષય-તૃષ્ણાને વશ થઇ ભોગ અને સુખની પાછળ દોડનાર આત્માને ઉપર-થી કર્મો રૂપી ધોકાનો માર પડવાનો છે તેનો ખ્યાલ આવે છે ?

પાઠ ૧૭

કર્મનું સ્વરૂપ

[પુણ્ય અને પાપ તત્વના ભેદોનુ સ્વરૂપ સમજવા માટે અભ્યાસકોએ સહુ પ્રથમ કર્મનું સ્વરૂપ જાણી લેવું એ જરૂરી છે. કર્મનું સ્વરૂપ જાણવાથી પુણ્ય-પાપ તત્વનું સ્વરૂપ અતિ સહેલાઇથી સમજાશે]

કર્મની વ્યાખ્યા :- "क्रियते इति कर्म"- મિથ્યાત્વાદિ હેતુ દ્વારા જીવ વડે જે વસ્તુ કરાય તે કર્મ.

કર્મ બંધના ૫ હેતુઓ :-

મિથ્યાત્વ.- શ્રી અરિહંત પરમાત્માએ પ્રકાશેલ સત્ય તત્વ (સુદેવ-સુગુરૂ-સુધર્મ) ને છોડી અન્ય તત્વને માન્ય કરવું તે મિથ્યાત્વ.

અવિરતિ :- સર્વવિરતિ, દેશવિરતી, વ્રત, પચ્ચખાણ વિગેરે ગ્રહણ ન કરી શકે.

કષાયઃ- ક્રોધ, માન, માયા, લોભ વિગેરે

પ્રમાદઃ- મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા.

યોગ.- મન, વચન અને કાયા.

આત્માના આઠ અક્ષય ગુણોને રોકનાર આઠ પ્રકારના કર્મો છે.

કર્મનું નામ	પ્રકાર	કયા ગુણને રોકે ?	દૃષ્ટાન્ત
જ્ઞાનાવરણીય	૫	આત્માના **જ્ઞાન** ગુણને રોકે	આંખે પાટા જેવું
દર્શનાવરણીય	૯	આત્માના **દર્શન** ગુણને રોકે	રાજાના દ્વારપાલ જેવું.
વેદનીય	૨	આત્માના **અવ્યાબાધ સુખને** રોકે	મધથી ખરડાયેલ છરી જેવું
મોહનીય	૨૮	**સમ્યગ દર્શન અને ચારિત્ર** ગુણને રોકે	મદિરા જેવુ, આત્માને ઉન્મત્ત બનાવે
આયુષ્ય	૪	આત્માની **અક્ષય સ્થિતિને** રોકે	બેડી બંધન કારાગાર જેવું
નામ	૧૦૩	આત્માના **અરૂપી** ગુણને રોકે	ચિતારા જેવુ (ચિત્રકાર)
ગોત્ર	૨	આત્માના **અગુરૂ-લઘુ** ગુણને રોકે	કુંભારના ઘડા જેવું.
અંતરાય	૫	આત્માના **અનંત વીર્ય** ગુણને રોકે	રાજાના ભંડારી જેવું.
	કુલ ૧૫૮		

સિદ્ધ ભગવંતોને આ આઠ કર્મના ક્ષયથી આ આઠ અક્ષય ગુણો પ્રગટે છે.

પાઠ ૧૮ કર્મનું સ્વરૂપ

જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય કર્મ

(૧) જ્ઞાનાવરણીય–૫

મતિજ્ઞાનાવરણીય – પાચ ઇન્દ્રિય તથા મનથી જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન એવા મતિજ્ઞાનને રોકે તે.

શ્રુતજ્ઞાનાવરણીય – શ્રુતજ્ઞાનને રોકે તે.

અવધિજ્ઞાનાવરણીયઃ– દેવ-નારકીને ભવ હેતુક અને મનુષ્યને ગુણ હેતુક અવધિજ્ઞાન. એવા અવધિજ્ઞાનને રોકે તે.

મનઃપર્યવજ્ઞાનાવરણીય – અઢી દ્વીપ–સમુદ્રમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જણાવનારૂં જ્ઞાન તે.

કેવલજ્ઞાનાવરણીય– ચાર પ્રકારના ઘાતિ કર્મના ક્ષયથી ઉત્પન્ન થતું અને સકલ લોકાલોકના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન કરાવનારૂં જ્ઞાન તે કેવલજ્ઞાન. એવા જ્ઞાનને રોકે તે.

(૨) દર્શનાવરણીય-૯

(૧) દર્શનાવરણીય–૪

ચક્ષુદર્શનાવરણીય– જેના ઉદયથી ચક્ષુ (આખ)નુ આવરણ થાય.

અચક્ષુદર્શનાવરણીય.– જેના ઉદયથી અન્ય (ચક્ષુ સિવાય) ઇન્દ્રિયોનું આવરણ થાય.

અવધિદર્શનાવરણીય– જેના ઉદયથી રૂપી પદાર્થો સ્પષ્ટપણે ન દેખાય.

કેવલદર્શનાવરણીય – જેના ઉદયથી જગતના તમામ પદાર્થો (રૂપી–અરૂપી) ન દેખાય.

(૨) નિદ્રા–૫

નિદ્રા.– જેના ઉદયથી જીવ સુખેથી જાગે

નિદ્રાનિદ્રાઃ– જેના ઉદયથી જીવ દુઃખે કરીને જાગે.

પ્રચલા.– જેના ઉદયથી જીવને ઊભા ઊભા કે બેઠા-બેઠા ઉઘ આવે.

પ્રચલા-પ્રચલા જેના ઉદયથી જીવને રસ્તે ચાલતાં ચાલતા ઉઘ આવે.

થીણદ્ધીઃ– જેના ઉદયથી જીવ દિવસે ચિંતવેલા કાર્યને ઉઘમાં કરી આવે અને આ ઉંઘમા અર્ધવાસુદેવના બળ કરતાં અર્ધું બળ હોય છે અતિ વિચિત્ર છે આ ઉંઘ ! આ નિદ્રાવાળો મરીને નરકે જાય

પાઠ ૧૯

વેદનીય–મોહનીય કર્મ

વેદનીયકર્મ-૨

શાતાવેદનીયઃ– જેના ઉદયથી જીવને આરોગ્ય આદિ શાતા (સુખ) મળે.
અશાતાવેદનીયઃ– જેના ઉદયથી જીવને રોગાદિ અશાતા (દુઃખ) મળે

મોહનીય કર્મ–૨૮ઃ–

મોહનીયઃ– આત્માને સત્‌અસત્‌ના વિવેક વિનાનો બનાવે તે મોહનીય.

(૧) દર્શનમોહનીય.– આત્માના સમ્યગ્‌દર્શન ગુણને રોકે.
(૨) ચારિત્રમોહનીય – આત્માના સમ્યગ્‌ ચારિત્ર ગુણને રોકે.

દર્શનમોહનીયકર્મના ૩ ભેદઃ–

(૧) મિથ્યાત્વમોહનીય.– જેના ઉદયથી જિન પ્રણીત તત્ત્વ ઉપર અશ્રદ્ધા રહે
(૨) મિશ્રમોહનીય.– જેના ઉદયથી જિન પ્રણીત તત્ત્વ ઉપર રાગ પણ ન થાય અને દ્વેષ પણ ન થાય.
(દા ત નાળિયેર દ્વીપના મનુષ્યોને અન્ન ઉપર રાગ પણ હોય અને દ્વેષ પણ ન હોય કારણ કે અન્ન જેવી વસ્તુથી એ બીલકુલ અજાણ છે.
(૩) સમયક્ત્વમોહનીયઃ– જેના ઉદયથી સમ્યગ્‌ દર્શનની પ્રાપ્તિ થાય અને નવ તત્ત્વો ઉપર પણ શ્રદ્ધા હોય પણ સામાન્યતઃ શંકા રહે એ કારણે ક્ષાયિક સમ્યકત્વની પ્રાપ્તિ ન થાય.



પાઠ ૨૦ (અ)

મોહનીય-આયુષ્ય કર્મ

ચારિત્ર મોહનીયના ૨૫ ભેદ

(૧) કષાય-૧૬ } ૨૫ ભેદ
(૨) નોકષાય-૯ }

કષાય=કષ=સંસાર, આય=લાભ.
જેનાથી સંસારની વૃદ્ધિ (લાભ) થાય તે કષાય.

૧૬ કષાય

(૧) અનંતાનુબંધી:- (૪) ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર કષાયો અતિ ઉગ્ર છે. અનંત સંસારની પરંપરા વધારનારા છે. સમકિતની પ્રાપ્તિ ન થવા દે તેમજ જીવન પર્યંત રહે અને નરક ગતિમાં લઈ જાય.

(૨) અપ્રત્યાખ્યાની:- (૪) ક્રોધ, માન, માયા, લોભ : આ ચાર કષાયો વ્રત પચ્ચખાણ કરવામાં અંતરાયભૂત બને. દેશવિરતિ ગુણને રોકે એક વર્ષ પર્યંત રહે તિર્યંચ ગતિમાં લઈ જાય.

(૩) પ્રત્યાખ્યાની:- (૪) ક્રોધ, માન, માયા, લોભ: આ ચાર કષાયો સર્વ વિરતિના બાધક છે ચાર માસ સુધી રહે અને મનુષ્ય ગતિમાં લઈ જાય.

(૪) સંજ્વલન:- (૪) ક્રોધ, માન, માયા, લોભ: આ ચાર કષાયો પરિષહાદિ ઉપસર્ગમા ચિત્તને વિહ્વલ બનાવે. યથાખ્યાત ચારિત્રને રોકે. પંદર દિવસ પર્યંત રહે. દેવ ગતિમાં લઈ જાય.

નોકષાયના ૯ ભેદ:-

નોકષાય:- કષાયને ઉત્પન્ન કરવામાં સહાયક.

(૧) હાસ્ય - જેના ઉદયથી હસવું આવે.

(૨) રતિ:- જેના ઉદયથી મનગમતા પદાર્થો ઉપર રાગ થાય, આનંદ થાય.


(૩) અરતિ.- જેના ઉદયથી અણગમતી વસ્તુઓમા ખેદ થાય.
(૪) શોક - જેના ઉદયથી ઇષ્ટ વસ્તુના વિયોગમાં અને અનિષ્ટ વસ્તુના સંયોગમાં અફસોસ થાય
(૫) ભય - જેના ઉદયથી ભય ઉત્પન્ન થાય (ભયવાળા સ્થાનો દેખી બીક લાગે)
(૬) જુગુપ્સા:- જેના ઉદયથી દુર્ગંધવાળા પદાર્થો દેખી તિરસ્કાર થાય
(૭) પુરૂષવેદ - જેના ઉદયથી સ્ત્રી ભોગવવાની ઇચ્છા થાય
(૮) સ્ત્રીવેદ:- „ „ પુરૂષ „ „ „
(૯) નપુંસકવેદ - „ „ પુરૂષ અને સ્ત્રી બે ને ભોગવવાની ઇચ્છા થાય.

આયુષ્ય કર્મ

આયુષ્ય:- જે કર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિમા રહે તે.

આયુષ્યના ભેદ ૪-. નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ

શ્રી વીતરાગ પરમાત્માએ પ્રકાશેલા **દાન, શીલ, તપ અને ભાવરૂપી** ધર્મના સહારે આગળ વધવાની **સમ્યગ્ મતિ** ગમે તેવા દુઃખી માનવીને પણ જીવનમા જરૂર પ્રગતિ બક્ષે, બક્ષે ને બક્ષે.



પાઠ ૨૦ (ઘ)

કષાયોની દૃષ્ટાન્ત દ્વારા સમજુતી

અનંતાનુબંધી	ક્રોધ	=પર્વતની રેખા સમાન, ક્યારે પણ વિલય ન પામે
અપ્રત્યાખ્યાનિ	,,	=પૃથ્વીમાંની રેખા સમાન, મંદ વરસાદથી મટે
પ્રત્યાખ્યાનિય	,,	=રેતીમા દોરેલી રેખા સમાન, પવનથી દૂર થાય
સંજ્વલન	,,	=જળમા દોરેલી રેખા સમાન, તરત વિલય પામે.
અનંતાનુબંધી	માન	=પત્થરના સ્તંભ જેવો, કોઇ રીતે ન નમે.
અપ્રત્યાખ્યાનિય	,,	=અસ્થિ સરખો, મહાકષ્ટે નમે.
પ્રત્યાખ્યાનિય	,,	=કાષ્ટ સરખો, ઉપાયે નમે.
સંજ્વલન	,,	=નેતરની સોટી સરખો
અનંતાનુબંધી	માયા	=વંશીમૂળ સરખી, તેની કુટિલતા ટળેજ નહિ. (વાંસના મૂળ)
અપ્રત્યાખ્યાનિય	,,	=ઘેટાના શૃંગ સરખી, વક્રતા અતિ કષ્ટે ટળે.
પ્રત્યાખ્યાનિય	,,	=બળદના મૂત્રની ધારા સરખી, પવનાદિથી વક્રતા ટળે.
સંજ્વલન	,,	=અવલેહી (વાંસની છાલ) સરખી, સહેલાઇથી વળે.
અનંતાનુબંધી	લોભ	=કિરમજી રંગ સરખો, – કદાપિ ન મટે
અપ્રત્યાખ્યાનિય	,,	=ગાડાના પૈડાની કીટ સરખો, અતિ કષ્ટે ટળે.
પ્રત્યાખ્યાનિય	,,	=વસ્ત્રે લાગેલા કાજળ સરખો, દુખે ઉતરે.
સંજ્વલન		=હળદરના રંગ સરખો, સૂર્ય તાપે ટળે

પાઠ ૨૧ — ગોત્ર-અંતરાય કર્મ

ગોત્રના ભેદ-૨

ગોત્રઃ- જેના ઉદયથી જીવોનો જન્મ ઉત્તમ કે હીન કુળમાં થાય.

(૧) **ઉચ્ચગોત્રઃ-** જેના ઉદયથી ઉત્તમ કુળમા જન્મ થાય.

(૨) **નીચગોત્રઃ-** જેના ઉદયથી હલકા કુળમાં જન્મ થાય.

અંતરાય કર્મના ભેદ-૫

અંતરાય- દાનાદિ કાર્યોમાં જે કર્મ વિઘ્ન કરે તે **અંતરાય કર્મ.**

(૧) **દાનાંતરાય-** દ્રવ્ય અને સુપાત્ર મળ્યું હોય અને દાનનું ફળ પણ જાણતો હોય છતાં આપવાની ઇચ્છા ન થાય તે.

(૨) **લાભાંતરાયઃ-** જગતની ભૌતિક વસ્તુઓ (ધન, મોટર, બંગલા વિગેરે) કે ધર્મ સામગ્રીની પ્રાપ્તિ ન થાય તે.

(૩) ×**ભોગાંતરાયઃ-** સારામા સારી વસ્તુઓ ખાવા, પીવા કે ભોગવવા મળી હોય છતા (ભયંકર રોગાદિના કારણે) એનો ઉપયોગ ન કરી શકે તે

(૪) ***ઉપભોગાંતરાય-** વસ્ત્ર, સ્ત્રી, અલંકાર વિગેરે સામગ્રી હોવા છતા પરવશતાના કારણે એનો ઉપભોગ ન કરી શકે તે.

(૫) **વીર્યાંતરાય-** યુવાન હોય, કાયા નિરોગી હોય છતાં તપ, વૈયાવચ્ચ વિગેરે શુભ કાર્યો કરવામા ઉત્સાહ ન જાગે. વીર્ય ન ફોરવી શકે પણ દુર્બળ બને તે.

× જે વસ્તુ એકવાર ભોગવાય તે ભોગ. દા ત. ભોજન વિગેરે.

* જે વસ્તુ વારંવાર ભોગવાય તે ઉપભોગ. દા ત વસ્ત્ર, સ્ત્રી વિગેરે.



નામ કર્મના ૧૦૩ ભેદ :-

(૧) પિંડ પ્રકૃતિઃ- ૭૫ ભેદ
(૨) પ્રત્યેક પ્રકૃતિઃ- ૮ ભેદ
(૩) ત્રસ દસક :- ૧૦ ભેદ
(૪) સ્થાવર દસક - ૧૦ ભેદ

કુલ ૧૦૩ ભેદ

પ્રત્યેક-૮

(૧) અગુરૂ-લઘુ.- જેના ઉદયથી હલકું નહિ તેમજ ભારે પણ નહિ એવા શરીરની પ્રાપ્તિ થાય છે.

(૨) નિર્માણ :- જેના ઉદયથી શરીરના અંગોપાંગ યોગ્ય સ્થાને વ્યવસ્થિત રીતે ગોઠવાય છે.

(૩) આતપ :- જેના ઉદયથી પોતે શીતળ હોવા છતાં બીજાને ગરમ પ્રકાશ આપે તેવા શરીરની પ્રાપ્તિ થાય છે. (આવા પ્રકારનું શરીર સૂર્યવિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને હોય છે)


(૪) ઉદ્યોત - જેના ઉદયથી પોતે શીત હોય અને બીજાને પણ શીત પ્રકાશ આપે તેવા શરીરની પ્રાપ્તિ થાય છે. (આવું શરીર ચન્દ્રવિમાનના પૃથ્વીકાયના જીવોનું હોય છે.)


(૫) પરાઘાત :- જેના ઉદયથી જીવ બળવાનથી પણ હારે નહિ એટલે મહાબળવાનને પણ હરાવે તે (દા. ત. લવ અને કુશ)

(૬) ઉપઘાત :- જેના ઉદયથી જીવ પોતે પોતાના વધારાના અંગોપાંગથી પીડાય, દુઃખી થાય. (દા ત. પડજીભી, રસોળી વિગેરે)

(૭) ઉચ્છ્વાસ :- જેના ઉદયથી જીવને શ્વાસોચ્છ્વાસ લેવા-મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય

(૮) તીર્થંકરનામ.-જેના ઉદયથી જીવ [illegible]
(આ કર્મનો ઉદય કેવળ [illegible] યા પછી





ત્રસદશક

(૧) ત્રસઃ- જે કર્મના ઉદયથી જીવને ત્રસપણું (હાલવા-ચાલવાની શકિત) મળે છે. (સ્વેચ્છાએ તડકા-છાયામા જવા-આવવાની)

(૨) બાદરઃ- ,, ,, જીવને આંખથી જોઈ શકાય તેવા પ્રકારનું શરીર મળે છે.

(૩) પર્યાપ્તઃ- ,, ,, જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા શકિતમાન બને છે

(૪) પ્રત્યેકઃ- ,, ,, જીવ દીઠ જુદા જુદા શરીરની પ્રાપ્તિ થાય છે. (એટલે કે પ્રત્યેકપણું એકજ શરીરમા એકજ જીવ હોય)

(૫) સ્થિરઃ- ,, ,, જીવને સ્થિર અથવા દૃઢ અવયવોની (હાડકા, દાંત) પ્રાપ્તિ થાય છે.

(૬) શુભઃ- ,, ,, નાભિ ઉપરના અંગો શુભ હોય છે.

(૭) સુભગઃ- (સૌભાગ્ય) ,, ,, જીવ કોઈના ઉપર ઉપકાર ન કરતો હોય છતાં પણ સહુને વ્હાલો લાગે.

(૮) સુસ્વરઃ- ,, ,, બધાને ગમે તેવો મીઠો અને મધુર સ્વર મળે છે

(૯) આદેયઃ- ,, ,, બોલેલું વચન બધાને માન્ય હોય છે.

(૧૦) યશઃ- ,, ,, દુનિયામાં કીર્તિ પ્રસરે છે.


સ્થાવર દશક

(૧) સ્થાવરઃ- જે કર્મના ઉદયથી જીવને સ્થાવરપણું હાલી-ચાલી ન શકે તેવું શરીર મળે છે.

(૨) સૂક્ષ્મઃ- ,, ,, એક અથવા અનંત જીવો ભેગા થાય તો પણ નરી આંખે જોઈ ન શકાય તેવું સૂક્ષ્મપણું મળે.

(૩) અપર્યાપ્તઃ- ,, ,, જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ ન બની શકે

(૪)	સાધારણ -	,, ,,	એકજ શરીરમા અનંતા જીવો રહે.
(૫)	અસ્થિરઃ-	,, ,,	જીવને અસ્થિર અવયવોની (પાપણ, જીભ વગેરે) પ્રાપ્તિ થાય છે
(૬)	અશુભ:-	,, ,,	નાભિ નીચેના અંગો અશુભ હોય.
(૭)	દુર્ભગઃ- (દૌર્ભાગ્ય)	,, ,,	જીવ કોઈના ઉપર ઉપકાર કરે તો પણ વ્હાલો ન લાગે પણ અળખામણો લાગે.
(૮)	દુ:સ્વરઃ-	,, ,,	કર્કશ-(ગધેડા, કાગડા જેવો) કોઈને ગમે નહી તેવો સ્વર (અવાજ) મળે.
(૯)	અનાદેયઃ-	,, ,,	બોલેલું વચન કોઈ માન્ય ન રાખે
(૧૦)	અપયશઃ-	,, ,,	દુનિયામા સઘળેથી અપયશ (અપકીર્તિ) મળે.



કેવો ભાવ ?

(બિલાડી અને ઉંદર
-બિલાડી અને તેનું બચ્ચું)

ઉપરના ચિત્રમાં ઉંદરને બિલાડી શત્રુભાવથી પકડે છે જ્યારે નીચેના ચિત્રમાં તે પોતાનાં બચ્ચાંને આત્મિય ભાવથી

આપણે ..
કેવો ભાવ રાખીશું ?
કર્મ પ્રત્યે શત્રુભાવ અને
ધર્મ પ્રત્યે આત્મિયભાવ

પાઠ ૨૪ ||||||||||||| નામ કર્મ |||

૧૪ પિંડ પ્રકૃતિ

મુખ્ય ભેદઃ-

ગતિ, જાતિ, શરીર, ઉપાગ, બંધન, સંઘાતન, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આનુપૂર્વી, વિહાયોગતિ. (ખગતિ)

(૧) +ગતિ-૪ઃ દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ, નરકગતિ.

(૨) ⩲જાતિ-૫ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.

(૩) ×શરીર-૫ઃ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ.

(૪) □ઉપાંગ-૩ઃ ઔદારિક, વૈક્રિય અને આહારક ઉપાંગ.

(૫) બંધનના મુખ્ય ભેદ-૫ઃ ઔદારિક બંધન, વૈક્રિય બંધન, આહારક બંધન, તૈજસ બંધન, કાર્મણ બંધન.

બંધનના ૧૫ ભેદ

બંધન :- પૂર્વે ગ્રહણ કરેલા અને નવા ગ્રહણ કરાતા ઔદારિક આદિ પુદ્ગલોને (લોખંડની જેમ) જોડનાર તે બંધન.

(૧) ઔદારિક ઔદારિક બંધન		(૧) વૈક્રિય વૈક્રિય બંધન
(૨) ,, તૈજસ ,,		(૨) ,, તૈજસ ,,
(૩) ,, કાર્મણ ,,		(૩) ,, કાર્મણ ,,
(૪) ,, તૈજસ કાર્મણ ,,		(૪) ,, તૈજસ કાર્મણ ,,

(૧) આહારક આહારક બંધન		(૧) તૈજસ તૈજસ બંધન
(૨) ,, તૈજસ ,,		(૨) ,, કાર્મણ ,,
(૩) ,, કાર્મણ ,,		(૩) કાર્મણ કાર્મણ ,,
(૪) ,, તૈજસ કાર્મણ ,,		

=કુલ ૧૫ ભેદ

નોંધ — ઔદારિક વૈક્રિય અને ઔદારિક આહારકના ભાંગા ન થાય કારણ કે તે પરસ્પર વિજાતીય છે

+ ગતિઃ- જે કર્મના ઉદયથી જીવ નરકાદિમાં ગમન કરે તે ગતિ.

≏ જાતિઃ- જે કર્મના ઉદયથી હીનાધિક ઈન્દ્રિયપણું પ્રાપ્ત થાય તે જાતિ.

× શરીરઃ- જે કર્મના ઉદયથી પાંચ પ્રકારના શરીરોની પ્રાપ્તિ થાય તે શરીર.

(૧) ઔદારિકઃ- સ્થૂલ પુદ્ગલોનું બનેલું શરીર. (અને તે મનુષ્ય અને તિર્યંચને હોય છે)

(૨) વૈક્રિયઃ- વિવિધ પ્રક્રિયાથી બનેલું (નાનુ-મોટું) શરીર તે. (દેવ અને નારકીને જન્મથી હોય.)

(૩) આહારકઃ- ચૌદપૂર્વી, તીર્થંકર ભગવંતને સંશય પૂછવા કે ઋદ્ધિ-સમૃદ્ધિ જોવા જે અતિ વિશિષ્ટ રૂપવાળું એક હાથનું શરીર બનાવે તે.

(૪) તૈજસઃ- અનાદિ કાળથી જીવ સાથે રહેલ તૈજસ દ્રવ્યોનો સમૂહ કે જેના દ્વારા આહારનું પાચન-વિગેરે થઈ શકે અને જેનાથી તપોલબ્ધિ ઉત્પન્ન થતા તેજોલેશ્યા પ્રગટી શકે તે.

(૫) કાર્મણઃ- જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો. (જે આઠ કર્મના વિકારરૂપ અને સર્વ શરીરનું કારણભૂત બને છે.)

□ અંગોપાંગઃ- અંગ અને ઉપાંગ જે કર્મના ઉદયથી પ્રાપ્ત થાય તે.

અંગઃ- હાથ, પગ, છાતી, પેટ, માથું વિગેરે.

ઉપાંગઃ- હાથ, પગની રેખાઓ.

(આ ત્રણ શરીરમા અંગોપાંગ હોય છે, તૈજસ-કાર્મણમાં હોતા નથી)

જીવનના સઘળાં ક્ષેત્રોમાં
સહિષ્ણુતા
એ આપણો મંત્ર હોવો જોઈએ.


જે માણસ આજીવન વિનમ્ર વિદ્યાર્થી
રહે છે એજ વિદ્વાન છે.
વિનય એ જીંદગીની મોટામાં મોટી
શિખામણ છે
વિદ્યા વિનયથી શોભે છે



卐
卐卐



અમે તટલી મોટી સિદ્ધિ મેળવો
પણ...
એ સિદ્ધિનું અભિમાન થાય ત્યારે
એ સાધકના
પતનનું કારણ બને છે





[૬] **સંઘાતનઃ**– દંતાળી જેમ ઘાસને ભેગું કરે તેમ ઔદારિક આદિ પુદ્‌ગલોને
(૫) જે એકઠા કરે તે.

(૧) ઔદારિક સંઘાતન (૩) આહારક સંઘાતન
(૨) વૈક્રિય „ (૪) તૈજસ „ (૫) કાર્મણ સંઘાતન.

[૭] **સંઘયણઃ**– હાડકાની રચના.
(૬)

(૧) **વજ્ર ઋષભ નારાચ સંઘયણઃ** અત્યંત મજબૂત હાડકાંનો બાંધો. અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ. તેના ઉપર હાડકાનો પટ્ટો અને વચમાં આરપાર હાડકાની ખીલી.

(૨) **ઋષભ નારાચ સંઘયણઃ** અસ્થિ સાધામાં બે બાજુ મર્કટબંધ. તેના ઉપર પટ્ટો પણ વચમાં ખીલી નહિં.

(૩) **નારાચ સંઘયણઃ** અસ્થિ સાંધામાં માત્ર બે બાજુ મર્કટબંધ હોય.

(૪) **અર્ધનારાચ સંઘયણઃ** જેમાં એક તરફ મર્કટબંધ હોય અને બીજી તરફ ખીલીબંધ હોય

(૫) **કીલિકા સંઘયણ** જેમા અસ્થિ માત્ર ખીલીના બંધથી બંધાયેલા હોય.

(૬) **છેવટ્ઠું સઘયણઃ** જેમાં હાડકાનાં સાંધા માત્ર છેડે અડીને રહેલા હોય અને હંમેશા તેલમાલીસ વિગેરેની અપેક્ષા રાખે. આપણું હમણાંનું સંઘયણ 'છેવટ્ઠુ' છે.

[૮] **સંસ્થાનઃ**– શરીરની આકૃતિ
(૬)

(૧) **સમચતુરસ્ર સંસ્થાનઃ** પર્યંકાસને બેઠેલા અને ચારે છેડા એકજ સરખા હોય તેવા પ્રકારનું અથવા સામુદ્રિકશાસ્ત્ર અનુસારે લક્ષણયુકત સુંદર હૃષ્ટપુષ્ટ શરીર તે.

(૨) **ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન** (ન્યગ્રોધ=વડલો) નાભિ ઉપરનાં અંગો શુભ લક્ષણ અને પ્રમાણ યુકત હોય તેવા પ્રકારનું શરીર તે.

(૩) **સાદિ સંસ્થાન** જેના ઉદયે નાભિ નીચેના અંગો શુભ લક્ષણ અને પ્રમાણયુકત હોય


ફફફફફફફફફફફફફફ

આંખે પાટા જેવું
જ્ઞાનાવરણીય કર્મ

આંખે બાંધેલ પાટાના કારણે જોવાની શકિત હોવા છતાં કંઇ દેખાતું નથી. ગુરૂકૃપા અને જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા વડે આ પાટામાં નાનાં મોટાં છિદ્રો પાડવામાં આવે તો તે મુજબ જ્ઞાન દૃષ્ટિ ખીલી શકે.

ફફફફફફફફફફફફફફ

રાજાના દ્વારપાળ જેવું : દર્શનાવરણીય કર્મ




વેદનીય કર્મ : મધથી ખરડાયેલ છરી જેવું

છરી ઉપરનું મધ ચાટતાં મીઠો સ્વાદ લાગે તે શાતાવેદનીય અને જીભ કપાય એટલે અશાતાવેદનીયનો અનુભવ થાય।

મોહનીય કર્મ
મદિરા જેવું.

મદિરા પીવામાં અલ્પ આનંદનો અનુભવ થાય છે પણ જ્યારે ભાન ઉડી જતાં ગટરમાં પડયા બાદ બેહાલ અવસ્થાને પામી મોંઢા ઉપર કુત્તરાં જેવા તુચ્છ પ્રાણી લઘુ-શંકા કરી જાય ત્યારે કેવી કફોડી સ્થિતિમાં આવી પડાય છે ?





ચિત્રકાર જેવું : નામ કર્મ

જેવું નામકર્મ બાંધ્યું હોય તે મુજબ દેવગતિ, મનુષ્ય ગતિ, તિર્યંચગતિ કે નરક ગતિમાં જવાનું બને છે.




રાજાના ભંડારી જેવું : અંતરાય કર્મ

રાજાને દાન દેવાની ઇચ્છા છે. છતાં ભંડારી વચમાં વિઘ્ન ઉપસ્થિત કરી શકે છે ખરો.

બેડી જેવું
આયુષ્ય કર્મ

સજા પામેલ કેદી નિયત મુદત પહેલાં કે પછી મુક્ત ન થઇ શકે તેવું આ આયુષ્યકર્મમાંથી વહેલાં કે મોડાં મુક્ત ન થવાય. અકસ્માત કે આપઘાતમાં મૃત્યુ કે બચાવનુ રહસ્ય આ રીતે સમજાય.





કુંભારના ઘડા જેવું : ગોત્ર કર્મ

એકજ કુંભાર એકજ માટીમાંથી ઘડા બનાવે છે છતાંય એકનો ઉપયોગ મદિરા રાખવા માટે થાય છે. જ્યારે બીજાનો અમૃત રાખવા માટે.

મોહનીય : મિથ્યાત્વમોહનીય = ... ૧

(૨૬)	અનંતાનુબંધી	ક્રોધ,	માન,	માયા,	લોભ.
	અપ્રત્યાખ્યાની	,,	,,	,,	,,
	પ્રત્યાખ્યાની	,,	,,	,,	,,
	સંજ્વલન	,,	,,	,,	,,

૪×૪ = ૧૬ કષાય

હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ } = ૯ નોકષાય

કુલ્લે ૨૬

અંતરાય :- દાનાન્તરાય, લાભાતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.

અઘાતી કર્મ:— વેદનીય : અશાતાવેદનીય. આયુષ્ય : નરકાયુ.
ગોત્ર : નીચ ગોત્ર. નામકર્મ : સ્થાવર દસક :- સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ


નામકર્મ:— પ્રત્યેક : ઉપઘાત.

પિંડપ્રકૃતિ : ગતિ :- તિર્યંચગતિ, નરકગતિ.
જાતિ :- એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય
સંઘયણ :- ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ઠું.
સંસ્થાન :- ન્યગ્રોધ પરિમંડળ, સાદિ, કુબ્જ, વામન, હુંડક
વર્ણ :- (અશુભવર્ણ), ગંધ; (દુર્ગંધ)
રસ :- (અશુભરસ), સ્પર્શ; (અશુભ સ્પર્શ)
આનુપૂર્વી .- તિર્યંચાનુપૂર્વી, નરકાનુપૂર્વી.
વિહાયોગતિ :- અશુભ વિહાયોગતિ.

પાપનાં ૮૨ ભેદનું કોષ્ટક

જ્ઞાનાવરણીય	૫	વેદનીય	૧
દર્શનાવરણીય	૯	આયુષ્ય	૧
મોહનીય	૨૬	ગોત્ર	૧
અંતરાય	૫	નામકર્મ	૩૪
ઘાતીકર્મ	૪૫	અઘાતીકર્મ	૩૭
		સ્થાવર પ્રત્યેક પિ-પ્રકૃતિ ૧૦ + ૧ + ૨૩	

૪૫ + ૩૭ = ૮૨



ઘરમાં સોનામહોરોનો વરસાદ થાય અને લીલા
લહેર થઇ પડે એવા સ્વપ્નાની સિદ્ધિ માટે
'ધનલાભ'ના
આશીર્વાદ લેવા તો જોષી મહારાજ પાસેજ
જવાનું હોય. પછી ભલે ને
સોનામહોરોને બદલે પાપનો પુંજ એકઠો થાય

પાપ તત્ત્વના ૮૨ ભેદ

ઘાતી કર્મ :-

જ્ઞાનાવરણીય : મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અવધિજ્ઞાનાવરણીય.
(૫) મનઃપર્યવ જ્ઞાનાવરણીય. કેવલજ્ઞાનાવરણીય.

દર્શનાવરણીય. ચક્ષુ૦ અચક્ષુ૦ અવધિ૦
(૯) કેવલદર્શનાવરણીય, નિદ્રા,
નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થીણદ્ધિ.

મોહનીય : મિથ્યાત્વમોહનીય = ... ૧

(૨૬)	અનંતાનુબંધી	ક્રોધ, માન, માયા, લોભ.
	અપ્રત્યાખ્યાની	,, ,, ,, ,,
	પ્રત્યાખ્યાની	,, ,, ,, ,,
	સંજ્વલન	,, ,, ,, ,,

૪×૪ = ૧૬ કષાય

હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ } = ૯ નોકષાય

કુલ્લે ૨૬

અંતરાય :- દાનાન્તરાય, લાભાતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાંતરાય.

અઘાતી કર્મ:— વેદનીય : અશાતાવેદનીય. આયુષ્ય : નરકાયુ.

ગોત્ર : નીચ ગોત્ર. નામકર્મ : સ્થાવર દસક :- સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અપયશ

નામકર્મ:— પ્રત્યેક : ઉપઘાત.

પિંડપ્રકૃતિ : ગતિ :- તિર્યંચગતિ, નરકગતિ.

જાતિ :- એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય

સંઘયણ :- ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા, છેવટ્ઠું.

સંસ્થાન :- ન્યગ્રોધ પરિમંડળ, સાદિ, કુબ્જ, વામન, હુંડક

વર્ણ - (અશુભવર્ણ), ગંધ; (દુર્ગંધ)

રસ :- (અશુભરસ), સ્પર્શ; (અશુભ સ્પર્શ)

આનુપૂર્વી .- તિર્યંચાનુપૂર્વી, નરકાનુપૂર્વી.

વિહાયોગતિ :- અશુભ વિહાયોગતિ.

પાપનાં ૮૨ ભેદનું કોષ્ટક

જ્ઞાનાવરણીય	૫	વેદનીય	૧
દર્શનાવરણીય	૯	આયુષ્ય	૧
મોહનીય	૨૬	ગોત્ર	૧
અંતરાય	૫	નામકર્મ	૩૪
ઘાતીકર્મ	૪૫	અઘાતીકર્મ	
		સ્થાવર પ્રત્યે	
		૧૦ +	

+ ૩૭ =

પાપ તત્ત્વ

પાપ (અશુભકર્મ) ના ઉદયથી પ્રતિકૂળતા મળે છે

(૧) જીવને મૂર્ખપણું, કૃપણતા અને દરિદ્રતા એ અનુક્રમે **જ્ઞાનાવરણીય, દાનાંતરાય** અને **લાભાંતરાય** કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

(૨) ભોગ્ય, ઉપભોગ્ય, ભોજન, વસ્ત્રાદિ સાધન-સામગ્રી મળવા છતાં ભોગાંતરાય અને ઉપભોગાંતરાયકર્મના ઉદયથી જીવ તે સામગ્રીનો ઉપભોગ કરી શકતો નથી.

(૩) સાંસારિક. સામાજિક કે ધાર્મિક કાર્યોમાં શારીરિક શક્તિ હોવા છતા વીર્યાંતરાય કર્મના ઉદયથી જીવ પ્રવૃત્તિ કરી શકતો નથી.

(૪) આધિ, વ્યાધિ, ઉપાધિ, રોગ, સંતાપ આદિ અનેક દુઃખો અશાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે.

(૫) નીંદનીય નીચકુળમાં જન્મ, નીચગોત્રકર્મના ઉદયથી મળે છે

(૬) નરકગતિ કે પશુ-પંખીપણામાં કીડા, મંકોડા, માટી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિની અનેક જાતિઓમા જન્મ, નરકગતિ આયુષ્ય અને તિર્યંચગતિ, આયુષ્યકર્મના ઉદયથી થાય છે

(૭) શોક, ભય, ઉદ્વેગ, ક્રોધ, અભિમાન, કપટ. ઇર્ષ્યા, લોભ વિ. મોહનીય કર્મના ઉદયથી થાય છે.

(૮) દુર્ભાગ્ય (બીજાને અપ્રિય થવું) અપયશ-અપમાન વિગેરે નામકર્મના ઉદયથી મળે છે આવી રીતે ૮૨ પ્રકારે પાપ (અશુભકર્મ) નું ફળ ભોગવાય છે અને તે સામાન્યથી.

અશુભકર્મ બંધના હેતુ ૧૮ પ્રકારના છે તે ૧૮ પાપસ્થાનક તરીકે પ્રસિદ્ધ છે

(૧) **પ્રાણાતિપાત....** જીવહિંસા કરવાથી. (૨) **મૃષાવાદ...** જૂઠ બોલવાથી. (૩) **અદત્તાદાન...** ચોરી કરવાથી (૪) **મૈથુન....** વિષયભોગ કરવાથી. (૫) **પરિગ્રહ...** ધન-ધાન્યાદિપર મમત્વ ભાવ રાખવાથી. (૬) **ક્રોધ** (૭) **માન** (૮) **માયા** (૯) **લોભ** (૧૦) **રાગ** (૧૧) **દ્વેષ** કરવાથી (૧૨) **કલહ...** કજીયો કરવાથી (૧૩) **અભ્યાખ્યાન....** ખોટા કલંક દેવાથી (૧૪) **પૈશુન્ય...** ચાડી-ચુગલી કરવાથી (૧૫) **રતિ-અરતિ....** હર્ષ કે ઉદ્વેગ કરવાથી. (૧૬) **પર-પરિવાદ...** પારકી નિંદા-કુથલી કરવાથી (૧૭) **માયા-મૃષાવાદ....** માયાપૂર્વક અસત્ય વચન બોલવાથી (૧૮) **મિથ્યાત્વશલ્ય...** તત્ત્વની અશ્રદ્ધા કે વિપરીત શ્રદ્ધા કરવાથી ૮૨ પ્રકારના અશુભકર્મ બંધાય છે તેના ઉદયથી તેના ફળ રૂપે અશાતા, રોગ, શોકાદિ વિવિધ દુઃખ-આપત્તિનો અનુભવ થાય છે

સ્વાધ્યાય

(૧) દર્શનાવરણીય, મોહનીય અને ગોત્રકર્મના કેટલા ભેદ ? કયા ગુણને રોકે અને કોના જેવું ?

(૨) મતિજ્ઞાનાવરણીય, મનઃપર્યવજ્ઞાનાવરણીય એટલે શું ?

(૩) કેવલદર્શનાવરણીય, પ્રચલા અને થીણદ્ધી કોને કહેવાય ?

(૪) (અ) મોહનીયકર્મ કેટલા પ્રકારે ?
(બ) મિશ્રમોહનીય એટલે શું ?

(૫) ચારિત્રમોહનીયના કેટલા ભેદ ? અને તે કયા કયા ?

(૬) કષાય એટલે શું ? અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની કષાયની વ્યાખ્યા શું અને તે કયા ગુણોને રોકે ? અને એની કાળસ્થિતિ કેટલી ?

(૭) રતિ, શોક, જુગુપ્સા એટલે શું ?

(૮) (અ) ગોત્ર તથા અંતરાયકર્મના કેટલા ભેદ અને તે કયા કયા ?
(બ) દાનાંતરાય, ભોગાંતરાય અને વીર્યાંતરાય કોને કહેવાય ?

(૯) નામકર્મના કેટલા ભેદ ?

(૧૦) અગુરુલઘુ, ઉદ્યોત, ઉપઘાતની વ્યાખ્યા શું ?

(૧૧) બાદર, દુર્ભગ, પ્રત્યેક અને અનાદેય એટલે શું ?

(૧૨) બંધન એટલે શું ? અને તે કેટલા પ્રકારે ?

(૧૩) શરીર કેટલા પ્રકારે આહારક, તૈજસ અને કાર્મણ શરીર કોને કહેવાય ? આપણને કેટલા શરીર છે ? કયા કયા ?

(૧૪) નારાચસંઘયણ, સાદી સંસ્થાન કેવા પ્રકારનું હોય ? આપણું સંઘયણ કયું છે ?


(૧૫) ઉદીરણા એટલે શું ? અને એની અપેક્ષાએ કેટલી પ્રકૃતિ હોય ?

(૧૬) પુણ્યતત્ત્વના કેટલા ભેદ ? અને તે કઈ રીતે ?

(૧૭) પાપતત્ત્વના ૮૨ ભેદમા ઘાતી તથા અઘાતીકર્મની કેટલી પ્રકૃતિઓ છે ?

પાઠ ૧૯  આશ્રવ તત્ત્વ



મકાનનાં બારી-બારણાં ખુલ્લાં અને ઉપર છાપરામાં
મોટાં કાણાં દેખી કૂતરા, ગલુડીઆ, બકરી, ઊંટ
અને કાગડા જેવા "કુમિત્રો" અંદર ઘૂસવા
તૈયાર બેઠાં છે !

—: આશ્રવ :—

જેનાથી આત્મામાં કર્મરૂપ પ્રવાહ આવે અથવા તો કર્મબંધના હેતુઓ.

આશ્રવ તત્ત્વના ૪૨ ભેદ

અસંયમ (૧૭)	ઇન્દ્રિય	૫	સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોતેન્દ્રિય.
	કષાય	૪	ક્રોધ, માન, માયા, લોભ.
	અવ્રત	૫	પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ
	યોગ	૩	મનોયોગ, વચનયોગ, કાયયોગ.

ક્રિયાઓ ૨૫ : કાયિકી વિગેરે.

કુલ ૪૨ ભેદો

૨૫ ક્રિયાઓ :-

(૧) કાયિકીક્રિયા : અજયણાથી વર્તવું તે. જોયા, પ્રમાર્જ્યા વગર, ઉપયોગ વિના, સુવા બેસવાથી કાયા દ્વારા જે ક્રિયા લાગે.
(૨) અધિકરણિકી ક્રિયા : છરી, ચાકુ, તલવાર, ઘંટી વિગેરે અધિકરણો દ્વારા જે ક્રિયા લાગે.
(અધિકરણ=જીવનિનાશક વસ્તુ કે પ્રવૃત્તિ)
(૩) પ્રાદ્વેષિકી ક્રિયા : જીવ કે અજીવ ઉપર દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે.
(૪) પારિતાપનિકી ક્રિયા : પોતા ઉપર કે બીજા ઉપર કોપ વિગેરે પરિતાપ-પીડા ઉપજાવવાથી જે ક્રિયા લાગે.
(૫) પ્રાણાતિપાતિકી ક્રિયા : જીવોના પ્રાણોની હિંસા કરવાથી જે ક્રિયા લાગે.
(૬) આરંભિકી ક્રિયા : ખેતી વિગેરે આરંભ સમારંભથી જે ક્રિયા લાગે.
(૭) પરિગ્રહિકી ક્રિયા : ધન-ધાન્ય વિગેરેના સંગ્રહ (મારાપણાના ભાવ)થી જે ક્રિયા લાગે.
(૮) માયાપ્રત્યયિકી ક્રિયા : માયા, છળકપટ દ્વારા બીજાને છેતરવાથી જે ક્રિયા લાગે.
(૯) મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા : અરિહંત પરમાત્માના વચન ઉપર અશ્રદ્ધા રાખવાથી જે ક્રિયા લાગે
(૧૦) અપ્રત્યાખ્યાનિકી ક્રિયા : વ્રત-પચ્ચખાણ (નિયમ) ન કરવાથી જે ક્રિયા લાગે.

(બાકીની ક્રિયાઓ પાઠ ૩૦ માં)

પાઠ ૩૦ આશ્રવ તત્ત્વ (ચાલુ)

૨૫ ક્રિયાઓ :-

(૧૧) **દૃષ્ટિકી ક્રિયા** : ગમતા કે અણગમતા પદાર્થો પર સરાગ દૃષ્ટિ કરવાથી જે ક્રિયા લાગે.

(૧૨) **સ્પૃષ્ટિકી ક્રિયા** : રાગથી બાળક વિગેરે કોઈ પણ વસ્તુ પર સ્પર્શ કરવાથી જે ક્રિયા લાગે.

(૧૩) **પ્રાતિત્યકી ક્રિયા** : બીજાની રિદ્ધિ-સિદ્ધિ જોઈ રાગ-દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે

(૧૪) **સામંતોપનિપાતિકી ક્રિયા** : ચોમેરથી પોતાની રિદ્ધિ-સિદ્ધિ જોવા આવેલ લોકો પાસેથી પોતાની પ્રશંસા સાભળી રાજી થાય અથવા ઘી, તેલ વિગેરેના પાત્ર ઉઘાડા રાખતા, તેમાં ત્રસ જીવોની હિંસાથી જે ક્રિયા લાગે.

(૧૫) **નૈશસ્ત્રકી ક્રિયા** રાજા વિગેરેની આજ્ઞાથી બીજા પાસે શસ્ત્ર વિગેરે કરાવવાથી જે ક્રિયા લાગે.

(૧૬) **સ્વહસ્તિકી ક્રિયા** આપઘાત કરવાથી કે પોતાના હાથે જીવોને મારવાથી જે ક્રિયા લાગે.

(૧૭) **આજ્ઞાપનિકી ક્રિયા** : બીજાને આજ્ઞા કરી પાપવ્યાપાર આદિ કાર્યો કરાવવાથી જે ક્રિયા લાગે.

(૧૮) **વિદારણિકી ક્રિયા** · જીવ કે નિર્જીવ વસ્તુ (ફોટા-મૂર્તિ) ને વિદારવા (ભાંગવા-ફોડવા) થી કે કોઈને ગાળ, કલંક દેવાથી જે ક્રિયા લાગે.

(૧૯) **અનાભોગિકી ક્રિયા** : ઉપયોગ રહિત, શૂન્ય ચિત્ત ક્રિયા (કાર્ય) કરવાથી જે ક્રિયા લાગે.

(૨૦) **અનવકાંક્ષા પ્રત્યયિકી ક્રિયા** : પોતાના કે પરના હિતનો વિચાર કર્યા વિના આલોક કે પરલોક વિરૂદ્ધ આચરણ કરવાથી જે ક્રિયા લાગે.

(૨૧) **પ્રાયોગિકી ક્રિયા** : મન, વચન, કાયાના અશુભ વ્યાપાર દ્વારા જે ક્રિયા લાગે.

(૨૨) **સામુદાયિકી ક્રિયા** : સમૂહમાં મળીને હિંસાદિ કરવાથી (સિનેમા જોવું, યુદ્ધ કરવું) અથવા આઠે કર્મોનો સમુદાય જેથી બંધાય તે.

(૨૩) **પ્રેમિકી ક્રિયા** : (માયા કે લોભના વશથી) પ્રેમ (રાગ) કરવાથી કે પ્રેમ ઉપજે તેવા વચન બોલવાથી કે તેવી પ્રવૃત્તિ કરવાથી જે ક્રિયા લાગે.

(૨૪) **દ્વેષિકી ક્રિયા** ; (ક્રોધ કે માનના વશથી) દ્વેષ (ક્રોધ) કરવાથી કે બીજાને દ્વેષ ઉત્પન્ન થાય તેવી પ્રવૃત્તિ કરવાથી જે ક્રિયા લાગે.

(૨૫) **ઇર્યાપથિકી ક્રિયા** : ગમનાગમન કરવા માત્રથી જે ક્રિયા લાગે. (માત્ર કેવળીને આ ક્રિયા લાગે છે)



આશ્રવ તત્ત્વ

તત્ત્વના જ્ઞાનથી શુભાશુભ કર્મનો બંધ, જે જે પ્રકારની શુભાશુભ પ્રવૃત્તિથી થાય છે, તે સરળતાથી સારી રીતે જાણી શકાય છે.


અશુભ પ્રવૃત્તિને છોડી દેવાથી અશુભકર્મનો બંધ થતો અટકાવી શકાય છે. દેવ, ગુરૂ, સંઘ, સાધર્મિક વિગેરેની ભક્તિ, ઉપાસના આદિ ધર્મમાં પ્રશસ્તભાવે ઉપયોગ તે શુભ આશ્રવ છે તેથી ભિન્ન અર્થ અને કામમા ઉપયોગ તે અશુભ આશ્રવ છે. ઇન્દ્રિયોનું દમન કરવાથી, ક્રોધાદિનો જય કરવાથી, પ્રાણાતિપાતાદિ પાચે પાપોના ત્યાગની પ્રતિજ્ઞાથી, મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિથી આશ્રવ અટકે છે. અને એથી વિપરીત પ્રવૃત્તિથી આશ્રવ થાય છે

આશ્રવના ૪૨ ભેદોનો સમાવેશ સામાન્યતઃ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગમાં થઇ જાય છે.

૧૮ પાપસ્થાનકોનો પણ સમાવેશ આશ્રવના ૪૨ ભેદોમા થએલો છે

પ્યારા મિત્રો ! શરીર ક્ષણધ્વંસી છે. સંપત્તિ વિનશ્વર છે. મૃત્યુ આપણી નજર સામેજ છે. માટે અશુભ પાપપ્રવૃત્તિને છોડી ધર્મસાધનામા નિરંતર ઉદ્યમવંત રહેવું.

પાઠ ૩૧ સંવર તત્ત્વ



બારી-બારણાં બંધ હોવાથી અને ઉપરથી તાળું લાગી ગયું હોવાથી તેમજ છાપરૂં સચવાઇ જવાથી આશ્રવના 'કુમિત્રો' નિરાશ થઇ, લાચાર બની ગએલા જણાય છે

"વ્રત, નિયમ લીધા વગર અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ઇત્યાદિ પાળીશું", એમ માનનારને ખબર નથી કે કઈ ગફલતની ઘડીએ, કુતરાં, ગલુડીઆં, બકરાં, ઊંટ અને કાગડા ઘરમાં ઘૂસી જાય !

જ્યારે વ્રત, નિયમ, પચ્ચખાણરૂપી તાળું દેખતાં આ બિચારાં 'કુમિત્રો' નિરાશ જ રહેવાના અને તેથી તમો તદ્દન નિર્બંધ રહેશો.

સંવર તત્ત્વના ૫૭ ભેદ

સમિતિ	ગુપ્તિ	પરિષહ	યતિધર્મ	ભાવના	ચારિત્ર
(૫)	(૩)	(૨૨)	(૧૦)	(૧૨)	(૫)

સમિતિ-૫

શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞા પ્રમાણે સમ્યગ્ પ્રવૃત્તિ કરવી અથવા યતના (જયણા) વડે પ્રવૃત્તિ કરવી.

(૧) **ઇર્યા સમિતિ :** ઉપયોગપૂર્વક ગમન કરવું, માર્ગમાં જયણા વડે ચાલવું. (૩II હાથ નીચી દૃષ્ટિ રાખીને ચાલવું)

(૨) **ભાષા સમિતિ :** મુહપત્તિનો ઉપયોગ રાખી નિરવદ્ય, નિર્દોષ વચન બોલવું તે.

(૩) **એષણા સમિતિ :** સાધુ ભગવંત ૪૨ દોષ રહિત આહાર વિગેરે ગ્રહણ કરે તે.

(૪) **આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ :** કોઈપણ વસ્તુ લેતાં કે મૂકતાં જીવની વિરાધના ન થાય એ રીતે પુંજી-પ્રમાર્જી લેવી કે મૂકવી તે.

(૫) **પારિષ્ઠાપનિકા સમિતિ :** કફ, મલમૂત્ર કે સદોષ આહારાદિ નિર્જીવ સ્થળે જયણાપૂર્વક પરઠવે (નાંખે) તે.

ગુપ્તિ-૩

શુભ કાર્યમાં પ્રવૃત્તિ અને અને અશુભ કાર્યથી નિવૃત્તિ.


(૧) **મનોગુપ્તિ :** ખરાબ વિચારોને છોડી સારા વિચારો કરવા તે.


(૨) **વચન ગુપ્તિ** બીજાને દુઃખ થાય કે અહિત થાય એવા અપ્રિય. અહિતકારી સાવદ્ય વચનનો ત્યાગ કરી, પ્રિય હિતકારી પાપ રહિત વચન બોલવું અથવા મૌન ધારણ કરવું તે


(૩) **કાયગુપ્તિ :** કારણ વિના કાયાની ચપળતાનો ત્યાગ કરી. કાયાને સંયમમાં રાખવી

૫ સમિતિ અને ૩ ગુપ્તિ એને
અષ્ટ પ્રવચન માતા
કહેવાય છે

પાપથી બચવા આ અષ્ટ પ્રવચન માતાનું નિર્મળ રીતે પાલન કરવું જોઈએ





પરિષહ : આવતા કષ્ટોને સમભાવે સહન કરવાં તે.

(૧) **ક્ષુધા** : નિર્દોષ આહારની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સદોષ આહાર લેવાની ઈચ્છા ન કરવી પણ ભૂખ (ક્ષુધા) ને સહન કરવી વિગેરે.

(૨) **પિપાસા** : તરસ ઘણી લાગી હોય છતાં સચિત્ત (અલગણ) પાણી પીવાની ઈચ્છા ન કરવી પણ તરસને સહન કરવી.

(૩) **શીત** : સખત ઠંડી પડતી હોય છતાં વધારે ઉપકરણોનો ઉપયોગ તેમજ અગ્નિથી તાપવા વિગેરેનો વિચાર પણ ન કરે પરંતુ ઠંડીને સહન કરે.

(૪) **ઉષ્ણ** : અતિ ગરમી પડતી હોય છતાં તાપથી પીડિત થઇને સ્નાન, વાયુ કે પંખો બરફ વિગેરેનો ઉપયોગ ન કરે. ગરમી સહન કરે.

(૫) **દંશ** . મચ્છર, ડાંસ, માકડ વિગેરેના ત્રાસથી ખિન્ન ન થવું પણ સહન કરવું.

(૬) **અચેલક** : સાધુએ જરૂરપૂરતા ઉપકરણો રાખવા પણ અતિ કિંમતી કે પ્રમાણથી વધારે ઉપકરણો ન રાખવા અને જીર્ણ મલિન વસ્ત્ર મળે છતાં ખેદ ન કરવો તે.

(૭) **અરતિ** : ગમે તેવું દુઃખ આવી પડે કે મનગમતી વસ્તુ ન મળે તો મનમાં ખેદ ન કરે તે.

(૮) **સ્ત્રી** : સ્ત્રીઓના મનોહર રૂપ, રંગ, હાવભાવ જોઈ ચિત્તમાં ક્ષોભ ન કરવો તે.

(૯) **ચર્યા** : પવનની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરવો અથવા વિહારમાં આવતી પ્રતિકૂળતા સહન કરવી તે.

(૧૦) **નિષદ્યા** : સ્મશાન કે શૂન્યઘર વિગેરેમાં કાઉસગ્ગ ધ્યાને રહેતાં અનેક પ્રકારે ઉપસર્ગ આવી પડે તો ચિત્તને ચલાયમાન ન કરવું.

(૧૧) **શય્યા** : ઊંચી-નીચી, ખાડા-ધૂળવાળી જગ્યા હોય, હવા-ઉજાસ વિનાની વસતી હોય અને ત્યાં સંથારો કરવો પડે તો ખેદ ન પામવો

(૧૨) **આક્રોશ** : કોઈ પોતાને કઠોર વચન બોલે તે છતાં દૃઢપ્રહારીની જેમ સહન કરે પણ ક્રોધ ન કરે તે.

(૧૩) **વધ** : કોઇ લાકડી કે પત્થરથી મારે તો પણ ખંધકસૂરિના શિષ્યોની જેમ સહન કરવું પણ સામા ઉપર દ્વેષ ધારણ ન કરવો તે.

(૧૪) **યાચના** : સાધુઓ સંયમ ઉપયોગી વસ્તુઓ ગૃહસ્થને ઘેર માંગતા શરમ ન રાખે તે.

(૧૫) **અલાભ** : અંતરાયકર્મના ઉદયથી નિર્દોષ ભિક્ષાનો લાભ ન થાય તો પણ ઢંઢણ ઋષિની જેમ મનમાં ઉદ્વેગ ન કરવો તે.

(૧૬) **રોગ** : અશાતા વેદનીયકર્મના ઉદયે રોગ આવી પડે તો દવાની અપેક્ષા રાખ્યા વિના સનત્કુમારની જેમ સહન કરે પણ હાયવોય ન કરે.

(૧૭) **તૃણ સ્પર્શ** . હાલતાં-ચાલતાં કે સંથારા વિગેરેમાં કાંટા ડાભ આદિનો સ્પર્શ દેહને પીડા કરે તો ઉદ્વેગ ન કરવો.

(૧૮) **મલ** : શરીર મેલથી મલિન બન્યું હોય કે પરસેવાથી ભીંજાઈ ગયુ હોય તો પણ સ્નાન કરવાની ઇચ્છા ન કરે તે.

(૧૯) **સત્કાર** : ભક્ત વર્ગ તરફથી સારી રીતે સત્કાર મળતો હોય તો પણ હર્ષ ન કરવો તે.

(૨૦) **પ્રજ્ઞા** : બુધ્ધિશાળી હોવાથી જ્ઞાન ઘણું હોય તો પણ ગર્વ (અભિમાન) ન કરવો તે.

(૨૧) **અજ્ઞાન** : જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી ઉદ્યમ કરવા છતા જ્ઞાન ન આવડે તો મનમાં દુઃખ ન લાવવું પણ પોતાના કદુકર્મના વિપાકનું આ ફળ છે એમ વિચારવું.

(૨૨) **સમ્યક્ત્વ** · શ્રી જિનેશ્વરના વચનમાં શંકા ન કરવી શાસ્ત્ર રહસ્યો ગમે તેવા સૂક્ષ્મ-બુદ્ધિગમ્ય હોય તો પણ સમજવા પ્રયત્ન કરે, પણ સંદેહ ન કરે તે



પાઠ ૩૩ ●◉●◉●◉ સંવર તત્ત્વ (ચાલુ)

યતિધર્મ–૧૦

(૧) ક્ષમા (સમતા) : ગમે તેવા પ્રસંગોમાં ક્રોધ ન કરવો. સમતા મૃદુતા રાખવી તે

(૨) માર્દવ (મૃદુતા) : નમ્રતા, વિનય, લઘુતા આદિ ગુણો કેળવવા. અહંકારનો ત્યાગ કરવો.

(૩) આર્જવ (સરળતા) : માયા, કપટનો ત્યાગ કરી સરળતા રાખવી.

(૪) મુક્તિ (નિર્લોભતા) : લોભનો ત્યાગ કરી સંતોષ રાખવો.

(૫) તપ : ઈચ્છાનો નિરોધ કરવો તે તપ. બાહ્ય અને અભ્યંતર ભેદથી ૧૨ પ્રકારે છે.

(૬) સંયમ : ઈન્દ્રિયોનું દમન. પ્રાણાતિપાત આદિથી વિરામ પામવુ તે.

(૭) સત્ય : બીજાને પ્રિય અને હિતકારી લાગે તેવું સાચું વચન બોલવું તે.

(૮) શૌચ : (દ્રવ્ય શૌચ, ભાવ શૌચ = મનની પવિત્રતા) : સર્વ જીવોને સુખ ઉપજે એવી રીતે વર્તવું. અથવા અદત્તાદાનનો ત્યાગ.

(૯) અકિંચનત્વ : મમત્વ રૂપ સર્વ પરિગ્રહનો ત્યાગ.

(૧૦) બ્રહ્મચર્ય : સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન. મૈથુનનો ત્યાગ. (બ્રહ્મ=આત્મા, ચર્ય=રમણતા : આત્મરમણતા કરવી)

ભાવના–૧૨

(૧) અનિત્ય : સંસારના સર્વ પદાર્થો અનિત્ય છે.... ક્ષણભંગુર છે. કાયા.... માયા.. હાટ હવેલી.... સત્તા... સંપત્તિ રૂપ... યૌવન.... આયુષ્ય વિગેરે બધું અનિત્ય છે એમ વિચારવુ તે.

(૨) અશરણ : જન્મ, જરા અને મૃત્યુના ભયરૂપ આ સંસારમા પ્રાણીને કોઈ શરણભૂત નથી. માત્ર ધર્મ એકજ શરણભૂત છે એમ વિચારવું તે.

(૩) **સંસાર :** આ સંસારમા જીવ અનાદિ કાળથી જન્મ, જરા અને મૃત્યુની અનંત યાતનાઓ સહન કરી રહ્યો છે. ખરેખર આ સંસારજ દુઃખરૂપ છે. આવા અસાર સંસાર ઉપર કેમ અણગમો થતો નથી ? એમ વિચારવું તે.

(૪) **એકત્વ :** આ જીવ એકલોજ આવ્યો છે અને એકલોજ જવાનો છે. મારૂં આ દુનિયામાં કોઈ નથી, છતાં મારૂં.... મારૂં.... કેમ કરી રહ્યો છું ? એવી ભાવના ભાવવી તે.

(૫) **અન્યત્વ :** દેહથી મારો આત્મા જુદો છે. પિતા, પુત્ર, સ્રી, ધન વિગેરે કોઈ કોઈના નથી.... એમ ચિંતવવું તે.

(૬) **અશુચિ :** સાત ધાતુથી બનેલું આ શરીર.... મલમૂત્ર.... વિગેરે અશૂચિ પદાર્થોથી ભરેલું છે.... એમ ચિંતવવું તે.

(૭) **આશ્રવ :** સંસારમાં રહેલા જીવો નિરંતર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને પ્રમાદના યોગથી કર્મ બાંધ્યા કરે છે અને તેથીજ આ અનાદિ સંસારમાં ભટકવાનું ચાલુજ છે એમ વિચારવું તે.

(૮) **સંવર :** આશ્રવ ભાવનામાં આવતાં કર્મબંધના હેતુઓને અટકાવવાના ઉપાય રૂપ સમિતિ, ગુપ્તિ આદિનું પાલન છે અને તે સંવર ધર્મરૂપ છે એમ વિચારવું તે.

(૯) **નિર્જરા :** સકામ નિર્જરા કરવા માટે બાર પ્રકારના તપનો આશ્રય જોઇએ. એથી અંશે અંશે કર્મનો ક્ષય થાય છે એમ ચિંતવવું તે.

(૧૦) **લોકસ્વભાવ :** લોકસ્વરૂપનું ચિંતન કરવું. જેમ કે આ લોક ચૌદરાજ ઊંચું છે અને બે પગ પહોળા કરી, કેડે હાથ મૂકી ઊભેલા પુરૂષની માફક આકૃતિવાળો છે અને તેમાં રહેલા ધર્માસ્તિકાયાદિનું સ્વરૂપ વિચારવું તે

(૧૧) **બોધિ દુર્લભ :** અનંતાનંત કાલે દુર્લભ એવું મનુષ્યપણું જૈન ધર્મની પ્રાપ્તિ વિગેરે ઉત્તમ સામગ્રીનો જોગ મળ્યો હોય છતા પણ જીવને બોધિબીજ (સમકિત)ની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે એમ વિચારવુ તે

(૧૨) **ધર્મભાવના** દુસ્તર એવા આ સંસારસાગરથી પાર ઉતરવાને વહાણ સમાન શ્રી અરિહંત પરમાત્મા પ્રણીત ધર્મજ છે આ પ્રમાણે ચારિત્રધર્મનું ચિંતવન કરવું આવા ધર્મના ઉપદેશક શ્રી અરિહંત પરમાત્માનો યોગ થવો અતિ દુર્લભ છે એમ વિચારવુ તે

પાઠ ૩૪ સંવરતત્ત્વ ચાલુ

ચારિત્ર-૫

ચારિત્ર : સર્વ સાવદ્ય (પાપ) વ્યાપારનો ત્યાગ કરી નિર્દોષ જીવન જીવવું તે.

(૧) **સામાયિક** . (લઘુ દીક્ષા) : શુદ્ધિપૂર્વક પવિત્ર પંચાચારનું પાલન કરવું તે

(૨) **છેદોપસ્થાપનીય** : (વડી દીક્ષા) : સામાયિક ચારિત્રના પર્યાયનો છેદ કરી પાંચ મહાવ્રતોનો સ્વીકાર તે

(૩) **પરિહારવિશુદ્ધિ** : નવ સાધુઓ ગચ્છની બહાર નીકળી અઢાર માસ માટે પરિહાર કલ્પ સ્વીકારે. ૪ સાધુઓ છ માસ તપ કરે, ૪ સાધુ તેમની વૈયાવચ્ચ કરે અને એક સાધુ વાચનાચાર્ય ગુરૂ થાય પછીના છ માસ વૈયાવચ્ચવાળા સાધુઓ તપ કરે એવા પ્રકારનું વિશિષ્ટ ચારિત્ર તે.

(૪) **સૂક્ષ્મસંપરાય** : ૧૦ મા ગુણસ્થાનકને પામેલા સાધુને અલ્પ કષાય (લોભ) હોય છે તેવા સાધુઓનું જે નિર્મળ ચારિત્ર તે.

(૫) **યથાખ્યાત** : કષાયોનો સર્વથા ઉપશમ કે ક્ષય થતાં સાધુઓને જે નિર્મળ ચારિત્ર હોય છે તે.

(આ ચારિત્ર વીતરાગને જ ૧૧, ૧૨, ૧૩, ૧૪ ગુણ ઠાણે હોય છે)

સ્નાનથી	તનની	શુદ્ધિ	થાય	છે.
દાનથી	ધનની	”	”	”
ધ્યાનથી	મનની	”	”	”
જ્ઞાનથી	જીવનની	”	”	”
તપથી	આત્માની	”	”	”

સંવર તત્ત્વ

અનાદિ અનંતકાળથી આપણો આત્મા મિથ્યાત્વાદિ હેતુઓથી કર્મબંધ કરી, તેના ફળ રૂપે ચારગતિ રૂપ ચોરાસી લાખ જીવાયોનિના ચક્કરમાં પરિભ્રમણ કરી નાનાવિધ દુઃખ-વેદના ગર્ભિત જન્મ, જરા, મરણની અનેક યાતનાઓને સહન કરી રહ્યો છે

ભવપ્રપંચમાં દુઃખ વિના કયાય સુખનો લેશ પણ દેખાતો નથી. ભવના વિચિત્ર સંયોગો અનુસાર ઉદયમા આવતા શુભાશુભ કર્મના વિચિત્ર ફળો આત્મા જગતમાં અનુભવે છે

અશુભકર્મના પ્રવાહને રોકવાનું સામર્થ્ય સંવર તત્ત્વમા રહેલું છે. એ તત્ત્વના સમજણ પૂર્વકના જ્ઞાનથી આપણો આત્મા નવીન કર્મબન્ધ કરતા જરૂર વિરામ પામતો હોય છે

નવીન બંધાતા કર્મની વિરાટ ઈમારતને અટકાવનાર સંવર તત્ત્વ છે માટે ભવભીરૂ મુમુક્ષુ આત્માઓએ સંવર તત્ત્વમા બતાવેલી ૫૭ પ્રકારની શુભપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવા અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ.

કેટલીક શુભ પ્રવૃત્તિઓની રૂપરેખા :-

(૧) ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ કે જે "અષ્ટપ્રવચનમાતા" તરીકે ઓળખાય છે તેનું સમ્યગ્ રીતે પાલન કરવું.

(૨) ભૂખ-તરસ આદિ લાગવા છતાં અદીનપણે સમભાવે સહન કરવું પણ દીનભાવે દોષિત આહાર-પાણી ગ્રહણ કરવાની ઈચ્છામાત્ર પણ કરવી નહીં

(૩) ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, નિર્મમત્વ, બ્રહ્મચર્ય રૂપ દશ પ્રકારના શ્રમણધર્મનું સમ્યગ્પણે પાલન કરવું.

(૪) અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ આદિ ભાવનાઓના સ્વરૂપનું ચિંતન કરવું તથા ધર્મના ઉપદેશક અરિહંતાદિની દુર્લભતાનો નિરંતર વિચાર કરવો.

(૫) સામાયિક આદિ તથા સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગ રૂપ સમ્યક્ ચારિત્રનું ખરા સુવિશુદ્ધપણે પાલન કરવું.

સ્વાધ્યાય

(૧) આશ્રવ એટલે શું ? અને તેના કેટલા ભેદ છે ?

(૨) આશ્રવના ભેદોમાં ૧૭ અસંયમની પ્રકૃતિઓ કઈ છે ?

(૩) પ્રાદ્વેષિકી, પ્રાણાતિપાતિકી, માયાપ્રત્યયિકી, અનાભોગિકી, સામુદાયિકી અને ઈર્યાપથિકી ક્રિયાઓની વ્યાખ્યા સમજાવો.

(૪) સંવર તત્ત્વના ૫૭ ભેદો કઈ રીતે ?

(૫) સમિતિ તથા ગુપ્તિ કોને કહેવાય ?

(૬) એષણા સમિતિ, પારિષ્ઠાપનિકા સમિતિ તથા વચનગુપ્તિની વ્યાખ્યા શું ? પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને શું કહેવાય ? એનું પાલન શા માટે ?

(૭) પરિષહ એટલે શું ?

(૮) અચેલક, અરતિ, નિષદ્યા, યાચના, પ્રજ્ઞા તથા સમ્યક્ત્વ – પરિષહોની વ્યાખ્યા શું છે ?

(૯) ૧૦ યતિધર્મ તથા ૧૨ ભાવનાઓના નામ કહો.

(૧૦) ક્ષમા, મુક્તિ, શૌચ, સંસારભાવના, અન્યત્વ ભાવના, લોકસ્વભાવ ભાવના તથા બોધિ દુર્લભ ભાવનાઓનું સ્વરૂપ શું છે ?

(૧૧) પરિહારવિશુદ્ધ તથા સૂક્ષ્મ સંપરાયચારિત્ર કોને કહેવાય ?

(૧૨) યથાખ્યાતચારિત્ર કોને કહેવાય ? અને આ ચારિત્ર કોને તથા કેટલા ગુણસ્થાનકોમાં હોય ?

विणयमूलो धम्मो ।

વિનય એ ધર્મવૃક્ષનું મૂળ છે.
ધર્મ નગરનો દરવાજો છે.
કેવળજ્ઞાનનું બીજ એની અંદર રહેલું છે.




કર્મ ડાકુઓ

આત્મા અને કર્મ ડાકુઓ વચ્ચે અનાદિકાળથી ખેંચતાણ-ઝપાઝપી ચાલી રહી છે.

આત્મા ચેતન છે: છતાં ધર્મશસ્ત્ર વિના તે જડ એવા કર્મ ડાકુઓથી લૂંટાઇ જાય છે. એ ડાકુઓને પરાસ્ત કરવા માટે ધર્મરૂપ અમોઘ શસ્ત્રજ મહાન ઉપકારક બને છે. માટે શસ્ત્ર વિનાના લૂંટાયેલા બે ભાઇઓ જેવી હાલત આપણી ન થાય તે માટે ધર્મરૂપી શસ્ત્ર (બંદુક) વડે સુસજ્જ બનીને રહેજો ! જેથી કર્મ ડાકુઓ આપણા તાબે (શરણે) થઇ જાય.





'નિર્જરા તત્ત્વ'

પાઠ ૩૫



નિર્જરા તત્વ

નિર્જરા તત્વના ૧૨ ભેદ

બાહ્ય તપ ૬ + અભ્યંતર તપ ૬

બાહ્ય તપ ૬ : જે તપ લોકો બાહ્ય દૃષ્ટિથી જોઈ શકે છે શરીરને તપાવે છે.

(૧) △અનશન : આહારનો ત્યાગ કરવો તે. નવકારસીથી કરી છ માસ સુધીના તપ કરવા તે.

(૨) ઉણોદરી : આપણો જેટલો ખોરાક હોય તેના કરતા ૫-૭ કોળીઆ ઓછા ખાવા તે.

(૩) ▱વૃત્તિ સંક્ષેપ : વાપરવાની વસ્તુઓનું પ્રમાણ નક્કી કરવુ [illegible] ભાણામાં ઘણી વસ્તુઓ પીરસાયેલી હોય તેમાંથી અમુક ૧-૨ કે તેથી વધારે વસ્તુઓનો ત્યાગ [illegible]


(૪) રસત્યાગ (વિગઈ ત્યાગ) : દૂધ, દહીં, ઘી તેલ, ગોળ [illegible] (ઘી, તેલમા તળેલ વસ્તુ) [illegible] માંથી એકાદ બે કે તેથી વધુ [illegible] છોડવી તે.

(૫) કાય ક્લેશ : લોચ વિગેરે કષ્ટ સહન કરવુ વિહાર [illegible] પ્રતિકૂળતા આવે તો સમભાવે સહન [illegible] પગે ચાલવું. દેરાસરમા પ્રદક્ષિણા [illegible]

(૬) સંલીનતા : શરીરના અંગોપાંગો સંકોચી [illegible] અશુભ માર્ગે પ્રવર્તતી ઇન્દ્રિયો [illegible]

પાઠ ૩૬  બંધ તત્ત્વ

આત્મા અને કર્મનો
દૂધ અને પાણીની જેમ
એકમેક થઇ જવાનો
સ્વભાવ તે બંધ



(અ)

(૧) **પ્રકૃતિ બંધ :-** કર્મનો સ્વભાવ.

(૨) **સ્થિતિ બંધ :-** કાળની મર્યાદા.

(જે સમયે જે કર્મ બંધાય તે કર્મ આત્મપ્રદેશની સાથે જેટલો સમય રહે તેની મર્યાદા તે)

(૩) **રસ બંધ (અનુભાગ બંધ) :** કર્મના શુભ–અશુભ રસનું તીવ્ર–મંદપણાનું નક્કી થવું તે.

(૪) **પ્રદેશ બંધ :** કર્મ પુદ્ગલોના પ્રદેશોનું પ્રમાણ તે.

ઉદાહરણ :-

(૧) **પ્રકૃતિ બંધ :** સૂંઠનો લાડુ વાયુને અને જીરાનો લાડુ પિત્તને હરવાના સ્વભાવવાળો છે, તેમ જ્ઞાનાવરણીય આદિ કર્મનો જ્ઞાન વિગેરે રોકવાનો જે સ્વભાવ તે.

(૨) **સ્થિતિ બંધ.** જેમ લાડુ (મોદક) એક પખવાડીયું કે એક માસ સુધી બગડે નહિ (એટલે કે તે જ સ્થિતિમાં ટકી શકે) તેમ જ્ઞાનાવરણીયાદિ કર્મનો ૩૦ કોટાકોટી સાગરોપમ વિગેરે રહેવાને જે કાળ તે.

(૩) **રસ બંધ :** કર્મના રસની તરતમતા (જેમ લાડુમાં ગોળ કે સાકરના પ્રમાણથી મીઠાશની તરતમતા જણાય છે)

(૪) **પ્રદેશ બંધ :-** જેમ કોઇ લાડુ પાશેર, અર્ધોશેર કે શેર પ્રમાણનો હોય તેમ કર્મોના પુદ્ગલ સ્કંધોના પ્રમાણનું નક્કી થવું તે.

(ૡ) આઠ કર્મોની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ (કાળ મર્યાદા)

ક્રમ	કર્મ	જઘન્ય સ્થિતિ	ઉત્કૃષ્ટ સ્થિતિ
૧	જ્ઞાનાવરણીય	અન્તર્મુહૂર્ત	૩૦ કોટાકોટી સાગરોપમ
૨	દર્શનાવરણીય	,,	,,
૩	વેદનીય	૧૨ મુહૂર્ત	,,
૪	મોહનીય	અન્તર્મુહૂર્ત	૭૦ કોટાકોટી સાગરોપમ
૫	આયુષ્ય	,,	૩૩ સાગરોપમ
૬	નામ	૮ મુહૂર્ત	૨૦ કોટાકોટી સાગરોપમ
૭	ગોત્ર	,,	,,
૮	અંતરાય	અન્તર્મુહૂર્ત	૩૦ કોટાકોટી સાગરોપમ

બંધ તત્ત્વ

આત્મા સાથે કર્મ (પુદ્ગલની સૂક્ષ્મ રજકણ) નો ક્ષીર-નીર પેઠે એકમેક સંબંધ થવો તે.

જીવ જ્યારે શુભાશુભ પ્રવૃત્તિમા અંતરના જેવા શુભાશુભ ભાવે જોડાય છે, ત્યારે તેવા પ્રકારના શુભાશુભ કર્મોનો બંધ થાય છે.

કર્મ એ જડ પુદ્ગલ સ્વરૂપ છે ! સાંકળ અને શરીર જડ છે છતાં તેનાથી જીવ બંધાય છે ને ? બસ તો આ રીતેજ શરીરની પણ અંદર રહેલા જીવ સાથે એકમેક થઈ ગયેલો કર્મસમૂહ પણ જડ છે. છતાં તેનાથી જીવ બંધાઈ શકે છે કર્મ જડ સ્વરૂપ હોવા છતાં તેની શકિત વિરાટ છે. તેનું સામ્રાજ્ય સમગ્ર વિશ્વપર પથરાયેલું છે.

સ્નેહીઓ ! સ્વસ્થ ચિત્તે તમે આ વિશ્વનું દર્શન કરશો તો તમને કુટીલ કર્મથી પીડિત અનેક પ્રાણીઓની દુ:ખદ દુર્ઘટનાઓ જોવા મળશે. કર્મના ફંદામાં ફસાયેલા દુઃખિત જનોની વ્યથાભરી કરૂણ કથનીઓ સાભળવા મળશે. એ વખતનું કરૂણ દશ્ય તમારા કુમળા હૈયાને હચમચાવી દેશે ! તમારી દષ્ટિ એ દશ્યને જોવા સમર્થ નહિ બને !

પ્રાણી કર્મ બાંધતા લેશમાત્ર વિચાર કરતો નથી પણ જ્યારે તેનું પરિણામ આવીને ઉભું રહે છે ત્યારે હાયવોય કરી પોક મૂકીને રૂદન કરતો હોય છે.

અશુભ કર્મના ઉદયથી આત્માનો જે સહજ શુદ્ધ સ્વભાવ છે તે વિભાવ દશામા પરિણમી જતો હોય છે. અને આત્મિક તેજ-નિસ્તેજ બની જતા દોષો ઉત્પન્ન યતા હોય છે !

કર્મબંધના ચાર પ્રકારો :-

(૧) પ્રકૃતિ બંધ : બંધાતા કર્મોનો કેવો સ્વભાવ છે ? તેનું નક્કી થવું તે. જેમ જ્ઞાનાવરણીય કર્મનો આત્માના જ્ઞાનગુણને રોકવાનો સ્વભાવ છે.

(૨) સ્થિતિ બંધ : બંધાયેલું કર્મ કેટલા કાળ સુધી રહી પોતાનો વિપાક બતાવશે તેની કાળમર્યાદાનો નિશ્ચય થવો તે.
ઉદા૦ જ્ઞાનાવરણીય કર્મની ૩૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ.

(૩) અનુભાગ (રસ) બંધ : કર્મપ્રકૃતિઓ પોતાની કાળમર્યાદા સુધી પોતાના સ્વભાવ અનુસારે જે ફળ આપશે તેમાં તીવ્ર-તીવ્રતર-તીવ્રતમ અથવા મંદ-મંદતર-મંદતમ રસ (અનુભાગ) ની તરતમતાનું નક્કી થવું તે

(૪) પ્રદેશ બંધ : બંધાયેલા કર્મો કેટલા પુદ્ગલ સ્કન્ધના બનેલા છે તેના પ્રમાણનું નક્કી થવું તે. જેમ કે અનંતાનંત પ્રદેશી સ્કંધ.

આ ચારેય વાતો મૂંઠના લાડુના દષ્ટાંતથી વિચારીએ.
મિત્રો ! ચારે પ્રશ્નોના જવાબ આપશોને ?

(૧) પ્ર૦ સૂંઠના લાડુનો સ્વભાવ કેવો ?
  ઉ૦ એનો સ્વભાવ વાત-પિત્ત દૂર કરવાનો છે.

(૨) પ્ર૦ તે કેટલા કાળ સુધી રહી શકે ?
  ઉ૦ આ લાડુ ૧૫-૨૦ કે ૩૦ દિવસ સુધી સારો રહી શકે છે.

(૩) પ્ર૦ એનો સ્વાદ (રસ) કેવો ?
  ઉ૦ એનો રસ તીખો અને મીઠો હોય છે.

(૪) પ્ર૦ તે લાડુ કેટલા પ્રમાણ (વજન) નો ?
  ઉ૦ એનું પ્રમાણ ૫૦ ગ્રામ કે ૧૦૦ ગ્રામ છે.

સૂંઠના લાડુમાં જેમ આ ચાર પ્રકારો ઘટાવ્યા તેમ કર્મપ્રકૃતિઓના બંધમાં આ ચારેય પ્રકારો આપણે પહેલાજ ઘટાવી ગયા છીએ.

જોયું ને ? કર્મપુદ્‌ગલોનું કેવું પ્રચંડ સામર્થ્ય છે ?

કર્મની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રમાણ જાણવાથી વિષમ કર્મની કાતિલ છરી જીવ ઉપર કેટલા લાંબા કાળ સુધી પ્રચંડ પ્રહારો કરી જીવને બેભાન અવસ્થામાં ધકેલી દે છે તેનું ભાન થતાં તેવા પ્રકારના અશુભ કર્મબંધ કરાવનારા કુકર્મોથી સાવચેત રહેવા સદા જાગૃત રહેવું જોઈએ.

આ જગતમાં સુખ-દુઃખ આપનાર બીજું કોઈ નથી, પણ જીવ પોતેજ પોતાની શુભાશુભ પ્રવૃત્તિ દ્વારા એ સુખ-દુઃખ સર્જક કર્મનો કર્તા છે. દુઃખને આમંત્રીને અજ્ઞપ્રાણી દુઃખી થાય છે હાયવોય કરે છે. અને આંખોમાંથી બોર બોર આંસુ ટપકાવે છે પણ... એ વાત ભૂલી જતો હોય છે કે... સુખના સમયે રંગ રાગમાં રહ્યા'તા મસ્તાન... દુઃખના ડુંગર તૂટી પડ્યા ત્યારે બન્યા તન-મન બેભાન.. હોંશે હોંશે જે બાંધ્યા'તા કર્મ... તે હવે કોઈનીય ન રાખે શર્મ !

આ મારાજ બાંધેલા કુકર્મોનું પરિણામ છે, અને જ્ઞાની ભગવંતોનું કહેવું છે કે "પાપનું ફળ તે પ્રતિકૂળતા" તો હવે શા માટે હાય-વોય કરી કરીને નવા કર્મબંધનોથી બંધાવું ? એના કરતા આવેલ દુઃખને સમભાવે સહન કરવું એજ શ્રેય છે !

પાઠ ૩૮  મોક્ષ તત્ત્વ (ચાલુ)

૧૪ માર્ગણા દ્વારા મોક્ષ તત્ત્વની વિચારણા :-

૧૪ માર્ગણા : ગતિ, ઇન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્ય, સમ્યક્ત્વ, સંજ્ઞી, આહાર.

૧૪ માર્ગણાના ઉત્તરભેદો ૬૨ :-

ક્રમ	માર્ગણા	ભેદ	કયા કયા
૧	ગતિ	૪	દેવ, મનુષ્ય, તિર્યંચ, નરકગતિ.
૨	ઇન્દ્રિય	૫	એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય.
૩	કાય	૬	પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય. વનસ્પતિકાય, ત્રસકાય.
૪	યોગ	૩	મનોયોગ, વચનયોગ, કાયયોગ
૫	વેદ	૩	પુરૂષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ.
૬	કષાય	૪	ક્રોધ, માન. માયા, લોભ.
૭	જ્ઞાન	૮	મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન = (૫) મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન = (૩)
૮	સંયમ	૭	સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરતિ
૯	દર્શન	૪	ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.
૧૦	લેશ્યા	૬	કૃષ્ણ, નીલ, કાપોત, તેજો (પીત), પદ્મ, શુક્લ લેશ્યા.
૧૧	ભવ્ય	૨	ભવ્ય, અભવ્ય
૧૨	સમ્યક્ત્વ	૬	ક્ષાયિક, ક્ષાયોપશમિક. ઉપશમ, મિશ્ર, સાસ્વાદન મિથ્યાત્વ સમ્યક્ત્વ
૧૩	સંજ્ઞી	૨	સંજ્ઞી, અસંજ્ઞી
૧૪			

[3] ક્ષેત્ર પ્રરૂપણા : (સિદ્ધના જીવોને રહેવા માટેનું રહેઠાણ) : સિદ્ધના જીવો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલા છે. એવી વિચારણા કરવી તે.

[4] સ્પર્શના પ્રરૂપણા : સિદ્ધના જીવો કેટલા આકાશ પ્રદેશોને સ્પર્શીને રહેલા છે તેની વિચારણા કરવી તે. જેમ ક્ષેત્ર કરતાં અધિક પ્રદેશોની સ્પર્શના હોય છે. સિદ્ધના જીવો લોકના અસંખ્યાતા ભાગમા સ્પર્શીને રહેલા છે.

[5] કાળ પ્રરૂપણા : મોક્ષમાં ગયેલા જીવો ત્યાં કેટલા કાળ સુધી રહે તેની વિચારણા કરવી તે. જેમ એક સિદ્ધના જીવની અપેક્ષાએ સાદિ અનંતકાળ અને સર્વ સિદ્ધોના જીવોની અપેક્ષાએ અનાદિ અનંતકાળ.

[6] અંતર પ્રરૂપણા , (કેટલા કાળનું અાંતરૂ પડે) : મોક્ષમાં ગયેલા જીવોનુ ફરીને સંસારમાં આવવાનું ન હોવાથી મોક્ષના જીવોને અંતર નથી એની વિચારણા કરવી તે.

[7] ભાગ પ્રરૂપણા : સિદ્ધના જીવો કેટલામા ભાગે છે તેની વિચારણા કરવી તે. જેમ સર્વ જીવોના અનંતમા ભાગે સિદ્ધના જીવો છે.


[8] ભાવ પ્રરૂપણા : સિદ્ધના જીવો પાંચ ભાવોમાંથી કયા ભાવમાં હોય છે તેની વિચારણા કરવી તે. જેમ સિદ્ધના જીવોને ક્ષાયિક અને પારિણામિક ભાવ હોય છે. ક્ષાયિક ભાવમાં કેવલજ્ઞાન અને કેવલદર્શન હોય અને પારિણામિક ભાવમા "જીવ તત્વ" હોય છે


[9] અલ્પ-બહુત્વ . (ઓછા વત્તાપણું) : કયા જીવો મોક્ષે ઓછા જાય અને કયા જીવો ઘણા જાય તેની વિચારણા કરવી તે.
સૌથી થોડા નપુંસક લિંગે સિદ્ધ થાય.
તેનાથી સંખ્યાત ગુણા સ્ત્રી લિંગે સિદ્ધ થાય.
" " " પુરૂષ લિંગે " "

~ ❀ ~

આ ૬૨ માર્ગણાઓમાંથી મનુષ્યગતિ, પંચેન્દ્રિય જાતિ, ત્રસકાય (જીવ) કેવલજ્ઞાન, યથાખ્યાત ચારિત્ર, કેવલદર્શન, ભવ્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, સંજ્ઞી અને અણાહાર. આ દશ માર્ગણામાંજ મોક્ષની પ્રાપ્તિ થાય છે એટલે કે મોક્ષની પ્રાપ્તિ માત્ર આ દશ માર્ગણામાં જ છે

卐—卐





૫ ભાવોનું સ્વરૂપ :-

(૧) ક્ષાયિક ભાવકર્મના ક્ષયથી જે ભાવ ઉત્પન્ન થાય તે. કેવલજ્ઞાન, સિધ્ધત્વ વિગેરે (આઠે કર્મનો હોય)

(૨) ઔપશમિક ભાવ : મોહનીય કર્મના ઉપશમથી થતો જે ભાવ તે. (મોહનીય કર્મનોજ હોય)

(૩) ક્ષાયોપશમિક ભાવ : ઉદયમાં આવેલ કર્મનો ક્ષય અને સત્તામાં રહેલા કર્મનો ઉપશમ તે (ચાર ઘાતી કર્મને આ ભાવ હોય છે)

(૪) ઔદયિક ભાવ : કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો. અજ્ઞાન, ગતિ, લેશ્યા, કષાય આદિ જીવ પરિણામ (જીવની અવસ્થાઓ) તે. (આઠ કર્મનો હોય)

(૫) પારિણામિક ભાવ ; વસ્તુનો અનાદિ સ્વભાવ તે. (સર્વ દ્રવ્યોનો હોય)

૧૫ પ્રકારે સિદ્ધ :-

(૧) જિનસિદ્ધ : તીર્થંકર થઇને સિધ્ધ થાય.
ઉદાહરણ—શ્રી અરિહંત પરમાત્મા.

(૨) અજિન સિદ્ધ : તીર્થંકર થયા વિના સામાન્ય કેવળી થઇને મોક્ષે જાય
ઉદાહરણ—શ્રી પુંડરીક સ્વામી આદિ.

(૩ તીર્થ સિદ્ધ · તીર્થની (શાસનની) સ્થાપના થયા પછી મોક્ષે જાય.
ઉદાહરણ—ગણધર ભગવતાદિ.

(૪) અતીર્થ સિદ્ધ : તીર્થની સ્થાપના થયા પહેલા મોક્ષે જાય.
ઉદાહરણ—મરૂદેવા માતા

(૫) ગૃહસ્થલિંગ સિદ્ધ ગૃહસ્થના વેષમા સિદ્ધ થાય
ઉદાહરણ—ભરત મહારાજા આદિ

(૬) અન્ય લિંગ સિદ્ધ : તાપસ આદિ અન્ય ધર્મીના વેષમા મોક્ષે જાય.
ઉદાહરણ—વલ્કલચીરી.

(૭) સ્વલિંગ સિદ્ધ : સાધુ વેષમા મોક્ષે જાય
ઉદાહરણ—જૈન મુનીઓ.

(૮) સ્ત્રીલિંગ સિદ્ધ સ્ત્રી મોક્ષે જાય.
ઉદાહરણ—સા. ચંદનબાળા આદિ.

(૯) પુરુષલિંગ સિદ્ધ પુરુષો મોક્ષે જાય.
ઉદાહરણ—ગૌતમ સ્વામી આદિ

(૧૦) નપુંસકલિંગ સિદ્ધ કૃત્રિમ નપુંસકો મોક્ષે જાય
ઉદાહરણ—ગાંગેય આદિ

(૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ : "આયુષ્ય ક્ષણભંગુર છે, [illegible]
એવો વૈરાગ્યજનક [illegible]
સાધુ બની, કેવળી [illegible]
ઉદાહરણ—[illegible]

(૧૨) સ્વયંબુદ્ધ સિદ્ધ : સ્વયં[illegible] જાતિ[illegible]
[illegible] વૈરાગ્ય પામી મોક્ષે જાય
ઉદાહરણ—કપિલ કેવળી

(૧૩) બુદ્ધ બોધિત સિદ્ધ : ગુરુના ઉપદેશથી [illegible]
મોક્ષે જાય
ઉદાહરણ—[illegible]

(૧૪) એક સિદ્ધ [illegible]
ઉદાહરણ—[illegible]

(૧૫) અનેક સિદ્ધ [illegible]
[illegible]

મોક્ષતત્ત્વ (૯)

આત્માનું સ્વાભાવિક જે સ્વરૂપ તેજ મોક્ષ છે. સકલ કર્મના ક્ષયથી આ શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ છે.

સુવર્ણનો માટી સાથે (એકરૂપતાનો) ગાઢ સંયોગ હોવા છતા રસાયણ આદિ પ્રયોગ દ્વારા તે સર્વથા શુદ્ધ થઇ શકે છે. તેમ નિર્મળ રત્નત્રયીની ભવ્ય આરાધનાથી આત્માનો અનાદિકાલીન જે કર્મસંયોગ એનો પણ નાશ થઈ આત્મા શુદ્ધ, સિદ્ધ, બુદ્ધ, મુક્ત, નિરંજન, નિરાકાર થઇ શકે છે.

મુક્ત આત્માઓને ફરી કદી પણ કર્મનો સંયોગ થતોજ નથી. એ તો પોતાના અક્ષય-અવ્યાબાધ અનંત સુખમાં તત્ત્વની રમણતામાં અને આત્મ-મસ્તીમાં મશગુલ બની અનેરો આનંદ લૂંટી રહ્યા છે

જીવતત્ત્વના ૧૪ ભેદો એ સંસારી જીવની વિકૃત અવસ્થા રૂપ છે. પરંતુ "મોક્ષ" તો આત્માની શુદ્ધ સ્વભાવ દશારૂપ છે

જીવ પોતાના શુદ્ધ સ્વભાવને વિસારી વિભાવદશાને આધીન બનવાથીજ સંસારચક્રમાં ભ્રમણ કર્યા કરે છે. અને એ આઠે કર્મોની અનંતાનંત વર્ગણાઓથી ઘેરાયેલો રહે છે.

જીવ જ્યારે પોતાના સત્તાધર્મ તરફ દષ્ટિપાત કરે છે ત્યારે તેને પોતાના અસલી શુદ્ધ સ્વભાવને પ્રગટાવવાની તીવ્ર રુચી પેદા થાય છે અને આત્મશક્તિ પણ રુચી અનુસાર પ્રવર્તાવવાથી સ્વભાવ રમણતારુપ ચારિત્ર ગુણની પ્રાપ્તિ થાય છે

સમ્યગ્-દર્શન-જ્ઞાન અને ચારિત્ર રૂપ રત્નત્રયીની પૂર્ણ આરાધના દ્વારા આત્માની પૂર્ણ શુદ્ધ સ્વભાવ દશા રૂપ "મોક્ષ" પ્રગટે છે.

સર્વ સાધકોનું સાધ્ય, સર્વ ધર્મોનું ધ્યેય "મોક્ષ" જ છે

મોક્ષના સાધક અને બાધક તત્ત્વો :-

પુણ્ય, સંવર અને નિર્જરા તત્ત્વ મોક્ષ માર્ગના સાધક છે.

પાપ, આશ્રવ અને બંધ તત્ત્વ મોક્ષમાર્ગના બાધક છે

સાધક આત્માએ મોક્ષમાર્ગના સાધક તત્ત્વોને જાણી બાધક તત્ત્વોનો ત્યાગ કરી સંવર અને નિર્જરા તત્ત્વની પ્રવૃત્તિમાં પ્રવૃત્તમાન થવું જેથી અનંત સુખમય મોક્ષની પ્રાપ્તિ થશે !

મોક્ષનું સામાન્યત સ્વરૂપ નવદ્વારોથી બતાવવામાં આવેલ છે, તે જાણવાથી મોક્ષ વિષયક કેટલીક ભ્રમણાઓનું નિવારણ થઈ શકે છે.

આગમ અને અનુમાન પ્રમાણથી મોક્ષની સત્ય પ્રતીતિ થાય છે. અને

એ દ્વારા મોક્ષ સાધક અનુષ્ઠાનમાં સુશ્રદ્ધા ઉત્પન્ન થાય છે.

મોક્ષ છે કે નહિં ?

એ શંકાનું સમાધાન પહેલા દ્વારમા કર્યું છે

(૧) "મોક્ષ" એ એક પદવાળું નામ છે તેથી મોક્ષ છે જ, કારણ કે વિશ્વમા જે જે એકપદવાળાં નામો છે તે વિદ્યમાન વસ્તુના જ વાચક હોય છે. જેમ કે આત્મા, હાથી, ગાય, ફૂલ, રાજા વિગેરે. અને અવિદ્યમાન વસ્તુના નામો એકપદવાળા હોતાં નથી. જેમ કે આકાશકુસુમ, શશશૃંગ વિગેરે.

(૨) મોક્ષમાં કેટલા જીવો છે ?

એ શંકાનું સમાધાન બીજા દ્વારમા કરવામા આવ્યું છે.

મોક્ષમા અનંત આત્માઓ સદા-સર્વદા વિદ્યમાન હોય છે.

(૩-૪) દ્વારમાં મોક્ષનુ સ્થાન અને ત્યાં રહેલા સિદ્ધના જીવોની સ્પર્શના વિગેરે ક્ષેત્રનો નિર્ણય કરવામાં આવ્યો છે.

(૫-૬) દ્વારમા સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કર્યા પછી અનંત કાળ સુધી ત્યાંજ અને તેજ અવસ્થામા રહેવાનું હોય છે. પરંતુ ત્યાંથી ચ્યવી અન્ય (બીજા) કોઈ સ્થાનમા જવું પડતું નથી. એટલે કે મોક્ષમા એક જીવને આશ્રયીને સાદિ અનંત સ્થિતિ હોય છે. અને મોક્ષમાં અનેક જીવોને આશ્રયીને અનાદિ અનંત સ્થિતિ હોય છે

(૭) આ દ્વારમાં એક મહત્ત્વની શંકાનું સમાધાન થયેલું છે. [illegible] લોકોના એ પ્રશ્ન હોય છે કે અનાદિકાળથી જો મોક્ષમા જીવોને જવાનું ચાલુ છે અને સદા ચાલુ રહેવાનું છે તો પછી એક દિવસ એવો આવશે કે સર્વ સંસારી ભવ્ય જીવો મોક્ષમા જ પહોંચી જશે અને આ [illegible] ખાલી થઈ જશે ! એનું પરિણામ એ આવશે કે સર્વ [illegible] બંધ થઈ જતા મોક્ષમાર્ગનો પણ વિલય થઈ જશે !

મિત્રો ! આ અણસમજની વાત છે ! આ તો બધી કલ્પિત [illegible] છે મનના તથ્ય વિનાના તરંગો છે ! આવા તરંગોમા તમે [illegible]

આવી ભૂલભરેલી ભ્રમણાઓમા ભૂલા ન પડી જતા ! [illegible] બીજી શંકાઓ થાય એ બનવાજોગ છે. પણ એ શંકાઓનું [illegible] સમાધાન ગુરુગમ દ્વારા અવશ્ય કરવું જોઈએ.

[illegible]

સર્વજ્ઞ-સર્વદર્શી પરમાત્માને જ્યારે જ્યારે પ્રશ્ન કરવામાં આવે ત્યારે એજ પ્રત્યુત્તર મળતો હોય છે કે–

> जइ आइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइआ ।
> इक्कस्स निगोयस्स, अणंत भागो य सिद्धिगओ ॥

(૮) આ દ્વારમાં એ બતાવવામાં આવ્યું છે કે મોક્ષમા આત્મા કેવા કેવા ભાવમાં હોય છે

સર્વકર્મોના ક્ષય દ્વારા પ્રગટેલો ક્ષાયિકભાવ હોય છે. આ ભાવથી તેઓ ક્યારે પણ ચલિત થતા નથી. એટલે કે તેઓમાં અક્ષયજ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ આદિ ગુણો હોય છે. બીજું તેઓમાં અનાદિ પરિણામિક "જીવતત્વ" હોય છે.

(૯) મોક્ષના અધિકારી કોણ ? સ્ત્રી, પુરુષ કે નપુંસક ?

આ દ્વારની સૂક્ષ્મ અનુપ્રેક્ષાથી જૈન દર્શનની વિશાળતાનું પ્રત્યક્ષ દર્શન થાય છે. મોક્ષની તીવ્ર અભિલાષા ધરાવનાર વ્યકિત મોક્ષનો સાચો અધિકારી છે. શાસ્ત્રકાર કહે છે કે પછી તે ચાહે સ્ત્રી, પુરુષ કે કૃત્રિમ નપુંસક હોય ! વિશુદ્ધ પ્રકારે અહિંસાદિ સંયમ સાધનાન પ્રકૃષ્ટ પુરુષાર્થ દ્વારા તે વ્યકિત મુકિતને પ્રાપ્ત કરી શકે છે.

આધ્યાત્મિક ભૂમિકાનો વિકાશ થયા પછી જાતિ કે લિંગ "મોક્ષ"ના બાધક બની શકતા નથી.

(૧૦) નવતત્ત્વના જ્ઞાનથી થતો અમૂલ્ય લાભ

અનંત ઉપકારીશ્રીજિનેશ્વર ભગવંતોએ કેવળજ્ઞાન અને કેવળદર્શન દ્વારા સમસ્ત વિશ્વનું પ્રત્યક્ષ અવલોકન કરી સમગ્ર જીવોના ઉપકારને માટે નવતત્ત્વના ઉપદેશ દ્વારા વિશ્વના સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યો બતાવ્યા છે.

નવતત્ત્વોનું વિસ્તૃત વિવેચન આગમગ્રન્થોમાં ખૂબ વિશાળ પ્રમાણમાં છે. બાળજીવોના ઉપકાર માટે તેનો સારમાત્ર આ પુસ્તકમાં ગુંથાયેલો છે



દોલત બે લાત લગાવે છે!

આવે છે ત્યારે પાછળથી-
અક્કડ બનાવે
જાય છે ત્યારે આગળથી-
બેવડા બનાવે.

મોઢું બંધ રાખજો!

દુઃખતા હો ત્યારે...
ગુસ્સો આવે ત્યારે...
-તો બનતાંસુધી જીવન વેડફાતુ બચી જશે

—: ઉપસંહાર :—

આ જીવાદિ નવપદાર્થો (નવતત્ત્વો) ને જે જાણે તેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. કદાચ મંદબુદ્ધિના કારણે સ્વયં નવતત્ત્વોના સૂક્ષ્મજ્ઞાનને ગ્રહણ કરી (સમજી) ન શકે તો પણ અંતરના સાચા ભાવથી તે તત્ત્વો ઉપર અટલ શ્રદ્ધા રાખે તો તેને પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ શકે છે.

આ બાબતને પુષ્ટ કરતા શાસ્ત્ર વાકયો :-

(૧) શ્રી જિનેશ્વરભગવંત કથિત સર્વવચનો સત્યજ હોય છે. કદી પણ અસત્ય હોઇ શકેજ નહિં. કારણ કે તેમનામાં અસત્યના કારણભૂત ક્રોધ, માન, લોભ, ભય અને હાસ્યાદિનો સર્વનાશ થઈ ગયો છે.

(૨) તેજ, સત્ય અને શંકા વિનાનું છે, જે શ્રી જિનેશ્વરભગવંતે કહ્યું છે

(तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइयं)

સમ્યક્ત્વ મહિમા :

આવા તત્ત્વશ્રદ્ધારૂપ સમ્યક્ત્વનો અંતર્મુહૂર્તમાત્ર પણ જો આત્મામાં સ્પર્શ થઈ જાય. અર્થાત્ તત્ત્વશ્રદ્ધાના પરિણામ અંતર્મુહૂર્તમાત્ર પણ આત્મામાં સ્થિર રહી જાય તો તેનો સંસારકાળ વધારેમાં વધારે "અર્ધ પુદ્ગલપરાવર્તન" કાળ માત્ર જ હોઇ શકે. પરંતુ તેનાથી અધિક તો ન જ હોય, અને જો આ સમ્યક્ત્વ આત્મામાં સ્થિર રહી જાય તો જઘન્યથી અંતર્મુહૂર્તમાં "કેવળજ્ઞાન" પ્રાપ્ત કરાવી શકે છે

સમ્યક્ત્વના લક્ષણો :-

(૧) શમ (ઉપશમ) : સર્વ જીવો ઉપર સમભાવ રાખવો અપરાધી [illegible] મનથી પણ બુરું (ખરાબ) ન વિચારવું. બધાયનું કલ્યાણ થાઓ એવી પવિત્ર ભાવના રાખવી.

(૨) સંવેગ : જે દેવ અને માનવ સંબંધી ભોગસુખો દુઃખરૂપ [illegible] તેથી તેના તરફ ઉદાસીનભાવ રાખી એકજ શાશ્વત-સ્વાભાવિક [illegible] તીવ્ર અભિલાષા રાખવી

(૩) નિર્વેદ : સંસારમાં જન્મ-જરા-મરણ, આધિ-વ્યાધિ-ઉપાધિના [illegible] દુઃખો જોઈ તેનાથી ભાગી છૂટવાની ઇચ્છા રાખવી

(૪) અનુકંપા : બીજાને દુઃખી જોઈ તેના દુઃખને દૂર [illegible] ભાવના રાખવી રોગ-શોક-દરિદ્રતા આદિ દુઃખને દૂર [illegible] દ્રવ્ય અનુકંપા છે, અને ધર્મરહિત જીવને ધર્મની [illegible] ભાવના [illegible] અનુકંપા છે

(૫) આસ્તિકતા : [illegible] જિનેશ્વરભગવંતે [illegible]

[illegible]

સ્વાધ્યાય

(૧) અનશન, વૃત્તિસંક્ષેપ, કાયક્લેશ, પ્રાયશ્ચિત્ત તથા કાયોત્સર્ગ કોને કહેવાય ?

(૨) નિર્જરા તત્ત્વની વ્યાખ્યા શું છે ?

(૩) અભ્યંતર તપના કેટલા ભેદ છે ? અને તે અભ્યંતર કેમ કહેવાય છે ?

(૪) સ્વાધ્યાયના કેટલા પ્રકાર છે ?

(૫) બંધના ૪ ભેદ કયા છે ? તેની વ્યાખ્યા જણાવો.

(૬) સ્થિતિબંધ તથા પ્રદેશબંધનું સ્વરૂપ ઉદાહરણ સહિત સમજાવો.

(૭) દર્શનાવરણીય, મોહનીય, નામ તથા અંતરાય કર્મની જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી છે ?

(૮) મોક્ષ તત્ત્વના ૯ ભેદ કઇ રીતે ?

(૯) સત્પદપ્રરૂપણા, સ્પર્શનાપ્રરૂ૦, ભાગપરૂ૦ તથા અલ્પ-બહુત્વ સમજાવો.


(૧૦) મોક્ષ તત્ત્વની વિચારણા ૧૪ માર્ગણાથી કઈ રીતે થાય તે સમજાવો

(૧૧) ૧૪ માર્ગણાના પેટા ભેદો કેટલા ? અને એ ભેદોમાં કેટલા ભેદોથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે ?

(૧૨) ક્ષાયોપશમિક ભાવ, ઔદયિક ભાવ તથા પારિણામિક ભાવ કોને કહેવાય ? અને તે કયા કયા કર્મનો હોય છે ?


(૧૩) સિદ્ધ કેટલા પ્રકારે થઇ શકે ?

અજિનસિદ્ધ, અન્યલિંગસિદ્ધ, સ્વલિંગસિદ્ધ, બુદ્ધબોધિત સિદ્ધ, તથા અનેકસિદ્ધ કોને કહેવાય ? ઉદાહરણ સહિત સમજાવો



રાજ્યના કાયદાનો ભંગ કરનારને નાની મોટી સજા ભોગવવી પડે છે, તેમ શ્રી જિનેશ્વરભગવંતની આજ્ઞાનો ભંગ કરનારને ચારગતિરૂપ સંસારમાં ઠેર-ઠેર રખડવું પડે છે. તેમજ રીબાવું પડે છે

....એ રખડપટ્ટી અને રીબામણનો કાયમને માટે અંત લાવવા માટે આપણે જીવ-અજીવ આદિ નવતત્ત્વના અભ્યાસમાં મન-વચન-કાયાનો વ્યાપાર જમાવવો જોઈએ કે જેથી શ્રી જિનેશ્વરભગવંતની આજ્ઞાનો ભંગ કરવાની આદતના આપણે કેડા જ છોડી દે



કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષ [illegible] કલ્પવૃક્ષ [illegible]
[illegible] સ્થાપના [illegible]
[illegible] કલ્પવૃક્ષ [illegible]
[illegible]
[illegible]

[illegible]

કલ્પવૃક્ષ

કલ્પવૃક્ષની કલ્પના પણ ઘણા માણસોને સુખદ લાગે છે કારણ કે તે કલ્પવૃક્ષમા સઘળાં મનોવાંછિત બાહ્યસુખો આપવાની તાકાત છે, એવી સમજ તેમના હૈયામાં રહેલી છે, પરંતુ તે વૃક્ષ આજે આપણે મેળવી શકીએ કે ઘરઆગણે ઉગાડી શકીએ એટલું પુણ્યબળ આપણું નથી.

પણ.... હા.... તે કલ્પવૃક્ષ કરતા પણ વિશિષ્ટ, સ્વર્ગ અને મોક્ષના ઉત્તમોત્તમ સુખને આપનારા "ધર્મરૂપી કલ્પવૃક્ષ" ને આપણાં હૈયાની ભૂમિમા વાવી શકીએ એવી "યોજના" આપણાં પુણ્યબળે આજે પણ વિદ્યમાન છે

તે યોજના આ છે :-

(૧) **મૈત્રીભાવના :** સર્વજીવોના હિતની ચિંતા વડે હૈયાની ભૂમિને સમ્યક્ પ્રકારે વાસિત કરો. જેથી વૈર-વિરોધની લાગણી નષ્ટ થઈ જાય

(૨) **પ્રમોદભાવના :** ગુણીપુરુષોના ગુણો જોઈ આનંદ થવો તે આ ભાવનાથી સર્વગુણી જીવોમા રહેલા સદ્‌ગુણોની પ્રશંસા થતી હોવાથી આપણામા તે સદ્‌ગુણો શીઘ્ર પ્રગટે છે

(૩) **કારુણ્યભાવના** · દુઃખી જીવોને દુઃખમુક્ત કરવાની પ્રબળ ઉત્કંઠા આ ભાવનાથી હૈયુ આર્દ્ર (કુણુ) બને છે


(૪) **માધ્યસ્થભાવના :** પરના દોષની ઉપેક્ષા કરવી તે. આ ભાવનાના વિકાસથી અપૂર્વ સમતાભાવ પ્રગટે છે

ધર્મરૂપી કલ્પવૃક્ષના મૂળીઆ સમાન આ ચારેય ભાવનાઓનું વિશેષ સ્વરૂપ ગુરુગમથી સમજી તેનો સતત અભ્યાસ કરી આત્મસાત બનાવશું તો ધર્મરૂપી કલ્પવૃક્ષ આપણી મનોભૂમિમાં ઉગી જશે અને તે આપણને જન્મ-જરા-મૃત્યુથી મુક્ત બનાવી શાશ્વત સુખના ભોક્તા બનાવશે આ ચારેય ભાવનાઓનું રટણ નિત્ય પ્રાતઃ ઉઠીને તથા રાત્રે સૂતા પહેલા અવશ્ય કરજો તો કલ્પવૃક્ષનો સાક્ષાત્કાર થશે.

धर्मो रक्षति रक्षितः

તમે ધર્મની રક્ષા કરો..

ધર્મ તમારું રક્ષણ કરશે !



સંસારયાત્રા

અનાદિકાળથી ચોરાસી લાખ જીવાયોનીમાં ભટકતા આપણા જીવને કદી પોતાની "સંસારયાત્રા"નો વિચાર કરવાની ફુરસદ મળી છે ખરી ?


મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલ આ **માનવભવમાં** તેનો વિચાર કરી શકાય ! તેજ તેની સાર્થકતા છે

કોઈ મોટા રેલ્વે સ્ટેશનનાં અનેક પ્લેટફોર્મ ઉપર જેમ એક પછી એક ગાડી આવ-જા કર્યા કરે છે તેમ (૧) જન્મ થયો, અને (૨) યુવાવસ્થા થતાં લગ્ન પ્રસંગે જે ક્ષણિક સુખનો અનુભવ થાય છે તે પણ અંતે તો ભયંકર દુઃખરૂપજ છે. વધુમાં (૩) વ્યાધિ (૪) ઘડપણ અને (૫) મૃત્યુ કોઈનેય ગમતા નથી છતાંપણ આપણી પાછળ પાછળ ફર્યાજ કરે છે ! તેઓના આક્રમણ વખતે આત્માને ભયંકર દુઃખનો અનુભવ થાય છે આ અવસ્થાઓમાંથી સદાયને માટે મુક્ત થવા અભિલાષા જાગૃત થઈ હોય તો સદ્ગુરુના સમાગમ દ્વારા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો આવશ્યક છે એ તત્ત્વજ્ઞાનના બળથી સંસારયાત્રામાં રહેલી છટકબારીઓમાથી જીવ સહેલાઈથી છટકી શકે છે.

જીભ !

સદ્ઉપયોગ થાય તો
સૌથી સુંદર !

દુરૂપયોગ થાય તો ...
સૌથી ખરાબ !



જીવના મુખ્ય ભેદ–૨ :–

(૧) સિદ્ધ (મુક્ત) : જે કર્મરહિત હોય તે

(૨) સંસારી : જે કર્મસહિત હોય તે

સંસારી જીવના ભેદ–૨ :–

(૧) ત્રસ : જે પોતાની ઇચ્છા પ્રમાણે હલનચલન કરી શકે તે
દા. ત. મનુષ્ય, પશુ, પક્ષી વિગેરે

(૨) સ્થાવર : જે પોતાની ઇચ્છા મુજબ હલનચલન ન કરી શકે તે
દા. ત. ઝાડ, પાન વિગેરે [illegible]

પાઠ ૨ — સ્થાવર જીવો

(૧) પૃથ્વીકાય જીવો 卐 : સ્ફટિક, મણિ, રત્ન, પરવાળા, હિંગળો, હડતાલ, મનશિલ, પારો. સાત ધાતુઓ (સોનુ, રૂપું, ત્રાંબુ, કલાઈ, સીસું. જસત, લોઢું), અરણેટો, પારેવો (પોચો પત્થર), અભ્રખ, તેજંતુરી (આ માટી લોઢાના રસમાં નાખવાથી સોનું બને છે), ખારો (સાજીખાર, નવસાર વિગેરે), માટી તથા પત્થરની અનેક જાતિઓ તથા સોવીરંજન (આંખનો સુરમો) અને મીઠું વિગેરે

(૨) અપ્કાય જીવો : ભૂમિનું પાણી (કુવા, તળાવ, વાવ વિ.), આકાશનું પાણી (વરસાદ), હરિતણું (લીલા ઘાસ ઉપરનું પાણી), ઝાકળ, બરફ, કરા, ધુમ્મસ વિગેરે, ઘનોદધિ (દેવવિમાન તથા નારક પૃથ્વીની નીચે રહેલું થીજેલા ઘી જેવું ઘટ્ટ પાણી)

(૩) તેઉકાય જીવો ※ : અંગારા, જ્વાળા, મુમ્મુર (તણખા), ઉલ્કા (આકાશમાં જે અગ્નિના લીસોટા પડે તે), અશનિ (આકાશમાં અગ્નિના તણખા ખરે તે), કણિયા (ખરતા તારા જેવો અગ્નિ) તથા વિજળી વિગેરે

(૪) વાઉકાય જીવો △ : ઉદ્‌ભ્રામક (ઊંચે ભમતો વાયુ), ઉત્કાલિક (નીચે ભમતો વાયુ), મંડલી (ચકાવા ખાતો વાયુ), મહાવાત (વંટોળીઓ), શુદ્ધ વાયુ (ધીમે ધીમે વાતો પવન), ઇલેકટ્રીક પંખા વિગેરેનો પવન, △ ઘનવાત (ઘાટો પવન), તનવાત (પાતળો પવન)

卐 કાય એટલે સમૂહ અથવા શરીર
જે જીવોની કાયા પૃથ્વીરૂપે હોય અથવા પૃથ્વીરૂપ શરીરમાં રહેલા જીવોનો જે સમૂહ તે પૃથ્વીકાય સમજવું.
(આ રીતે જ્યાં જ્યાં "કાય" શબ્દનો પ્રયોગ હોય ત્યાં આ પ્રમાણે ઘટાવવું)

※ ધૂમ્રપાન (બીડી, સીગારેટ આદિ) કરવાથી શારીરિક નુકશાન તો થાય જ છે, પરન્તુ તેની સાથે આત્મિક દ્રષ્ટિએ એના [illegible] નુકશાન થાય છે. ધૂમ્રપાનથી અગ્નિકાયના તથા વાયુકાયના જીવોની હિંસા સાથે ત્રસ જીવો આદિની પણ હિંસા થાય છે [illegible] તેનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ.


△ [illegible] ઘનોદધિ [illegible] તેની નીચે અસંખ્યાત [illegible]

પાઠ ૩ વનસ્પતિકાયના ભેદો

વનસ્પતિકાયના ભેદ-૨ પ્રત્યેક વનસ્પતિકાય
સાધારણ

(૧) પ્રત્યેક વનસ્પતિકાય : જેના એક શરીરમાં એક જીવ હોય તે
દા. ત. ફળ, ફૂલ, છાલ, થડ, પાંદડાં, બીજ વિગેરે

(૨) સાધારણ વનસ્પતિકાય : જેના એક શરીરમાં અનંતા જીવો હોય તે
દા. ત. કાંદા, બટાકા, ફણગો, [illegible]
(પાંચ રંગની લીલફૂગ) [illegible]
(ભિલાડાના ટોપ), [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]



(૧) બેઇન્દ્રિય જીવો : શંખ, કોડા, ગંડોલા Δ (મોટા કરમીયા), જળો, ચંદનક, અળશીયા, લાળીયા (વાસી વસ્તુઓમા થાય), કરમીયા, પોરા, ચૂડેલ વિગેરે

(૨) તેઇન્દ્રિય જીવો : કાનખજુરા, માકડ, જૂ, કીડી, ઉધઇ, ઇયળ, અંકોડા, મીએલ, (ખરાબ [illegible]ીમાં થાય), સાવા, ગીંગોડા, ગદૈયા, વિષ્ટાના કીડા, ધનેડા, કુંથુવા વિગેરે.

(૩) ચઉરિન્દ્રિય જીવો : વીંછી, બગાઇ, ભમરા, ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળીઆ અને ખડમાંકડી વિગેરે (બેઇ૦ તેઇ૦ ચઉ૦ એ ત્રણને વિકલેન્દ્રિય કહેવાય છે)

(૪) પંચેન્દ્રિય જીવો : દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી.

Δ કાચા દૂધ, દહિં અને છાશની સાથે કઠોળ જેવા કે મગ, ચણા, અડદ, મઠ આદિની [illegible] મિશ્રણ થવાથી તરતજ બેઇન્દ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. આને જૈન [illegible] 'વિદ[illegible]' કહે છે. માટે આ ભયંકર હિંસાના દોષથી બચવા અહિંસાધર્મના [illegible] ત્યાગ કરવો જોઇએ જમતી વેળા કઠોળની વસ્તુઓના વારંવા[illegible] વિના કાચા દૂધ, દહિ, છાશ (ગોરસ) વાપરવું નહિ

[illegible] તેના [illegible] પામેલા મેગવના જેવી માંસ[illegible] [illegible]

સ્વાધ્યાય

(૧) સિદ્ધ અને સંસારી જીવોમાં શું તફાવત છે ?

(૨) સ્થાવર કોને કહેવાય ?

(૩) તેઇન્દ્રિય જીવોને કઈ બે ઇન્દ્રિયો ન હોય ?

(૪) સ્થાવર જીવોના કેટલા ભેદ ?

(૫) [illegible], પરવાળા, [illegible], ઝાકળ, ધુમ્મસ, [illegible], [illegible], [illegible] [illegible] [illegible] ૪ કાયમાં આ કઈ કઈ કાયના જીવો છે ?

(૬) વાઉકાયના જીવો કેટલા પ્રકારે છે ? વ્યાખ્યા સહિત સમજાવો.

(૭) ઘનોદધિ તથા ઘનવાત ક્યાં રહેલા છે ?

(૮) '[illegible]' કોને કહેવાય ?

(૯) વનસ્પતિકાયના ભેદ કેટલા ?

(૧૦) [illegible] પ્રત્યેક વનસ્પતિકાય [illegible]

(૧૧) [illegible], [illegible], [illegible], [illegible], [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] જીવો [illegible]

(૧૨) [illegible]

પાઠ મુ

એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિયના ભેદો

એકેન્દ્રિયના ભેદ–૨૨ :–

	પૃથ્વી કાય	અપ્ કાય	તેઉ કાય	વાઉ કાય	વનસ્પતિકાય સાધા૦	વનસ્પતિકાય પ્રત્યેક	પર્યાપ્તા	અપર્યાપ્તા
સૂક્ષ્મ	૧	૧	૧	૧	૧	૦	૫	૫
બાદર	૧	૧	૧	૧	૧	૧	૬	૬

કુલ... ૧૧ + ૧૧=૨૨

પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય છે.

વિકલેન્દ્રિયના ભેદ–૬ :–

	પર્યાપ્તા	અપર્યાપ્તા	કુલ
બેઇન્દ્રિય	૧	૧	૨
તેઇન્દ્રિય	૧	૧	૨
ચઉરિન્દ્રિય	૧	૧	૨

કુલ.... ૬

સૂક્ષ્મ : અનંતા જીવો ભેગા મળે તો પણ (કેવળજ્ઞાની સિવાય) આંખથી ન જોઈ શકાય તે.

બાદર : એક અથવા અનેક ભેગા મળેલા જીવો આંખથી જોઈ શકાય તે.

પર્યાપ્તા : પોતાના યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કરે તે.

અપર્યાપ્તા : પોતાના યોગ્ય પર્યાપ્તિઓ પૂરી કર્યા પહેલા મરે તે

પાઠ ૬ — પંચેન્દ્રિય જીવોના ભેદો

પંચેન્દ્રિયના ભેદ-૪ :-

(૧) નારકી (૨) તિર્યંચ (૩) મનુષ્ય (૪) દેવ

તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ-૩ :-

(૧) જળચર : પાણીમાં ચાલનારા માછલાં, કાચબા, મગર, [illegible] વિગેરે

પાઠ ૭ : તિર્યંચ પંચેન્દ્રિય તથા નારકીના ભેદો

તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ-૨૦ :-

(૧)	જલચર		૫ ગર્ભજ
(૨)	સ્થલચર —	ચતુષ્પદ	૫ સંમૂર્છિમ
(૩)	,,	ઉરપરિસર્પ	
(૪)	,,	ભુજપરિસર્પ	૧૦ ભેદ
(૫)	ખેચર		

૧૦ પર્યાપ્તા + ૧૦ અપર્યાપ્તા = કુલ ૨૦ ભેદ

તિર્યંચના કુલ ભેદ-૪૮ :-

એકેન્દ્રિયના	૨૨	ભેદ
વિકલેન્દ્રિયના	૬	ભેદ
તિર્યંચ પંચેન્દ્રિયના	૨૦	ભેદ
	કુલ ૪૮	ભેદ

નારકીના ભેદ-૧૪ -

નરકના નામો : (૧) ઘમ્મા (૨) વંસા (૩) સેલા (૪) પંકપ્રભા (૫) રિઠ્ઠા (૬) મઘા (૭) માઘવતી

નરકના ગોત્રિય નામો : (૧) રત્નપ્રભા (૨) શર્કરાપ્રભા (૩) વાલુકાપ્રભા (૪) પંકપ્રભા (૫) ધૂમપ્રભા (૬) તમ:પ્રભા (૭) તમસ્તમ:પ્રભા.

૭ પર્યાપ્તા + ૭ અપર્યાપ્તા = કુલ ૧૪ ભેદ

નોંધ : રાત્રિભોજન એ પણ નરકનું મુખ્ય દ્વાર છે. चत्वारि नरकद्वाराणि, प्रथम रात्रि भोजनम् ॥ માટે શાસ્ત્રકાર ભગવંતોએ તેનો સર્વથા નિષેધ કરેલ છે. રાત્રે જમવાથી [illegible] અનેક ત્રસ જીવોની થતી ઘોર હિંસા આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ અને [illegible] જૂ, ગિરોળી આદિ ઝેરી જીવો પડવાથી પ્રાણ હાનિ પણ થઈ જાય છે. [illegible] રાત્રિભોજનને માંસભોજન બરાબર અને જલપાનને રુધિરપાન [illegible] કહ્યું છે માટે આવી ઘોર હિંસાથી બચવા સર્વથા રાત્રિભોજનનો ત્યાગ કરવો [illegible]

પાઠ ૮

[illegible]

૧૫	કર્મભૂમિના
૩૦	અકર્મભૂમિના
[illegible]	અન્તર્દ્વીપ

[illegible]

[illegible]

[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]		[illegible]	
[illegible]	[illegible]		

કુલ ૫૬૩ જીવના ભેદ

સ્વાધ્યાય

(૧) એકેન્દ્રિયના ૨૨ ભેદ કઈ રીતે થાય ? અને એમા પ્રત્યેક વનસ્પતિના ભેદ કેટલા ?

(૨) સૂક્ષ્મ અને બાદરની વ્યાખ્યા શું છે ?

(૩) અપર્યાપ્તા કોને કહેવાય ?

(૪) તિર્યંગ્ પંચેન્દ્રિયના કેટલા ભેદ ?

(૫) સ્થલચરના કેટલા પ્રકાર છે ?

(૬) ઉરપરિસર્પ, ભુજપરિસર્પ કોને કહેવાય અને તે કયા જીવો છે ?

(૭) સમુદ્ગક પક્ષી તથા વિતત પક્ષી કોને કહેવાય અને તે કયા રહેલા છે ?


(૮) તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ કેટલા ?

(૯) તિર્યંચના કુલ કેટલા ભેદ થાય અને તે કઇ રીતે ?

(૧૦) નારકીના ગોત્રિય નામો કયા છે ?

(૧૧) મનુષ્યના કેટલા ભેદ છે ?

(૧૨) સમ્મૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિ કયા થાય ?



પ્રેમનો મંત્ર

કાતિલ સર્પવિષનો ઉતાર "ગારૂડી મંત્ર" છે તો ક્રોધ, વૈર, જેવા કાતિલ કષાય વિષને ઉતારવા કયો મંત્ર કામ લાગે છે ?

"હે ચંડકૌશિક ! કંઇક સમજ ! કંઇક સમજ !" એવા ગારૂડીમંત્ર જેવા પ્રભુશ્રી મહાવીરનાં મધુર શબ્દોએ કેવું જાદુઇ કામ કર્યું "

દુઃખપૂર્ણ નરકગતિમાં જનાર ચંડકૌશિકને દેવગતિનું સુખ અપાવ્યું !

આ છે "પ્રેમ"નો ગારૂડીમંત્ર !

એ હતો "પ્રેમ"ના ગારૂડીમંત્રનો પ્રભાવ !

પાઠ ૯ અઢી દ્વીપનું ટુંકું સ્વરૂપ

એક લાખ યોજન લાંબો પહોળો જંબૂદ્વીપ છે. તેની ચારે બાજુ લવણ સમુદ્ર છે. તેને ફરતો ધાતકીખંડ છે. તેની ચારે બાજુ કાલોદધિ સમુદ્ર છે અને તેને ફરતો પુષ્કરાર્ધ દ્વીપ છે.

જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધ દ્વીપ એ અઢી દ્વીપ છે. આ અઢી દ્વીપમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અન્તર્દ્વીપ આવેલા છે. કર્મભૂમિ: જ્યાં ધર્મ, કર્મ અને રાજ્યાદિની વ્યવસ્થા હોય તે.

	ભરત	ઐરવત	મહાવિદેહ
જંબૂદ્વીપમાં	૧	૧	[illegible]
ધાતકીખંડમાં	૨	૨	૨
પુષ્કરાર્ધ દ્વીપમાં	૨	૨	૨
[illegible]	૫	૫	૫

પાઠ ૧૦ — દેવોના ભેદો

દેવોના મુખ્ય ભેદ—૪

(૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષી (૪) વૈમાનિક

(૧) ભવનપતિના ભેદ-૨૫

ભવનપતિ	૧૦
પરમાધામી (અસુરનિકાય)	૧૫
કુલ ભેદ	૨૫

(૨) વ્યંતરના ભેદ-૨૬

વ્યંતર	૮
વાણવ્યંતર	૮
તિર્યક્જૃંભક	૧૦
કુલ ભેદ	૨૬

(૩) જ્યોતિષીના ભેદ-૧૦

સ્થિર (મનુષ્યલોકની બહાર)	૫
અસ્થિર (મનુષ્યલોકમાં)	૫
કુલ ભેદ	૧૦

(૪) વૈમાનિકના ભેદ-૩૮

દેવલોક	૧૨
ગ્રૈવેયક	૯
લોકાન્તિક	૯
અનુત્તર	૫
કિલ્બિષિયા (હલકી જાતિના દેવો)	૩
કુલ ભેદ	૩૮

દેવોના ભેદ-૧૯૮ -

ભવનપતિ	૨૫
વ્યંતર	૨૬
જ્યોતિષી	૧૦
વૈમાનિક	૩૮
	૯૯

૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = ૧૯૮ કુલ ભેદ

ચાર ગતિના સંસારી જીવોના ભેદ-૫૬૩ -

(૧)	નરકીના	૧૪ ભેદ
(૨)	તિર્યંચ	૪૮
([illegible])	મનુષ્ય	[illegible]
([illegible])	[illegible]	[illegible]

પાઠ ૧૧　અવગાહના દ્વાર

અવગાહના : શરીરની ઉંચાઈનું પ્રમાણ

એકેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :-

જીવોના નામ	અવગાહના
પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને સાધારણ વનસ્પતિકાય	અંગુલનો અસંખ્યાતમો ભાગ
પ્રત્યેક વનસ્પતિકાય	એક હજાર યોજન

વિકલેન્દ્રિય જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :-

બેઇન્દ્રિય	૧૨ યોજન (૪૮ ગાઉ)
તેઇન્દ્રિય	૩ ગાઉ
ચઉરિન્દ્રિય	૪ ગાઉ

નારકી જીવોની ઉત્કૃષ્ટ અવગાહના :-

પહેલી	નરકના	જીવો	૭ાા ધનુષ ૬ અંગુલ
બીજી	,,	,,	૧૫ાા ,, ૧૨ ,,
ત્રીજી	,,	,,	૩૧ા ,,
ચોથી	,,	,,	૬૨ાા ,,
પાંચમી	,,	,,	૧૨૫ ,,
છઠ્ઠી		,,	૨૫૦ ,,
સાતમી	,,	,,	૫૦૦ ,,

પાઠ ૧૨

તિર્યંચ પંચેન્દ્રિય જીવોની અવગાહના

સ્વાધ્યાય

(૧) અઢી દ્વીપ કઈ રીતે રહેલા છે ?
(૨) અઢી દ્વીપમાં કેટલી કર્મભૂમિ, અકર્મભૂમિ તથા અન્તર્દ્વીપ છે ?
(૩) ધાતકી ખંડમા તથા પુષ્કરાર્ધ દ્વીપમા કેટલી અકર્મભૂમિ છે ?
(૪) કર્મભૂમિ કોને કહેવાય ?
(૫) અકર્મભૂમિમા કોણ રહે છે ?
(અ) અકર્મભૂમિ ૩૦ કઈ રીતે છે ?
(૬) દેવોના મુખ્ય ભેદ કેટલા છે ?
(અ) ભવનપતિ તથા વૈમાનિકના ભેદ કેટલા ? અને તે કઈ કઈ રીતે છે ?
(વ) દેવોના કુલ ભેદ કેટલા થાય છે ?
(૭) ચારે ગતિના સંસારી જીવોના કુલ કેટલા ભેદ છે ?
(૮) તેઉકાય, સાધારણ વનસ્પતિકાય, તેઇન્દ્રિય જીવોની કેટલી અવગાહના છે ?
(૯) ૧, ૩, ૫, ૭ નરકના જીવોની કેટલી અવગાહના છે ?
(૧૦) ગર્ભજ જલચર, ભુજ પરિસર્પ તથા ખેચર, સંમૂર્છિમ જલચર, ઉરપરિસર્પ, ચતુષ્પદની કેટલી અવગાહના છે ?
(૧૧) જ્યોતિષી દેવોની તથા ૪-૮-૧૦-૧૨ દેવલોકના દેવોની તથા નવગ્રૈવેયક અને ૩-૫ અનુત્તરના દેવોની કેટલી અવગાહના છે ?

સાચો યજ્ઞ કોને કહેવાય ?

શરીરને વેદી કહેલી છે.
આત્મા યજ્ઞનો કર્તા છે.
તપ અગ્નિ છે.
કર્મો એ સમિધા=કાષ્ઠ છે.
ક્રોધાદિકને પશુઓ માનેલા છે.
સત્ય એ યજ્ઞસ્તંભ છે.
સર્વ પ્રાણીઓનું રક્ષણ એ દક્ષિણા છે.



તિર્યંચ અને મનુષ્ય

પાઠ ૧૪ આયુષ્યદ્વાર

(ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી તથા ૧૨ દેવલોક)

ભવનપતિ નિકાયના ૧લી નિકાયના (અસુર કુમારાદિ) દેવો	૧ સાગરોપમથી અધિક
૯ નિકાયના દેવો	દેશોન બે પલ્યોપમ
વ્યંતર દેવો	૧ પલ્યોપમ

જ્યોતિષી	ચન્દ્ર	૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ
	સૂર્ય	૧ હજાર વર્ષ અધિક ૧ પલ્યોપમ
	ગ્રહ	૧ પલ્યોપમ
	નક્ષત્ર	૦॥ પલ્યોપમ
	તારા	૦। પલ્યોપમ

૧૨ દેવલોક :-

૧	સૌધર્મ દેવલોકના દેવો	૨ સાગરોપમ
૨	ઈશાન ,, ,,	૨ સાગરોપમથી અધિક
૩	સનત્કુમાર ,, ,,	૭ સાગરોપમ
૪	માહેન્દ્ર ,, ,,	૭ ,, થી અધિક
૫	બ્રહ્મ ,, ,,	૧૦ ,,
૬	લાંતક ,, ,,	૧૪ ,,
૭	મહાશુક્ર ,, ,,	૧૭ ,,
૮	સહસ્રાર ,, ,,	૧૮ ,,
૯	આનત દેવલોકના દેવો	૧૯ ,,
૧૦	પ્રાણત ,,	૨૦ ,,
૧૧	આરણ ,, ,,	૨૧ ,,
૧૨	અચ્યુત ,, ,,	૨૨ ,,

પાઠ ૨૫ :: આયુષ્યદ્વાર

(પ્રવેશક, અનુભવ તથા [illegible])

પાઠ ૧૬ સ્વકાય સ્થિતિ

જીવો	સ્વકાય સ્થિતિ
પૃથ્વીકાયાદિ પાંચની	અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી
સાધારણ વનસ્પતિકાયની	અનંત ,, ,,
વિકલેન્દ્રિયની	સંખ્યાતા વર્ષો
પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યની	૭ કે ૮ ભવો

દેવ તથા નારકની સ્વકાય સ્થિતિ નથી. એટલે કે દેવ મરીને દેવ કે નારક મરીને નારક ન થાય.

__સ્વકાય સ્થિતિ__: જીવો મરીને તેવી ને તેવી પ્રકારની એકજ કાયમાં વધારેમા વધારે કેટલી વખત ઉત્પન્ન થાય, અથવા તો ત્યા કેટલો કાળ રહી શકે તે.

'સંદેશ'

બળદ: પૂર્વ ભવમાં મેં પોતે હૃદયની ગુઢતા, લુચ્ચાઇ તથા માયા પ્રપંચો ખુબ કર્યા જેથી હું આવી તિર્યંચ (પશુ) યોનિમાં જન્મ લઇને આવી ભયંકર વિટંબના ભોગવી રહ્યો છું તે આપ પ્રત્યક્ષ દેખી રહ્યા છો. તેથી મારો આપને એજ સંદેશ છે કે આપ મહામુલા માનવજીવનને રોળવાને કદી લુચ્ચાઇ, માયા પ્રપંચો કરશો નહિ. નહિતર મારા જેવી વિટંબના ભોગવવી પડશે

ઘાંચી: હું જેમ તલીબીજામાંથી તેના સત્વરૂપ તેલ કાઢીને ખોળને જુદો કરૂં છું તેવી રીતે આ મનુષ્ય-જન્મમાંથી તપ રૂપી ઘાણી દ્વારા આત્મા સાથે લાગેલાં કર્મોને પીલીને આત્મગુણરૂપી તેલને પ્રાપ્ત કરી અને કર્મપુદ્ગલરૂપી ખોળને જુદો કરી દેવો જોઇએ જેથી આત્મા પોતાના 'મૂળ' સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે



પાઠ ૨૭ — પ્રાણ તથા યોનિદ્વાર

સ્વાધ્યાય ૭

(૧) પૃથ્વીકાય, તેઉકાય, સાધારણ વનસ્પતિકાય, તેઇન્દ્રિય, ગર્ભજ તથા સંમૂર્છિમ જલચર, ભુજપરિસર્પ, ખેચર, મનુષ્ય તથા ચતુષ્પદનું આયુષ્ય કેટલુ છે ?

(૨) જઘન્યથી તિર્યંચ અને મનુષ્યનુ આયુષ્ય કેટલુ છે ?

(૩) ભવનપતિનિકાયના ૧-૩-૬-૯મી નિકાયના દેવોનું આયુષ્ય કેટલું છે ?

(૪) ચન્દ્ર, સૂર્ય, નક્ષત્ર તથા ૨-૪-૬-૯-૧૧-૧૨ મા દેવલોકના દેવોનું આયુષ્ય કેટલું છે ?

(૫) ૧-૪-૭-૯ મા ગ્રૈવેયકના દેવોનુ તથા ૩-૫ મા અનુત્તરના દેવોનુ આયુષ્ય કેટલુ છે ?

(૬) ૨-૩-૫-૭ મી નરકના જીવોનુ આયુષ્ય કેટલુ છે ?

(૭) દેવતા તથા નારકીનુ જઘન્ય આયુષ્ય કેટલું છે ?

(૮) સ્વકાય સ્થિતિ કોને કહેવાય ?

(૯) પૃથ્વીકાય, તેઉકાય, સાધારણ વનસ્પતિકાય, બેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, મનુષ્ય તથા દેવ-નારકીની સ્વકાય સ્થિતિ કેટલી છે ?

(૧૦) એકેન્દ્રિય, તેઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયના જીવોને કેટલા પ્રાણ હોય ? અને તે કયા કયા હોય ?

(૧૧) યોનિની વ્યાખ્યા શું ?

(૧૨) અપકાય, પ્રત્યેક તથા સાધારણ વનસ્પતિકાય, ચઉરિન્દ્રિય, નારક, તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યની કેટલી યોનિ છે ?

સંપત્તિ એ વિપત્તિ છે;
વિપત્તિ એ જ સંપત્તિ છે !

ઉપસંહાર


સિદ્ધના જીવોને શરીર નથી આયુષ્ય નથી પ્રાણ, યોનિ [illegible] નહીં. તેઓની સ્થિતિ સાદિ અનન્ત છે અનન્ત અવ્યાબાધ સુખમાં તેઓ [illegible] આનંદ ભોગવી રહ્યા છે.

[illegible] વાળી [illegible] અનાદિ અનન્ત [illegible] છે

[illegible]



પરિશિષ્ટ



"કર્મબંધ"નો વિશેષ પરિચય

કર્મસાહિત્યમાં કર્મબંધના ચાર વિશિષ્ટ પ્રકારો બતાવેલા છે:-

(૧) સ્પૃષ્ટ (૨) બદ્ધ (૩) નિધત્ત અને નિકાચિત

(૧) સ્પૃષ્ટ કર્મબંધ :-


કર્મોનો જીવના પ્રદેશો સાથે સંયોગ-સંબંધ થવો અર્થાત્ સ્પર્શમાત્ર થવો

જેમ સોયોના ઢગલામા સોયોનો પરસ્પર સંયોગ (સ્પર્શ) થાય છે, પણ તે અલ્પ પ્રયાસથીજ અલગ અલગ કરી શકાય છે, તેવીજ રીતે આત્મા સાથે બધાયેલા કર્મદલીકોને (સ્કન્ધોને) "મિચ્છામિ દુક્કડ" એટલે કે "મારું આ પાપ મિથ્યા થાઓ" એવા હૃદયના સાચા પશ્ચાત્તાપ દ્વારા દૂર કરી શકાય છે દૃષ્ટાંત પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પોતાના નાના રાજકુમારને રાજ્ય સોંપી ચારિત્ર અંગીકાર કરી ઉગ્ર તપ-સયમની સાધના કરવા લાગ્યા એક દિવસ સૂર્યના કિરણોનુ આલમ્બન લઇ આત્મધ્યાનમા મગ્ન બનીને જ્યા ઊભા છે ત્યાથી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને વદન કરવા જતી શ્રેણિક મહારાજાની વિશાળ સવારી નીકળી તેમાથી "દુર્મુખ" નામના એક દૂત દ્વારા પોતાના પુત્રના રાજ્યપર શત્રુ રાજાએ આક્રમણ કર્યું છે એવા સમાચાર સાભળી આ પ્રસન્નચન્દ્ર રાજર્ષિ શુભ ધ્યાનથી ચલિત થઇ આર્ત-રૌદ્ર ધ્યાન કરવા લાગ્યા

[illegible] એ શત્રુ રાજા સાથે ભીષણ યુદ્ધ શરૂ કર્યું જ્યારે સમસ્ત [illegible] ખૂટ્યા ત્યારે મુકુટને ફેંકવા મસ્તક ઉપર હાથ મૂક્યો, પણ મુંડ મસ્તક જોઇ એમને પોતાની મુનિ અવસ્થાનુ ભાન થતા તરતજ અતઃકરણના સાચા પશ્ચાત્તાપ દ્વારા સાતમી નરકના બાંધેલા અશુભકર્મના દલીકોને ક્ષણવારમા [illegible] કેવળજ્ઞાની બન્યા

(૨) બદ્ધ કર્મબંધ :-

[illegible] કર્મદલીકો [illegible] પરસ્પર [illegible] નબધની [illegible] (ગવાયા) [illegible] મંડાય છે અને તે



મધુબિન્દુ

સંસારના કહેવાતા "સુખો" ના તરણાં ઓથે કેટકેટલા **"દુઃખો"** ના ડુંગરો છૂપાયલા પડયા છે તેનો સચોટ ખ્યાલ આ મનનીય દૃષ્ટાંત–કથાનક સૌ કોઈ મુક્તિઉપાસક જીવોને પુરૂં પાડે છે

પોતાનો જીવ લેવા પાછળ પડેલા મદમસ્ત હાથીથી બચવા એક માનવીએ વડવાઈઓ પકડી પોતાને "સલામત" માની લીધો સૂંઢ વડે થડને પકડી આખાય ઝાડને ઉખેડી નાખવા હાથી તૈયાર થયો છે નીચે જોયું તો કૂવામાં ફુંફાડા મારતો એક અજગર અને ચાર સર્પો દેખાયા ડાળ ઉપરના મધપૂડાની માખીઓ ઉડીને ચટકા દેવા લાગી ઉપર જોયુ તો જે વડવાઈઓના આધારે પોતે લટકી રહ્યો છે, તેને જ બે ઉંદરો કાપી રહ્યા છે **મૃત્યુ** ચારેય બાજુથી ઘેરી વળ્યું છે, છટકી શકાય તેમ નથી એટલામાં ઉપરથી મધના ટીપા એના મોઢામાં પડવા લાગ્યા, જેના સ્વાદથી મૃત્યુનું દુ:ખ વિસરાઈ ગયુ અને સુખનો આભાસ થયો ત્યાં જ એને બચાવવા દેવવિમાન આવે છે પણ સ્વાદલોલુપતાના કારણે પોતે જવા તૈયાર નથી થતો. પરિણામ શું આવ્યુ એ કહેવાની કંઈ જરૂર છે ખરી?

સંસાર એજ કૂવો **મનુષ્યજન્મ** એજ વડવૃક્ષ **આયુષ્ય** એજ વડવાઈ **અર્થકામ** એજ મધપૂડો **કામના** એજ મધ. **શુક્લપક્ષ, કૃષ્ણપક્ષ** એજ ધોળો અને કાળો ઉંદર **આધિ, વ્યાધિ** અને **ઉપાધિ** એજ મધમાખીઓ **દુર્ગતિ** એજ અજગર અને ચાર **કષાયો** એજ ચાર સર્પો **મૃત્યુ** એજ જંગલી હાથી એમાંથી બચવા ચારિત્રરૂપી **વિમાનમાં** બેસી જવા સદ્ગુરૂ (વિદ્યાધર) ફરી ફરીને પ્રેરણા કરે છે, પરંતુ સંસાર–રસિક જીવ "હજુ થોડું ભોગસુખ માણી લઉં પછી ચારિત્ર લઈશ" એમ વારંવાર કહેવા છતાં તે ભોગસુખને છોડી શકતો નથી એટલે સદ્ગુરૂ ત્યાથી ચાલ્યા જાય છે અને તે મનુષ્ય ભયંકર દુ:ખમય મોહાંધકારભર્યા ભવકૂપમા પટકાઇ પડે છે માટે તત્ત્વજ્ઞાનના અભ્યાસક મુમુક્ષુએ તત્ત્વજ્ઞાનના સર્વોત્કૃષ્ટ ફળરૂપ **ચારિત્રધર્મ**ને મેળવવા ઉજમાળ બનવું જોઇએ.

દૃષ્ટાંત : શ્રેણિક મહારાજાએ ધર્મપ્રાપ્તિ પૂર્વે અજ્ઞાન અવસ્થામાં શિકાર રમતા એક ગર્ભિણી હરિણીને તીરથી વીંધી નાખી. બિચારી હરિણી, ગર્ભસહિત તીવ્ર વેદનાથી અત્યંત વ્યાકુળ બની તરફડવા લાગી. આ જોઈ શ્રેણિક રાજા હર્ષપૂર્વક વિચાર કરવા લાગ્યા કે, "હું કેવો બહાદુર ! કે એકજ તીરથી એક સાથે બેઉને ઘાયલ કરી નાખ્યા !" આ પ્રમાણે તે પાપની વારંવાર ખૂબ ખૂબ પ્રશંસા (અનુમોદના) કરતી વેળા તેમનું નરકગતિનું આયુષ્ય બંધાઈ ગયું અને અનુમોદના કરવાથી તે ગાઢ નિકાચિત થઈ ગયું. ત્યારબાદ જ્યારે શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના પરમ ઉપાસક બની "ક્ષાયિક સમ્યક્ત્વ" તીર્થંકર નામ કર્મ ઉપાર્જીત કર્યું, પણ જે પૂર્વે બંધાયલું નરકાયુષ્યનું નિકાચિત કર્મ તો તેમને ભોગવવુંજ પડયું

આ પ્રમાણે જે નિકાચિત કર્મનું ફળ ભોગવ્યા સિવાય છૂટકોજ ન થાય તેને **"ગાઢ નિકાચિત"** કહેવાય અને જે તપ દ્વારા ક્ષય થઈ શકે તે **"અલ્પ નિકાચિત"** કહેવાય આનો "નિધત્ત કર્મબંધ"માં સમાવેશ થાય છે.

જેવી રીતે અશુભ કર્મબંધના દૃષ્ટાંતો સહિત ચાર પ્રકારો બતાવ્યા તેવીજ રીતે શુભ કર્મબંધમા પણ ઉપરોક્ત ચારેય પ્રકારો ઘટાવી લેવા જેમ કે શાંતિનાથ ભગવાન, કુંથુનાથ ભગવાન અને અરનાથ ભગવાને તીર્થંકર નામકર્મ સાથે ચક્રવર્તીપદના કારણભૂત શુભકર્મને પણ નિકાચિત કર્યું જેથી તેઓને ચક્રવર્તીપણું પણ ભોગવવું પડયુ

આ રીતે કર્મબંધનું રહસ્ય સમજીને અશુભ કર્મબંધ કરાવનારી પાપ પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરવો સંયોગવશાત્ સર્વત્યાગ થવો અશક્ય લાગે તો પણ જીવનમા પ્રતિ પળે થતા પાપોનો વારંવાર પશ્ચાત્તાપ કરવો ભૂલેચૂકે પણ તેની પ્રશંસા ન થઈ જાય તેની સતત કાળજી રાખવી... તેમજ... દાન, પરોપકાર, સંયમ આદિ શુભ પ્રવૃત્તિઓ કરી તેની વારંવાર અનુમોદના કરવી જેથી **પુણ્યાનુબંધી** પુણ્યનો અનુબંધ (પરંપરા) ચાલ્યા કરે અને અંતે એ પુણ્ય મોક્ષને અનુકુળ ધર્મસામગ્રી પ્રાપ્ત કરાવીને પોતાની મેળે ક્ષય પામી જાય

ઉપરોક્ત સ્પૃષ્ટ, બદ્ધ અને નિધત્ત એ ત્રણ કર્મબંધનો અનુક્રમે પ્રાયશ્ચિત્ત, પ્રતિક્રમણ અને તપ દ્વારા ક્ષય થઈ શકે છે એ હેતુથીજ તપના બાર પ્રકારો દ્વારાજ કર્મોની નિર્જરા થાય છે એમ નક્કી થયું



(બ) ચારિત્ર મોહનીયના બંધ હેતુ :-

ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્યાદિની પ્રવૃત્તિ કરવાથી તેમજ વિષય ભોગમાં આસક્ત બનવાથી ચારિત્ર મોહનીયકર્મ બંધાય છે

(૫) આયુષ્યકર્મના બંધ હેતુ :-

(અ) **નરકાયુ**: મહાઆરંભ, મહાપરિગ્રહ (ઘણા પાપ વ્યાપારો કરી ઘણું ધન એકઠું કરવાથી), રૌદ્ર (ક્રુર) પરિણામ, પંચેન્દ્રિય વધ, માંસભક્ષણ, અનંતાનુબંધી કષાય વેરની પરંપરા, રાત્રિભોજન અને પરસ્ત્રીગમન વિગેરેથી નરકાયુષ્ય બંધાય છે

(બ) **તિર્યંચાયુ**: કોઈના ગૂઢ રહસ્ય પ્રગટ કરવા, લુચ્ચાઈ, છળ પ્રપંચ, પાપશલ્ય, અપ્રત્યાખ્યાનીય કષાય અને આર્તધ્યાન વિગેરેથી તિર્યંચ આયુષ્ય બંધાય છે

(ક) **મનુષ્યાયુ**: અલ્પ (મંદ) કષાય, અલ્પ આરંભ-પરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા, સરળતા, દાક્ષિણ્ય, ઉદારતા વિગેરેથી મનુષ્ય આયુષ્ય બંધાય છે

(ડ) **દેવાયુ** સરાગ સંયમ, દેશવિરતિ, બાળ-અજ્ઞાન તપ (કર્મક્ષયના હેતુ વિના કરેલું તપ), અકામ નિર્જરા વિગેરેથી દેવ આયુષ્ય બંધાય છે

(૬) નામકર્મના બંધ હેતુ :-

(અ) **શુભનામ** ક્ષમા, નમ્રતા, સરળતા, ગારવરહિતપણું (રસ-ઋદ્ધિ કે બાહ્ય સુખમાં અનાસક્તિ), ગુણી જનની પ્રશંસા, આત્મનિંદા આદિથી શુભનામકર્મ બંધાય છે

સર્વશુભ પ્રકૃતિઓમાં શ્રેષ્ઠ એવું **"તીર્થંકર નામકર્મ"** અરિહંત, સિદ્ધ, આચાર્ય વિગેરે વીસપદોની વિધિપૂર્વક આદર-બહુમાન સહિત આરાધના કરવાથી બંધાય છે

(બ) **અશુભનામ** મન, વચન અને કાયાની વક્રતા, રસ-ઋદ્ધિ કે નિદ્રાસુખમાં આસક્તિ, ઠગાઈ, ચિત્તની ચંચળતા, વસ્તુઓમાં ભેળસેળ કરવું, ખોટા તોલ માપ રાખવા, પરનિંદા અને આત્મપ્રશંસા કરવી ઇત્યાદિ કારણોથી અશુભનામકર્મ બંધાય છે

(૭) ગોત્રકર્મના બંધ હેતુ :-

(અ) ઉચ્ચગોત્ર ગુણાનુરાગ, નિરભિમાન, અધ્યયન, અધ્યાપનની રુચિ અને જિનભક્તિ આદિ વડે ઉચ્ચગોત્ર બંધાય છે

[illegible]

[illegible] કર્મના બંધ હેતુ :-

[illegible]

તીર્થંકરોનાં લંછન

૨૪ જિનેશ્વર ભગવંતોનો ટૂંક પરિચય

(૧) શ્રી ઋષભદેવ :-

આપણા પ્રથમ તીર્થંકર પરમાત્માનું નામ ઋષભદેવ કેમ પડ્યું ? સર્વ તીર્થંકરોની માતા પ્રથમ સ્વપ્નમાં હાથીજ દેખે છે પરંતુ મરૂદેવી માતાએ પ્રથમ વૃષભ=બળદ જોયો હતો, માટે ઋષભદેવ નામ પડ્યું વળી તેઓ ધર્મની આદિ (શરૂઆત) કરનાર હતા. માટે તેમનું બીજું નામ આદિનાથ પડ્યું.

(૨) શ્રી અજિતનાથ :-

તેમના માતા-પિતાને પાસા રમવાની ટેવ હતી. રમતમાં માતા હંમેશા બાજી હારી જતા, પરંતુ પ્રભુજી ગર્ભમાં આવ્યા બાદ કદી હાર્યા નહિં તેથી તેમનું નામ **અજિતનાથ** પડ્યું. સામાન્ય અર્થ જોતાં એઓ પરિષહો, ઉપસર્ગોથી છતાયા નહિ એવા પ્રભુ તે **અજિતનાથ.**

(૩) શ્રી સંભવનાથ :-

પ્રભુજીની સ્તુતિ કરનાર આ "ભવ"માં સં="સુખી" થાય છે. પ્રભુજી ગર્ભમાં આવ્યા પૂર્વે દુષ્કાળ હતો, પણ ગર્ભમાં આવ્યા બાદ અણધાર્યો વરસાદ વરસ્યો પરદેશથી ધાન્યનાં વહાણો આવ્યા, અને પૃથ્વીમાં ધાન્યનો સંભવ=ઉત્પાદન થયું આ બધા કારણે તેમનું નામ **સંભવનાથ** પડ્યું

(૪) શ્રી અભિનંદનસ્વામી :-

તેમનું સ્તવ દેવેન્દ્રાદિથી અભિનંદન થાય છે તેવા. ગર્ભમાં આવ્યા બાદ હંમેશા ઇન્દ્ર તેમની માતાની સ્તુતિ કર્યા જતા, તેથી તેમનું નામ **અભિનંદન** પડ્યું.

(૫) શ્રી સુમતિનાથ :-

સુ [illegible] ગર્ભમાં આવ્યા પછી તેમની માતાને વિવાદના સુંદર નિર્ણય [illegible] માટે પ્રભુજીનુ નામ **સુમતિનાથ** પાડ્યું

(૬) શ્રી પદ્મપ્રભસ્વામી :-

[illegible] કાન્તિ પદ્મ (કમળ)ના સમાન જેવી હતી. ગર્ભમાં આવ્યા બાદ માતાને [illegible] પર સુવાનો દોહદ ઉત્પન્ન થયો અને તે [illegible] પદ્મના [illegible] જેવી હોવાથી પ્રભુજીનું નામ પદ્મપ્રભ [illegible]

શ્રી સુપાર્શ્વનાથ :-

[illegible] પાર્શ્વ-પડખાં સુંદર છે તે. ગર્ભમાં આવ્યા બાદ માતાના પડખાં [illegible] પણ સુંદર થયા એટલે પ્રભુજી સુપાર્શ્વનાથ કહેવાયા.

શ્રી ચંદ્રપ્રભસ્વામી :-

[illegible] નિર્મળ કાંતિવાળા હોવાથી તેમજ ગર્ભમાં આવ્યા પછી [illegible] પાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો, જેથી તેમનું નામ ચંદ્રપ્ર[illegible]-[illegible]

(૧૪) **શ્રી અનંતનાથ :-**

જેમના અનંત જ્ઞાન, દર્શન આદિ ગુણો પ્રગટ્યા છે. જેમણે કર્મના અનંત અંશોનો અંત કરી નાખ્યો છે તે. ગર્ભમાં આવ્યા બાદ માતાએ ગામમા ફેલાયેલા તાવના ઉપદ્રવને દૂર કરવા અનંત ગાંઠોવાળો દોરો બાંધ્યો. તેમજ **સ્વપ્નમાં** (પ્રભુજી ગર્ભમાં આવ્યા બાદ) અનંત સંખ્યાવાળા **રત્નોની** માળા જોઈ તેથી **અનંતનાથ** નામ પડ્યું

(૧૫) **શ્રી ધર્મનાથ :-**

દુર્ગતિમા પડતા જીવોને ધારણ કરે તે "ધર્મ" એવા ધર્મના નાથ, પ્રવર્તક. ગર્ભમાં આવ્યા પછી માતા દાનાદિ ધર્મપરાયણ થયા તેથી **ધર્મનાથ** નામ પડ્યુ

(૧૬) **શ્રી શાંતિનાથ :-**

સર્વત્ર શાંતિના કરનારા ગર્ભમા આવ્યા બાદ દેશમાં ફેલાયેલો **મરકીનો** ઉપદ્રવ માતાએ અમૃત છાંટી શાંત કર્યો તેથી **શાંતિનાથ** નામ પડ્યુ.

(૧૭) **શ્રી કુંથુનાથ :-**

"કુ" એટલે પૃથ્વી, ત્યાં સ્થિત. ગર્ભમા આવ્યા બાદ માતાએ સ્વપ્નમાં પૃથ્વી ઉપર કુંથુઆ સમાન ઝીણા રત્નોનો ઢગલો જોયો તથા શત્રુઓ કુંથુઆ= કુંથવા= ની જેમ નાના રજકણ જેવા થયા પ્રભુજીના જન્મ પછી કુંથવા જેવા નાના નાના સૂક્ષ્મ જીવોની જયણા પાળવાની પ્રવૃત્તિ થઈ એટલે **કુંથુનાથ** કહેવાયા

(૧૮) **શ્રી અરનાથ :-**

ગર્ભમા આવ્યા પછી માતાએ રત્નમય આરો (કઠિ–પાળ) સ્વપ્નમા જોયો તેથી **અરનાથ** નામ પડ્યું.

(૧૯) **શ્રી મલ્લિનાથ :-**

પરિષહ રૂપ મલ્લને હરાવનાર, કષ્ટોને દૂર કરનાર ગર્ભના મહિમાથી માતાને એક વખત સર્વઋતુઓના સુગંધી પુષ્પયુક્ત શય્યામાં સુવાનો દોહદ ઉત્પન્ન થયો તે દેવે પૂર્યો તેથી **મલ્લિનાથ** નામ રાખ્યુ

(૨૦) **શ્રી મુનિસુવ્રતસ્વામી :-**

જગતની ત્રિકાળ અવસ્થાને સારી રીતે જાણે તે મુનિ અને સુંદર વ્રતોવાળા

તીર્થંકરનું નામ	પિતાનું નામ	માતાનું નામ	જન્મસ્[illegible]
૧ શ્રી ઋષભદેવ	નાભિ રાજા	મરૂદેવી	અયોધ્યા
૨ ,, અજિતનાથ	જિતશત્રુ રાજા	વિજયાદેવી	,,
૩ ,, સંભવનાથ	જિતારિ ,,	સેનાદેવી	શ્રાવસ્તિ
૪ ,, અભિનંદન	સંવર ,,	સિદ્ધાર્થાદેવી	અયોધ્યા
૫ ,, સુમતિનાથ	મેઘરથ ,,	સુમંગલાદેવી	,,
૬ ,, પદ્મપ્રભ	શ્રીધર ,,	સુસીમાદેવી	કૌશામ્બિ
૭ ,, સુપાર્શ્વનાથ	સુપ્રતિષ્ઠ ,,	પૃથ્વીદેવી	કાશી
૮ ,, ચંદ્રપ્રભ	મહાસેન ,,	લક્ષ્મણાદેવી	ચંદ્રપુરી
૯ ,, સુવિધિનાથ	સુગ્રીવ ,,	રામાદેવી	કાકંદી
૧૦ ,, શીતળનાથ	દૃઢરથ ,,	નંદાદેવી	ભદ્દિલપુર
૧૧ ,, શ્રેયાંસનાથ	વિષ્ણુ ,,	વિષ્ણુદેવી	સિંહપુર
૧૨ ,, વાસુપૂજ્ય	વસુપૂજ્ય ,,	જયાદેવી	ચંપાનગરી
૧૩ ,, વિમલનાથ	કૃતવર્મ ,,	શ્યામાદેવી	કંપીલપુર
૧૪ ,, અનંતનાથ	સિંહસેન ,,	સુયશાદેવી	અયોધ્યા
૧૫ ,, ધર્મનાથ	ભાનુ ,,	સુવ્રતાદેવી	રત્નપુર
૧૬ ,, શાંતિનાથ	વિશ્વસેન ,,	અચિરાદેવી	હસ્તિનાપુર
૧૭ ,, કુંથુનાથ	સૂર ,,	શ્રી દેવી	,,
૧૮ ,, અરનાથ	સુદર્શન ,,	દેવી રાણી	,,
૧૯ ,, મલ્લિનાથ	કુંભ ,,	પ્રભાવતી દેવી	મિથિલા
૨૦ ,, મુનિસુવ્રત	સુમિત્ર ,,	પદ્માદેવી	રાજગૃહી
૨૧ ,, નમિનાથ	વિજય ,,	વપ્રા દેવી	મિથિલા
૨૨ ,, અરિષ્ટનેમિ	સમુદ્રવિજય ,,	શિવાદેવી	શૌરિપુર
૨૩ ,, પાર્શ્વનાથ	અશ્વસેન ,,	વામા દેવી	વાણારસી
૨૪ ,, મહાવીર	સિદ્ધાર્થ ,,	ત્રિશલાદેવી	ક્ષત્રિયકુંડ

	ચ્યવન તિથિ	જન્મ તિથિ	દીક્ષા તિથિ	કેવળજ્ઞાન તિથિ	નિર્વાણ તિથિ
૧ શ્રી ઋષભદેવ	જેઠ વદ ૪	ફાગણ વદ ૮	ફાગણ વદ ૮	મહા વદ ૧૧	પોષ વદ ૧૩
૨ ,, અજિતનાથ	વૈશાખ સુદ ૧૩	મહા સુદ ૮	પોષ ,, ૯	માગસર ,, ૧૧	ચૈત્ર સુદ ૫
૩ ,, સંભવનાથ	ફાગણ ,, ૮	મહા ,, ૧૪	માગસર સુદ ૧૫	આસો ,, ૫	ચૈત્ર ,, ૫
૪ ,, અભિનંદન	વૈશાખ ,, ૪	મહા ,, ૨	મહા ,, ૧૨	માગસર ,, ૧૪	વૈશાખ ,, ૮
૫ ,, સુમતિનાથ	શ્રાવણ ,, ૨	વૈશાખ,, ૮	વૈશાખ ,, ૯	ચૈત્ર સુદ ૧૧	ચૈત્ર સુદ ૯
૬ ,, પદ્મપ્રભ	પોષ વદ ૬	આસો વદ ૧૨	આસો વદ ૧૨	ચૈત્ર ,, ૧૫	કાર્તિક વદ ૧૧
૭ ,, સુપાર્શ્વનાથ	શ્રાવણ ,, ૮	જેઠ સુદ ૧૨	જેઠ સુદ ૧૩	મહા વદ ૬	મહા ,, ૭
૮ ,, ચંદ્રપ્રભ	ફાગણ ,, ૫	માગસર વદ ૧૨	માગસર વદ ૧૩	મહા ,, ૭	શ્રાવણ ,, ૭
૯ ,, સુવિધિનાથ	મહા ,, ૯	કાર્તિક ,, ૫	કાર્તિક ,, ૬	કાર્તિક સુદ ૩	ભાદરવા સુદ ૯
૧૦ ,, શીતળનાથ	ચૈત્ર ,, ૬	પોષ , ૧૨	પોષ ,, ૧૨	માગસર વદ ૧૪	ચૈત્ર વદ ૨
૧૧ ,, શ્રેયાંસનાથ	વૈશાખ , ૬	મહા ,, ૧૨	મહા ,, ૧૩	પોષ વદ ૩	અષાડ ,, ૩
૧૨ ,, વાસુપૂજ્ય	જેઠ સુદ ૯	મહા ,, ૧૪	ફાગણ સુદ ૧૫	મહા સુદ ૨	અષાડ સુદ ૧૪
૧૩ ,, વિમળનાથ	વૈશાખ ,, ૧૨	મહા સુદ ૩	મહા ,, ૪	પોષ ,, ૬	જેઠ વદ ૭
૧૪ ,, અનંતનાથ	અષાડ વદ ૭	ચૈત્ર વદ ૧૩	ચૈત્ર વદ ૧૪	ચૈત્ર વદ ૧૪	ચૈત્ર સુદ ૫
૧૫ ,, ધર્મનાથ	વૈશાખ સુદ ૭	મહા સુદ ૩	મહા સુદ ૧૩	પોષ સુદ ૧૫	જેઠ ,, ૫
૧૬ ,, શાંતિનાથ	શ્રાવણ વદ ૭	વૈશાખ વદ ૧૩	વૈશાખ વદ ૧૪	પોષ ,, ૯	વૈશાખ વદ ૧૩
૧૭ ,, કુંથુનાથ	અષાડ ,, ૯	ચૈત્ર ,, ૧૪	ફાગણ ,, ૫	ચૈત્ર ,, ૩	ચૈત્ર ,, ૧
૧૮ ,, અરનાથ	ફાગણ સુદ ૨	માગસર સુદ ૧૦	માગસર સુદ ૧૧	કાર્તિક ,, ૧૨	માગસર સુદ ૧૦
૧૯ ,, મલ્લિનાથ	ફાગણ ,, ૪	માગસર ,, ૧૧	માગસર ,, ૧૧	માગસર સુદ ૧૧	ફાગણ ,, ૧૨
૨૦ ,, મુનિસુવ્રત	શ્રાવણ ,, ૧૫	વૈશાખ વદ ૮	ફાગણ ,, ૧૨	મહા વદ ૧૨	વૈશાખ વદ ૯
૨૧ ,, નમિનાથ	આસો ,, ૧૫	અષાડ ,, ૮	જેઠ વદ ૯	માગસર સુદ ૧૧	ચૈત્ર ,, ૧૦
૨૨ ,, અરિષ્ટનેમિ	આસો વદ ૧૨	શ્રાવણ સુદ ૫	શ્રાવણ સુદ ૬	ભાદરવા વદ ૦))	અષાડ વદ ૮
૨૩ ,, પાર્શ્વનાથ	ફાગણ ,, ૪	માગસર વદ ૧૦	માગસર વદ ૧૧	ફાગણ ,, ૪	શ્રાવણ ,, ૮
૨૪ ,, મહાવીર	અષાડ સુદ ૬	ચૈત્ર સુદ ૧૩	કાર્તિક [illegible]	[illegible]	[illegible]

ધર્મતત્ત્વનું સ્વરૂપ

दुर्गतिं प्रपतत्जंतून् धारयति इति धर्मः

દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણ કરી રાખે એટલે કે દુર્ગતિમાં પડતા અટકાવે તે ધર્મ.

હિંસા એ જીવોને દુર્ગતિમા પટકે છે માટે તે અધર્મ છે અને અહિંસા એ સદ્‌ગતિની સાધનારી છે માટે તે ધર્મ છે. वत्थु सहावो धम्मो વસ્તુમાત્રનો મૂળ સ્વભાવ તે તેનો "ધર્મ" છે. આત્માનો સ્વભાવ જ્ઞાન, દર્શન, ચારિત્ર એજ વસ્તુતઃ ધર્મ છે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પણ વ્યવહારથી ધર્મ છે. અહિંસાના પાલન વિના કે શ્રી જિનેશ્વર ભગવંત તથા સદ્‌ગુરૂની સેવાભક્તિ વિના જ્ઞાનાદિ ધર્મની પ્રાપ્તિ થતી નથી તેથી અહિંસાદિ અને દેવગુરૂભક્તિ આદિ પણ ધર્મ છે.

આજે જગતમા દરેક દર્શન પોતપોતાની માન્યતા અનુસાર ધર્મની વ્યાખ્યા કરે છે અને અન્યના મતનું ખંડન કરીને તેને અધર્મ તરીકે ઓળખાવે છે. આવા દુષમ કાળમાં સત્યધર્મના જિજ્ઞાસુઓએ પરીક્ષા દ્વારા સત્યધર્મને ઓળખી અને તેની આરાધનામાં તત્પર બનવું જોઈએ જેથી સ્વપરનું શ્રેય સાધી મહામૂલા આ માનવજન્મને સફળ બનાવી શકાય.



(પાછળના પાનાથી ચાલુ)

સદ્‌ગુરૂની મૂર્તિ ગુણસ્થાન ચઢવામા સહાયક બને છે. સદ્‌ગુરૂનું વચન એ મહામંત્ર બને છે, અને "સદ્‌ગુરૂની કૃપા" એજ મોક્ષનું મૂળ કારણ છે

ध्यान मूलं गुरुर्मूर्तिः पूजामूलं गुरु पादौ ।
मंत्रमूलं गुरुर्वाक्यं मोक्षमूलं गुरुकृपा ॥

આ પ્રમાણે ઉપરોક્ત ગુણોના ધારક સદ્‌ગુરૂની સેવાભક્તિ એ મોક્ષ-સાધનાનું પરમ અંગ છે

શ્રાવકની દિનચર્યા

(૧) પ્રથમ નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક જાગૃત થઈ આત્મ પોતાના કુલધર્મ, નિયમ, વ્રત વિગેરેને યાદ કરે. હું જૈન કુળમાં જન્મેલ છું. જૈનધર્મ એજ મારો ધર્મ છે પ્રભુપૂજા, પ્રતિક્રમણ વિગેરે નિયમ અને પ્રાણાતિપાત વિરમણવ્રત આદિ મારે ગ્રહણ કરેલા છે માટે....

(૨) વિધિપૂર્વક પ્રતિક્રમણ કરી, પવિત્ર થઈ દેરાસરમાં બિરાજીત જિનપ્રતિમાની પૂજા કરી યથાશક્તિ પચ્ચક્ખાણ કરે.

(૩) ત્યારબાદ સ્વધર્મનું પાલન થાય તેવી રીતે વ્યવહાર શુદ્ધિપૂર્વક–રાજવિરૂદ્ધ, દેશાવિરૂદ્ધ વ્યવહાર વિગેરેનો ત્યાગ કરી માતાપિતાદિ પ્રતિ ઉચિતવૃત્તિનું પાલન કરવા પૂર્વક ધન ઉપાર્જન કરવા માટે ઉદ્યમ કરે.

(૪) મધ્યાન્હે (બપોરે) જિનમંદિરમાં પૂજા કરી, સુપાત્રને દાન આપી, ભોજન કરે પછી ગીતાર્થ ગુરૂ પાસે જઈ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે. (ગીત=સૂત્ર તેના અર્થના જાણનારા તે ગીતાર્થ)

(૫) સંધ્યા સમયે ફરી જિનપૂજા કરી (આરતી મંગલ દીવો ઉતારે), પ્રતિક્રમણ કરે અને મુનિઓની ભક્તિ-સેવા કરી સ્વાધ્યાય કરે. ત્યારબાદ ઘેર આવી કુટુંબીઓને ધર્મનું સ્વરૂપ સમજાવી પ્રાયઃ અબ્રહ્મ (મૈથુન) થી વિરત થઈ [illegible] અલ્પનિદ્રા કરે અને જાગે ત્યારે શરીરાદિની મલિનતા વિગેરેનું ચિંતન કરે

(૭) **અશઠ** : વિશ્વાસનું પાત્ર, પ્રશંસાને યોગ્ય અને ભાવથી ધર્મ કરનારો હોય. આડબરી, માયાવી, કડ પ્રપંચવાળો ન હોય. વાણી, વિચાર અને વર્તનમાં સરળતા અને નિર્મળતાના ભાવ હોય.

(૮) **દાક્ષિણ્ય** : કોઇની પણ ઉચિત પ્રાર્થનાનો અનાદર ન કરે. સ્વકાર્ય છોડીને પણ આવેલ દુઃખીનો સહાયક બને. પરોપકારી હોય પરોપકાર એજ સ્વઉપકારનું નિમિત્ત છે એવી સમજવાળો.

(૯) **લજ્જાળુ** : અયોગ્ય કાર્યો કરતાં લજ્જા પામનારો, સદાચાર આચરનારો અને અયોગ્ય કાર્ય થઇ જાય તો પશ્ચાત્તાપ કરનારો હોય.

(૧૦) **દયાળુ** : દયા એ ધર્મનું મૂળ છે એમ સમજી મન, વચન અને કાયા વડે અહિંસક ભાવનાથી જીવન જીવવા પ્રયત્નશીલ રહે અને દુઃખી, દરિદ્રી, ધર્મહીન પ્રાણીઓ પ્રત્યે પણ દયા ધારણ કરનારો હોય

(૧૧) **માધ્યસ્થ સૌમ્યદષ્ટિ** : તીવ્ર રાગદ્વેષથી રહિત હોય. નિષ્પક્ષપાતી, શાંત મુદ્રાવાળો તથા સ્તુતિ અને નિંદા બેઉ તરફ સમાન દષ્ટિ રાખનારો સત્યનો આગ્રહ હોય.

(૧૨) **ગુણાનુરાગી** : ગુણી જનોના ગુણ પ્રત્યે આદર બહુમાનવાળો હોય અન્યના દોષો પ્રત્યે ઉપેક્ષાવાળો, પ્રાપ્તગુણની રક્ષા કરવાવાળો તથા નવા ગુણની પ્રાપ્તિમાં ઉદ્યમવાળો હોય. ગુણદષ્ટિ જીવનને ઉર્ધ્વગતિ તરફ લઇ જાય છે જ્યારે દોષદષ્ટિ જીવનને અધોગતિ તરફ લઇ જાય છે.

(૧૩) **સત્કથ** : ધર્મકથાની રૂચિવાળો અને વિકથામાં અરૂચિવાળો હોય. વિકથા એટલે રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભક્ત (ભોજન) કથા.

(૧૪) **સુપક્ષયુક્ત** : જેના સ્નેહીઓ, સ્વજનો (કુટુંબીઓ) અને પાડોશીઓ ધર્માનુરાગી હોય. હીનનો સંગ કદાપિ ન કરે

(૧૫) **દીર્ઘદર્શી** : પ્રત્યેક કાર્ય વિવેકપૂર્વક, શુભાશુભ પરિણામનો વિચાર કરીને કરનારો હોય આલોક તથા પરલોક હિત પર હંમેશા ચિંતન કરે

(૧૬) **વિશેષજ્ઞ** : ધર્મના વિશેષ સ્વરૂપને (પૂજા સામાયિક ઇત્યાદિ) સૂક્ષ્મ રીતે જાણનારો હોય વસ્તુના ગુણ-દોષ તારવી શકે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન વડે ધર્મના મર્મને પામેલો હોય

(૧૭) **વૃદ્ધાનુગ** : જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, ચારિત્રવૃદ્ધ અને વયોવૃદ્ધ એવા ગુરુઓની સેવા કરનારો હોય તેમની શિખામણને અનુસરનારો તથા એમણે બતાવેલ મર્યાદાઓનું પાલન કરનારો હોય

◇ શ્રાવકના ૩૬ કર્તવ્યો ◇

(૧) શ્રી તીર્થંકર પ્રભુની આજ્ઞા માનવી. (૨) મિથ્યાત્વનો ત્યાગ કરવો. (૩) સમ્યક્ત્વ ધારણ કરવું. (૪-૯) સામાયિક આદિ છ આવશ્યક ક્રિયામાં ઉદ્યમશીલ રહેવું. (૧૦) અષ્ટમી, ચતુર્દશી આદિ પર્વતિથિઓમાં પૌષધવ્રત લેવું. (૧૧) સુપાત્રદાન દેવું (૧૨) બ્રહ્મચર્ય પાળવું. સદાચાર રાખવો. (૧૩) બાહ્ય તથા અભ્યંતર તપ કરવો. (૧૪) મૈત્રીભાવના આદિ શુદ્ધ ભાવ રાખવા (૧૫) પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો. (૧૬) નમસ્કાર મંત્રનુ સ્મરણ કરવુ. (૧૭) પરોપકાર કરવો. (૧૮) યતના-જયણા પાળવી-દયા રાખવી. (૧૯-૨૦) જિનેશ્વરની સ્તુતિ તથા પૂજા કરવી. (૨૧) ગુરૂની સ્તુતિ કરવી (૨૨) સાધર્મિક ભાઈઓની ભક્તિ કરવી. (૨૩) સર્વ વ્યવહાર શુદ્ધ રાખવો. (૨૪) રથયાત્રા કાઢવી. (૨૫) તીર્થયાત્રા કરવી. (૨૬) ક્ષમા રાખવી. (૨૭) સત્યાસત્યની પરીક્ષા કરવી. (૨૮) સંવરની કમાણી કરવી. (૨૯) બોલવામા સાવધાની રાખવી. ભાષા સમિતિનુ પાલન કરવુ તથા વચનગુપ્તિનો ઉપયોગ રાખવો. (૩૦) છ કાયના જીવો પ્રત્યે કરૂણાવત બનવું. (૩૧) ધાર્મિક મનુષ્યોનો સંગ કરવો. (૩૨) ઈંદ્રિયોનુ દમન કરવું. (૩૩) ચારિત્ર લેવાના ભાવ રાખવા. (૩૪) સંઘ ઉપર બહુમાન રાખવું. (૩૫) ધાર્મિક પુસ્તકો લખાવવા. (૩૬) તીર્થની (શાસનની) પ્રભાવના કરવી.

આનો વિશેષ અર્થ ગુરૂ મહારાજ પાસે "મન્નહ જિણાણમાણં" સજ્ઝાયમાંથી શીખી લેવો.

શ્રાવકના જન્મકૃત્યો

દુર્લભ એવા માનવભવમા શ્રાવકને કરવા યોગ્ય જન્મ કૃત્યો:—

(૧) ચૈત્ય કરાવવુ-જુના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવો. (૨) જિનપ્રતિમા ભરાવવી (૩) પ્રતિષ્ઠા કરાવવી (૪) પુત્રાદિને દીક્ષા અપાવવી. (૫) ગુરૂને "આચાર્ય" પદ વગેરે પદે સ્થાપના કરવી. (૬) ધર્મગ્રંથો લખાવવા-લખાવવા, વાંચવા-વંચાવવા (૭) પૌષધશાળાદિ કરાવવા.

(૨) આ શરીર એ પૌદ્ગલિક પદાર્થોથી બનેલું છે, માટે એ મારૂ નથી. તો પછી આ સ્નેહી, સ્વજન, માલમિલ્કત વિગેરે બાહ્ય વસ્તુઓ તો મારી હોય જ શાની ? માટે તેના ઉપર મમતા કે આસક્તિ રાખીશ નહિ તેમ જ ધનાદિ ઉપાર્જન કરવામા અન્યાય, અનીતિ કે અકાર્ય કરીશ નહિ.

(૩) સંસારમાં પ્રાપ્ત થતા અનેક પ્રકારના સુખ-દુઃખ એ શુભાશુભ કર્મનું જ ફળ હોવાથી સુખમાં આસક્ત કે દુઃખમાં દીન ન બનતાં સમભાવને જ ધારણ કરીશ.

(૪) મારી જેમ જગતના સર્વ જીવોને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. મને જેમ જીવવું ગમે છે તેમ બધાને જીવવું ગમે છે. મરવું કોઇને ગમતું નથી. એમ જાણીને સર્વ જીવોને પોતાની સમાન સમજી તેઓની પ્રાણરક્ષા કરવા પ્રયત્ન કરીશ. તેમને કોઈ પ્રકારની પીડા થાય તેવી પ્રવૃત્તિઓથી દૂર રહીશ અને સર્વના દુઃખ દૂર થાઓ, સર્વને સાચું સુખ મળો એવી સુંદર ભાવનાથી ચિત્તને નિર્મલ બનાવીશ.

(૫) સત્યસુખ અને શાંતિ આત્માની અંદર જ છે. આજ સુધી અજ્ઞાનવશ હું બાહ્ય પદાર્થોમાં સુખ માની તેને મેળવવા તનતોડ પ્રયત્નો કરતો હતો પણ હવે મને સાચી દૃષ્ટિ પ્રાપ્ત થઇ ગઇ છે કે "સુખ, શાંતિ અને પૂર્ણ આનંદ તો આત્મામા જ છે." માટે તેને મેળવવા સંવર અને નિર્જરા તત્ત્વમાં બતાવેલ સદુપાયોનુ આચરણ કરીશ જેથી આ જીવનમાં જ મને સત્યસુખ અને શાંતિનો અનુભવ થાય.

परस्पृहा महादुःखं, निस्पृहत्वं महासुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥


(જ્ઞાનસાર)

પરપદાર્થોની સ્પૃહા એ જ મહાદુઃખ છે અને તેની નિસ્પૃહા એ જ મહાસુખ છે. સુખી બનવાની આ સાચી ચાવી છે એ સૂત્રને મંત્રની જેમ જપીને નિસ્પૃહ જીવન જીવવા સદા પ્રયત્નશીલ રહીશ.

આવી આવી આત્મહિતકર સુંદર વિચારણાઓ તત્ત્વજ્ઞાનના અધ્યયન-મનન અને પરિશીલન વિના અન્ય કોઇ ભૌતિક જ્ઞાન-વિજ્ઞાનના અભ્યાસથી ઉત્પન્ન થઇ શકતી નથી. માટે દરેક તત્ત્વજિજ્ઞાસુએ નવતત્ત્વાદિના અભ્યાસથી જૈન ધર્મનુ સૂક્ષ્મ રહસ્યમય સ્વરૂપ સમજી જીવનમાં તેનુ યથાશક્તિ પાલન કરવા દ્વારા સ્વ-પરનૂ શ્રેય સાધવું જોઇએ અને અમૂલ્ય માનવજીવનને સફળ બનાવવો જોઇએ.

卐卐

અમીસ્નાન !



અમીસ્નાન !

અમી સ્નાન !

ઉનાળામાં સખત ઉકળાટ અને ગરમી સહન કર્યા પછી જ્યારે એકાએક શીતળ પવન ફૂંકાતાં, વાદળાઓ વરસી પડે છે એટલે શેરીમાં નહાવા અને નાચવાનો બાળકોને ખૂબ જ આનંદ આવે છે !

બાલ્યકાળમાં આવો આનંદ લૂંટીને શાંતિનો અનુભવ કર્યાની યાદ આપણને સૌને હશે જ.

સંસાર દાવાનળમાં સળગતા આત્માને આવી પરમ શાંતિનો અનુભવ કેમ થઇ શકે ?

પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના વાત્સલ્યપૂર્ણ નયનોમાંથી સતત વર્ષતા કરૂણારૂપી અમૃતરસના ધોધમાં હૃદયને સ્નાન કરાવીએ તો પરમ શાંતિનો જરૂર અનુભવ થઇ શકે !

સદ્‌ગુરૂવર્યો પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી આનું વિશેષ રહસ્ય સમજવા જરૂર પ્રયત્ન કરવા ભાવના રાખશો.

મોક્ષ માળ !

કેવી સુંદર અને આકર્ષક લાગે છે
આ મોક્ષ માળ !

તમને ગમી ખરી ?

હાં.........તો શિવરમણી આ મઝાની માળ વડે આપનો સત્કાર કરવા તમારી સામે તૈયાર જ ઉભી છે '

ફક્ત એની શરત તમે પૂરી કરો એટલે બસ.
તમારા બધા મનોરથ પૂરા કરી દેશે !

આત્મ સ્નાન !

ઉનાળામાં સખત ઉકળાટ અને ગરમી સહન કર્યા પછી જ્યારે એકાએક શીતળ પવન ફૂંકાતાં, વાદળાઓ વરસી પડે છે એટલે શેરીમાં નહાવા અને નાચવાનો બાળકોને ખૂબ જ આનંદ આવે છે !

બાલ્યકાળમાં આવો આનંદ લૂંટીને શાંતિનો અનુભવ કર્યાની યાદ આપણને સૌને હશે જ.

સંસાર દાવાનળમાં સળગતા આત્માને આવી પરમ શાંતિનો અનુભવ કેમ થઇ શકે ?

પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતના વાત્સલ્યપૂર્ણ નયનોમાંથી સતત વર્ષતા કરૂણારૂપી અમૃતરસના ધોધમાં હૃદયને સ્નાન કરાવીએ તો પરમ શાંતિનો જરૂર અનુભવ થઇ શકે !

સદ્‌ગુરૂવર્યો પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી આનું વિશેષ રહસ્ય સમજવા જરૂર પ્રયત્ન કરવા ભાવના રાખશો.

મોક્ષ માળ !

કેવી સુંદર અને આકર્ષક લાગે છે
આ મોક્ષ માળ !

તમને ગમી ખરી ?

હા,.........તો શિવરમણી આ મઝાની માળ વડે આપનો સત્કાર કરવા તમારી સામે તૈયાર જ ઉભી છે !

ફક્ત એની શરત તમે પુરી કરો એટલે બસ.
તમારા બધા મનોરથ પુરા કરી દેશે !